દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 160 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 July 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૮ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુરતમાં વરસાદની વચ્ચે રોગચાળો વકર્યો

## ૧૨ દિવસમાં ૧૦ લોકોનાં મોત

સુરતઃ ગુજરાત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા મૂકીને વરસ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૪૮ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે, પરંતુ ધીમે ધીમે રાજ્યમાં વરસાદજન્ય બીમારીનું પ્રમાણ વધી રહ્યું છે. ડાયમંડ સિટી સુરતમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળો વકર્યો છે. સરકારી હૉસ્પિટલમાં પણ દર્દીઓથી ઊભરાઈ રહી છે, જેમાં છેલ્લા ૧૨ દિવસમાં ઝાડા-ઊલટી અને તાવથી બાળકો સહિત ૧૦નાં મોત થયાં હતા.

ચોમાસાની ઋતુને કારણે મલેરિયા, ડેન્ગ્યૂ, ઊલટી-ઝાડા, શરદી-ખાંસી, તાવ જેવા મોસમી રોગોથી પીડાતા દર્દીઓની સંખ્યામાં વધારો થયો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે નવી સિવિલ હોસ્પિટલ ઓપીડીમાં દરરોજ ૧૦થી ૧૨ ટકા વધુ કેસ આવી રહ્યા છે. જો સતત વરસાદ ચાલુ રહેશે તો આગામી દિવસોમાં મોસમી રોગોનાં કેસમાં વધારાને શક્યતા નકારી શકાય નહીં.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, હવામાનમાં ફેરફારની અસર હવે લોકો પર દેખાઈ રહી છે, જેના કારણે મોસમી રોગોથી પીડાતા દર્દીઓની સંખ્યામાં ૧૦થી ૧૨ ટકાનો વધારો થયો હતો. થોડા દિવસો પહેલા ભારે વરસાદને કારણે શહેરના કેટલાક વિસ્તારોમાં ઘરો અને દુકાનોમાં ખાડીનું પાણી પ્રવેશ્યાં હતાં. સોસાયટીઓ જળબંબાકાર થઈ ગઈ હતી. પાણી ભરાવાથી મચ્છરજન્ય રોગો વધી રહ્યા છે. મલેરિયા અને ડેન્ગ્યૂ ઉપરાંત, વરસાદ દરમિયાન હેપેટાઇટિસ, ટાઈફોઈડ, કમળો અને તીવ્ર ગેસ્ટ્રો અને ચામડી પર ખંજવાળના દર્દીઓ પણ મોટી સંખ્યામાં વધ્યા છે.

સુરતમાં સોમવારે શરૂ થયેલી વરસાદની ઈનિંગ્સે ફરી એક વખત પાલિકાની પોલ ખોલી હતી. સુરતમાં રવિવારે માત્ર બેથી અઢી ઇંચ પડેલા વરસાદ સામે પાલિકાની ડ્રેનેજ સિસ્ટમ ફેલ થઈ હતી. આજે પણ વરસાદના કારણે સુરત નવસારીને જોડતા ભેસ્તાન રોડ પર નદી વહી, કતારગામ, ડિંડોલી, વીઆઈપી રોડ સહિત અનેક વિસ્તારો પાણી પાણી થઈ ગયા હતા. શહેરના અનેક વિસ્તારોમાં પાણીનો ભરાવો થતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વધતા વરસાદ વચ્ચે પણ પાલિકા પ્રશાસનની વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા થયા છે, જેમાં રસ્તાઓની બિસ્માર હાલત ઊભી થઈ છે.

# કચ્છ પર મેઘરાજા ઓળઘોળ

## સર્વત્ર વાવણીલાયક વરસાદથી કચ્છીઓ ખુશ

ભુજ: બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમના પગલે બારેમેઘ ખાંગા જેવી ધીંગી અષાઢી મહેર રાજ્યભરમાં થઇ રહી છે ત્યારે અત્યાર સુધી સાર્વત્રિક મેઘકૃપાથી વંચિત રહેલું કચ્છ માત્ર એકજ દિવસમાં ત્રણથી છ ઇંચ જેટલા ભારે વરસાદમાં ધમરોળાતાં સર્વત્ર જળબંબાકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે અને લોકો હવે ઉઘાડ નીકળવાની પ્રતિક્ષા કરી રહ્યા છે.

આગામી સાતમ-આઠમના મહાપર્વની ઉજવણી મેઘરાજા જાણે કચ્છમાં કરવાના હોય તેમ જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ગત રવિવારના રાતના આઠ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી અવિરતપણે વરસેલા વરસાદે છ ઇંચ જેટલું પાણી વરસાવી દેતાં સર્વત્ર જળભરાવની પરિસ્થિતિ ઊભી થઈ છે. શહેરની ઓળખસમાં હમીરસર તળાવમાં પણ જોશભેર નવા નીરની આવક થતાં ભુજવાસીઓમાં આનંદ ફેલાયો છે. ગોરંભાયેલા માહોલ વચ્ચે આકાશમાંથી અવિરત પાણી વરસી રહ્યું હોઈ માર્ગો પર પણ ચહલ પહલમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ નવા વરસાદી રાઉન્ડમાં અવિરતપણે વરસેલા વરસાદથી આ સૂકા રણપ્રદેશની જીવાદોરી સમાન મોટાભાગના ડેમ-તળાવોમાં નોંધપાત્ર નવા નીરની આવક થઇ છે. બંદરીય માંડવીનો વિજયસાગર ડેમ, વેગડી ડેમ,અબડાસાનો કંકાવટી અને બેરાચીયા ડેમ ઓવરફ્લો થયા છે. આ ઉપરાંત પાવરપટ્ટીના ગ્રામ્ય પંથકો માટે મહત્ત્વનો એવો ઝુરાનો કાયલા ડેમ પણ ઓગની જવા પામ્યો છે. ભાતીગળ બન્ની-પચ્છમ,પ્રાંથળ અને ખડીર,રાપર ઉપરાંત લખપત તાલુકામાં વીતેલા ૨૪ કલાક દરમ્યાન અનરાધાર ત્રણથી ચાર ઇંચ જેટલી મહેર થઇ છે તેમજ ભાતીગળ બન્ની પંથકમાં ભારે વરસાદથી અનેક વાંઢોમાં જળભરાવની સ્થિતિ ઊભી થતાં માલધારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. કેટલાક મધ્યમ સિંચાઇના ડેમમાં પાણીની આવક વધતાં નજીકના ગામોને એલર્ટ પર મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત કાળાડુંગર અને તેની આસપાસના વિસ્તારોમાં અઢી ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. પ્રાંથળના બેલા, મૌવાણા, ધબડા, શીવગઢ, લોદ્રાણી, શીરાનીવાંઢ,બાલાસર સહિતના ગામોમાં રાત્રી દરમ્યાન બેથી થી સાડા ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાનું જાણવા મળ્યું છે. ખડીરના રતનપર, જનાણ, અમરાપર, કલ્યાણપર, ધોળાવીરા, ખારોડા સહિતના ગામોમાં વરુણદેવે વાવણી લાયક વરસાદ વરસાવી દેતાં આ પંથકને ન્યાલ કરી દીધો છે. પુરાતન શહેર ધોળાવીરામાં પણ બે ઇંચ જેટલો વરસાદ પડતાં અહીંની હડપ્પન કાળની વસાહતોમાં પાણી ભરાઈ ગયા છે.

બંદરીય શહેર માંડવી તેમજ ઔદ્યોગીક હબ મુંદરા વિસ્તારમાં પણ સતત મેઘકૃપા વરસી રહી છે. ગત મોડી સાંજથી મેઘરાજા ધીમીધારે હેત વરસાવી રહ્યા હોઈ આ પંથકમાં બેથી ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ચુકયો છે. કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ તેમજ અંજારમાં પણ રાત્રીથી શરૂ થયેલો ઝાપટાઓનો દોર આજે સવારે પણ જોવા મળ્યો છે. સમયાંતરે હળવાથી મધ્યમ ઝાપટાં રૂપે મેઘરાજાએ હાજરી પુરાવાનું જારી રાખતા માર્ગો પર ખાડાઓમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે.

વાગડ પંથકના ભચાઉ શહેર અને તાલુકામાં રાત્રી દરમ્યાન ઝરમરીયા રૂપે મેઘરાજાએ હાજરી પુરાવી હતી. જો કે આજ સવારથી ભારે ઝાપટાંઓ વરસવાના શરૂ થતાં દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો.

દરમ્યાન, ભુજમાં આ વર્ષે અત્યારસુધીમાં ૩૦૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે જયારે સૌથી વધારે નખત્રાણા પંથકમાં ૩૫૪ મિ.મી. મેઘ વરસ્યો છે. ગાંધીધામમાં ૩૩૩ મિ.મી, અન્ય તાલુકાઓ લખપતમાં ૧૭૬ મિ.મી. રાપરમાં ૨૩૦, ભચાઉમાં ૧૮૭, અંજારમાં ૧૭૭ મિ.મી, માંડવીમાં ૩૩૨, અબડાસામાં ૧૩૫ અને બંદરીય મુંદરામાં ૩૧૯ મિ.મી. વરસાદ વરસ્યો છે. હજુ પણ માહોલ ગોરંભાયેલો હોઈ, હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી ચાર દિવસ માટે અતિભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.

## હિમાચલ બાદ ઉત્તરાખંડમાં પણ વરસાદનો કેર

# કેદારનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી

સોનપ્રયાગ : દેશમાં આ વર્ષે ચોમાસાની તોફાની શરૂઆત થઇ છે. જેમાં બે પહાડી રાજ્યો હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદે ભારે તબાહી સર્જી છે. જેમાં વરસાદની સાથે સાથે વાદળ ફાટવાની અને ભૂસ્ખલનની ઘટનાઓ પણ બની છે. જયારે કેદારનાથ યાત્રા ભારે વરસાદના પગલે કામ ચલાઉ રીતે સ્થગિત કરવામાં આવી છે. સોનપ્રયાગ અને ગૌરીકુંડમાં યાત્રિકોને રોકવામાં આવ્યા છે. હવામાન વિભાગે આજે રુદ્રપ્રયાગ અને ચમોલી જિલ્લામાં વરસાદની ચેતવણી જાહેર કરી છે.

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અલકનંદા નદીમાં પાણીનું સ્તર વધ્યું છે. જોકે, નદી હજુ પણ ખતરાના નિશાનથી નીચે વહી રહી છે. ભૂસ્ખલન બાદ બદ્રીનાથ જવાનો રસ્તો પણ બંધ કરી દેવામાં આવ્યો છે. જ્યારે ગૌરીકુંડમાં કાટમાળ હટાવવાનું કામ ચાલુ છે. જેથી યાત્રા ફરી શરૂ કરી શકાય.

ઉત્તરાખંડમાં આ દિવસોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. આ કારણે ભૂસ્ખલનની ઘટનાઓ પણ પ્રકાશમાં રહી છે. તાજેતરમાં ભારે વરસાદને કારણે સોનપ્રયાગમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં કેદારનાથથી પરત ફરી રહેલા ૪૦ થી વધુ શ્રદ્ધાળુઓ ફસાયા હતા. જોકે, બાદમાં સોનપ્રયાગ ભૂસ્ખલન વિસ્તાર નજીક ફસાયેલા ૪૦ શ્રદ્ધાળુઓને એસડીઆરએફ દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા.

કેદારનાથ યાત્રા હિન્દુ ધર્મમાં એક મહત્ત્વપૂર્ણ યાત્રા છે. જે ઉત્તરાખંડ રાજ્યમાં સ્થિત કેદારનાથ મંદિરમાં કરવામાં આવે છે. આ મંદિર ભગવાન શિવને સમર્પિત છે અને ચારધામ યાત્રા (યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ) નો ભાગ છે. કેદારનાથ મંદિર હિમાલયની તળેટીમાં ૩૫૮૩ મીટરની ઊંચાઈ પર આવેલું છે અને તેને ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક માનવામાં આવે છે.




**શિખર પરિષદઃ** રિયો ડિ જાનેરોમાં યોજાયેલી બ્રિક્સ શિખર પરિષદમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના પ્રમુખ લૂઇસ ઈનાસિઓ ડા સિલ્વા રવિવારે હાજર રહ્યા હતા. (એજન્સી)

# ટેક્સાસમાં પૂર : મૃત્યુઆંક ૮૦ને પાર



**પૂરઃ** ટેક્સાસના હન્ટમાં રવિવારે ગ્વાદાલૂપે નદીમાં પૂર આવતાં બચાવ કામગીરીમાં સહાય કરી રહેલા અધિકારીઓ. (એજન્સી)

કેરવિલે : મધ્ય ટેક્સાસમાં સોમવારથી આવેલાં જીવલેણ પૂરનું જોખમ હજુ પણ ઊંચું છે, પૂરમાં ઉનાળાના શિબિરોના બાળકો સહિત ઓછામાં ઓછા ૮૨ લોકોનાં મોત થયાં બાદ ક્રૂ તાત્કાલિક ગુમ થયેલા લોકોની શોધ કરી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃત્યુઆંક વધવાની ખાતરી છે.

કેર કાઉન્ટી શેરિફ લેરી લીથાએ જણાવ્યું હતું કે, ઘણા સમર કેમ્પ ધરાવતા હિલ કન્ટ્રી વિસ્તારમાં, શોધકર્તાઓને ૧૮ બાળક સહિત ૬૮ જણના મૃતદેહ મળ્યા છે.

સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રેવિસ, બર્નેટ, કેન્ડલ, ટોમ ગ્રીન અને વિલિયમસન કાઉન્ટીમાં દસ અન્ય મૃત્યુ નોંધાયા છે.

રાજ્યપાલે ચેતવણી આપી હતી કે મંગળવાર સુધી ભારે વરસાદના ઝાપટાં ખાસ કરીને પહેલાથી જ ભરાયેલા સ્થળોએ વધુ ખતરનાક પૂર લાવી શકે છે .

થોડા માઇલ દૂર, સાપથી ભરેલા પડકારજનક ભૂપ્રદેશમાંથી બચાવકર્તાઓએ ગુમ થયેલા લોકોની શોધ ચાલુ રાખી હતી, જેમાં ૧૦ છોકરી અને કેમ્પ મિસ્ટિકના કાઉન્સેલરનો સમાવેશ થાય છે, જે એક સંપૂર્ણ છોકરીઓ માટેનો સમર કેમ્પ હતો, જેને ભારે નુકસાન થયું હતું.

ગવર્નર ગ્રેગ એબોટે જણાવ્યું હતું કે રાજ્યભરમાં ૪૧ લોકો ગુમ છે અને વધુ ગુમ હોય શકે છે.

કેર કાઉન્ટીના રહેવાસીઓએ શુક્રવારે મોડી રાત્રે ઝડપથી વધી રહેલા ભયાનક પૂરના પાણીમાંથી બચવાના સમયનું વર્ણન કરતા કાદવ સાફ કરવાનું અને તેમની તોડી પાડવામાં આવેલી મિલકતોમાંથી શક્ય તેટલું બચાવવાનું વર્ણન કર્યું હતું.

રીગન બ્રાઉને જણાવ્યું હતું કે તેના માતાપિતા, હન્ટ શહેરમાં તેમના ઘરમાં પાણી ભરાઈ ગયા ત્યારે ચઢાવ પર ભાગી છૂટવામાં સફળ રહ્યા. જ્યારે દંપતીને ખબર પડી કે તેમની ૯૨ વર્ષીય પાડોશી મહિલા તેના એટિકમાં ફસાઈ ગયો છે, ત્યારે તેઓ પાછા ગયા અને તેને બચાવી હતી.

''પછી તેઓ ઉંચી જમીન પર તેમના ટૂલશેડ સુધી પહોંચી શક્યા, અને વહેલી સવાર દરમિયાન પડોશીઓ તેમના ટૂલશેડ પર દેખાવા લાગ્યા, અને તેઓ બધા સાથે મળીને ત્યાંથી બહાર નીકળ્યા,'' એમ બ્રાઉને કહ્યું હતું.

રવિવાર સવારથી પરિવારોને કેમ્પની આસપાસ જવાની મંજૂરી આપવામાં આવી હતી. એક છોકરી મોટી ઘંટડી લઈને ઇમારતમાંથી બહાર નીકળી હતી. એક વ્યક્તિ જેની પુત્રીને કેમ્પના સૌથી ઊંચા સ્થળે આવેલી કેબિનમાંથી બચાવી લેવામાં આવી હતી. ■

## ઈન્ટરનેટનો સૌથી મોટો ડેટા લીક

# ૧૬ અબજથી વધુ પાસવર્ડ ચોરાયા

મુંબઈઃ ઈન્ટરનેટ ક્રાંતિને કારણે લગભગ દરેક વ્યક્તિ સુધી ઈન્ટરનેટ પહોંચ્યું છે. આધુનિક યુગને 'ડેટા યુગ' કહેવામાં આવે છે. આ સાથે ડેટા લીક થવાની ચિંતા પણ સતત વધી રહી છે. એવામાં એક મેજર ડેટા બ્રીચ થયું હોવાના અહેવાલો પ્રકાશિત થયા છે. એહવાલ મુજબ ૧૬ અબજથી વધુ લોગિન ક્રેડેન્શિયલ લીક થઇ ગયા છે. જેની ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ગૂગલ અને એપલના યુઝર્સને અસર થઇ શકે છે. નિષ્ણાતો આ ડેટા બ્રીચને ઇન્ટરનેટ ઇતિહાસનો સૌથી મોટો ડેટા બ્રીચ ગણાવી રહ્યા છે.

અહેવાલ મુજબ વર્ષોની તૈયારી બાદ આ ડેટા

(જુઓ પાનું ૮) ▶▶

# બિહારના પુર્ણિયામાં ડાકણની શંકાથી એક જ પરિવારના પાંચને જીવતા સળગાવ્યા

પટણા : બિહારના પુર્ણિયાના ગામ ટેટગામામાં ડાકણ હોવાની શંકાથી એક જ પરિવારના પાંચ જણને જીવતા સળગાવી દીધા. આમાં બે મહિલા અને ત્રણ પુરુષનો સમાવેશ થાય છે. ગામમાં ભયનો માહોલ છે અને પોલીસ તપાસ કરી રહી છે. એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

આ ઘટના દિલને દ્રવી દેનારી છે. ડાકણની શંકાથી પરિવારના પાંચ સભ્યને મારપીટ કર્યા બાદ જીવતા સળગાવી દેવામાં આવ્યા.

આ બનાવ મુફફસિલ પોલીસ સ્ટેશન હેઠળના ટેટગામા ગામમાં નોંધાયો છે. મળતા અહેવાલ પ્રમાણે રામદેવ ઉરાંવના પુત્રનું ઝાડ-ફૂંક દરમિયાન મરણ થયું હતું અને બીજા પુત્રની તબિયત બગડી ગઈ. ત્યાર બાદ ગામવાળાઓએ મોત માટે ડાકણને જવાબદાર માનીને એક પરિવારને લક્ષ્ય બનાવ્યો. આરોપ છે કે બાબુલાલ ઉરાંવ, સીતા દેવી, મનજીત ઉરાંવ, રનિયા દેવી અને તપતો મોસમતની ગામના લોકોએ મારઝૂડ કરી અને પછી જીવતા સળગાવી દીધા. ઘટના પછી ગામમાં ભયનો માહોલ છે અને અનેક લોકો પોતાના ઘર છોડીને જતા રહ્યા છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચીને ડૉગ સ્કોવોડ અને ફોરેન્સિક ટીમની મદદથી તપાસ કરી રહી છે.

પોલીસે આ કેસમાં એક આરોપી નકુલ કુમારની ધરપકડ કરી છે. તેના પર ટોળાને કુટુંબને જીવતા સળગાવી દેવા માટે ઉશ્કેરવાનો આરોપ છે. આમાં બચી ગયેલા પરિવારના સભ્ય લલિત કુમારે માહિતી આપી હતી કે મારા આખા પરિવારને ડાકણ સમજીને જીવતો સળગાવી દેવામાં આવ્યો. ત્યાર બાદ મૃતદેહોને પાણીમાં ફેંકી દેવામાં આવ્યા.

એસપી સ્વીટી સહરાવટે જણાવ્યું હતું

(જુઓ પાનું ૮) ▶▶

# બ્રિકસની અમેરિકા વિરોધી નીતિઓ સાથે જોડાનારાં દેશો પર વધારાનો ૧૦ ટકા ટૅરિફ લાદવાની ટ્રમ્પની ધમકી

વૉશિંગ્ટનઃ બ્રિક્સ ગ્રૂપની અમેરિકાવિરોધી નીતિઓ સાથે જોડાનારાં દેશો પર વધારાનો ૧૦ ટકા ટૅરિફ લાદવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ધમકી આપી છે.

ટ્રમ્પનું નામ આપ્યા વિના ટૅરિફ વધારાને બ્રિક્સ ગ્રૂપે વખોડી કાઢ્યા બાદ ટ્રમ્પે આ ધમકી આપી હતી.

છ અને સાત જુલાઈએ યોજાયેલી બ્રિક્સની ૧૭મી શિખર પરિષદમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના નેતાઓએ ભાગ લીધો હતો.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં ટ્રમ્પે લખ્યું હતું કે બ્રિક્સ ગ્રૂપની અમેરિકાવિરોધી નીતિઓ સાથે જોડાનારાં દેશો પર વધારાનો

(જુઓ પાનું ૮) ▶▶

## વેપારી કરાર માટે ટ્રમ્પનું દબાણ

વૉશિંગ્ટનઃ ટ્રમ્પ વહીવટીતંત્ર બુધવારની સમયમર્યાદા અગાઉ વેપારી કરાર માટે ભાગીદાર દેશો પર દબાણ આણી રહ્યું છે અને વહેલામાં વહેલી તકે નવા કરાર પર સહી કરવા જણાવી રહ્યું છે.

ટ્રમ્પના ટોચના વેપારી સલાહકારોનું કહેવું છે કે ટ્રમ્પ સરકાર કરારની મુદત લંબાવે એવી શક્યતા છે, પરંતુ હાલને તબક્કે અન્ય દેશો પર આ મામલે દબાણ વધારી રહ્યું છે. વાટાઘાટ કરવાનું ક્યારે છોડી દેવું તેનો નિર્ણય ટ્રમ્પ લેશે, એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે જે દેશ વાટાઘાટ માટે તૈયાર હશે તેમને મુદત લંબાવી આપવામાં આવશે. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બર્મિંગમની જીત, રોહિત-વિરાટની ખોટ જરાય ના સાલી

**ભારતીય** ક્રિકેટ ટીમે બર્મિંગમના એજબેસ્ટન ગ્રાઉન્ડમાં બીજી ટેસ્ટ મેચમાં ઇંગ્લેન્ડને ૩૩૬ રનથી હરાવીને ઈતિહાસ રચી દીધો. ભારત અત્યાર લગી એજબેસ્ટનમાં કદી જીત્યું નહોતું. એજબેસ્ટનમાં રમાયેલી આઠ ટેસ્ટમાંથી ભારત સાત હાર્યું હતું અને એક મેચ ડ્રો રહી હતી તેથી ભારતની જીતની કોઈને આશા નહોતી પણ શુભમન ગિલની યુવા ટીમે બીજી ટીમો નહોતી કરી શકી એ કરીને ઈતિહાસ રચી દીધો. ૫૮ વર્ષમાં બર્મિંગમમાં પોતાનો પહેલો વિજય નોંધાવીને ભારતે પાંચ ટેસ્ટ મેચની સિરીઝ ૧-૧ થી બરાબર તો કરી જ પણ પોતાના ટેસ્ટ ઈતિહાસનો સૌથી મોટો વિજય પણ મેળવ્યો. ભારતે અગાઉ ૧૯૮૬માં લીડ્સમાં ઇંગ્લેન્ડ સામે ૨૭૯ રને મેળવેલી જીત રનની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી જીત હતી. હવે બર્મિંગમની જીત અત્યાર સુધીની સૌથી મોટી જીત બની છે.

ભારતની જીત એ રીતે મહત્ત્વની છે કે, ભારત એકદમ તરોતાજા અને યુવા ખેલાડીઓની બની ટીમની તાકાત પર જીત્યું છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા નિવૃત્ત થયા પછી ભારતીય બેટિંગનું શું થશે એવા નિસાસા નખાતા હતા પણ શુભમન ગિલ, રિષભ પંત, યશસ્વી જયસ્વાલ જેવા યુવા ખેલાડીઓએ સાબિત કર્યું છે કે, કોઈના વિના કશું અટકતું નથી. વિરાટ અને રોહિત હતા ત્યારે નહોતી મળી એવી જબરદસ્ત જીત ભારતે મેળવી છે. રોહિત અને વિરાટ જતાં ઝાડ પડ્યું ને જગા થઈ એવી હાલત છે.

બર્મિંગમની જીત એ રીતે પણ મહત્ત્વની છે કે ભારતે જસપ્રિત બુમરાહની ગેરહાજરીમાં ઈંગ્લેન્ડને પછાડ્યું છે. બુમરાહ ભારતીય બોલિંગનો કર્ણધાર છે અને અત્યારે જ નહીં પણ ભારતીય ક્રિકેટ ઈતિહાસના શ્રેષ્ઠ બોલરોમાંથી એક છે તેમાં બેમત નથી. છેલ્લા કેટલાંક વરસોથી તો વિદેશની ધરતી પર બુમરાહ જ ભારતને જીતાડતો રહ્યો છે પણ આ વખતે બુમરાહની ગેરહાજરીમાં ભારત જીત્યું એ મોટી વાત છે. ભારત માટે આ સારો સંકેત છે કેમ કે બુમરાહ વિના ભારત જીતી શકે તો બૂમરાહ હોય તો ભારત વર્લ્ડ ચેમ્પિયન પણ બની શકે.

ભારતીયોની માનસિકતા ટીમ સ્પિરિટની નહીં પણ વ્યક્તિગત જશ ખાટવાની ને આપવાની છે. બર્મિંગમની જીતમાં પણ એ જ માનસિકતા બતાવીને શુભમન ગિલને હીરો બનાવીને સૌ તેના પર વરસી રહ્યા છે પણ આ જીત માત્ર શુભમન ગિલની નથી. બીજી ટેસ્ટમાં ગિલે જોરદાર રમત બતાવી અને બધા ઇંગ્લિશ બોલરો ગિલ સામે લાચાર થઈ ગયા તેમાં બેમત નથી. ગિલે પહેલી ઇનિંગમાં ૩૮૭ બોલમાં ૨૬૯ રન બનાવ્યા અને બીજી ઇનિંગમાં વધુ આક્રમક બેટિંગ કરીને ૧૬૨ બોલમાં ૧૬૧ રન બનાવ્યા.

ગિલે મેચમાં ૪૩ ચોગ્ગા અને ૧૧ છગ્ગા ફટકાર્યા એ જોતાં ૨૩૮ રન તો બાઉન્ડ્રીથી જ કર્યા છે. ટેસ્ટ મેચના હિસાબે આ આક્રમક બેટિંગ કહેવાય તેથી ગિલને વખાણવો જ પડે. એક ટેસ્ટની બંને ઈનિંગ્સમાં સદી ને કુલ મળીને ૪૩૦ રન ખડકવા એ નાની વાત નથી જ તેથી ગિલ ભારતની જીતનો હીરો છે જ પણ ગિલને ટીમના બીજા ખેલાડીઓનો પણ એવો જ સાથ મળ્યો એ ના ભૂલવું જોઈએ.

નીતિશ કુમાર રેડ્ડી બંને ઈનિંગ્સમાં ના ચાલ્યો પણ એ સિવાયના બધા ખેલાડીઓએ કંઈ ને કંઈ યોગદાન આપ્યું જ છે. રવિન્દ્ર જાડેજાએ બંને ઈનિંગ્સમાં અડધી સદી ફટકારીને ભારતને મોટો સ્કોર ખડકવામાં મદદ કરેલી. યશસ્વી જયસ્વાલે પહેલી ઈનિંગમાં તો કે.એલ. રાહુલ ને રિષભ પંતે બીજી ઈનિંગ્સમાં અડધી સદી ફટકારી છે. જાડેજા બાપુએ તો બંને ઈનિંગ્સમાં થઈને ૧૫૦ રન ફટકાર્યા તો યશસ્વીએ ૧૧૫ રન ફટકાર્યા. પંતે પણ ૯૦ રન કર્યા છે. કરુણ નાયર અને વોશિંગ્ટન સુંદરે પણ બંને ઈનિંગ્સમાં મળીને ફિફ્ટી પ્લસ રન કર્યા છે. ગિલની બેટિંગ અવિસ્મરણિય છે તેમાં શંકા નથી પણ બીજા બેટ્સમેનના યોગદાનને પણ નજરઅંદાજ ના કરી શકાય.

ભારત પહેલી ટેસ્ટમાં સારી બેટિંગ છતાં હારેલું કેમ કે કેચ છોડીને ઈંગ્લેન્ડના ખેલાડીઓને જીવતદાનોની હારમાળા સર્જી દીધેલી. બીજી ટેસ્ટમાં ભારતની ફીલ્ડિંગ પણ સારી રહી અને બોલિંગ પણ સારી રહી. મોહમ્મદ સિરાજ અને આકાશ દીપે જાન રેડીને બોલિંગ કરી તેમાં બેમત નથી એ જોતાં શુભમન ગિલ જેટલું યોગદાન તેમનું પણ છે. આકાશ દીપે ૧૦ અને સિરાજે સાત વિકેટો લીધી એ જોતાં ઈંગ્લેન્ડની ૨૦માંથી ૧૭ વિકેટો તો આ બંને જ લઈ ગયા.

પહેલી ઈનિંગમાં બેટિંગ માટે સ્વર્ગ સમાન પીચ સિરાજે ઇંગ્લેન્ડની ૭૦ રન આપીને ૬ વિકેટ લીધી હતી. સિરાજનું યોગદાન એ રીતે મહત્વનું કે, ઈંગ્લેન્ડના લોઅર ઓર્ડરને ધરાશાયી કરી દીધું. હેરી બ્રુક અને જેમી સ્મિથે ૩૦૩ રનની તોતિંગ ભાગીદારી કરીને ઈંગ્લેન્ડને ઉગાર્યું પછી ઈંગ્લેન્ડ ભારતના સ્કોરની લગોલગ પહોંચી જશે એવું લાગતું હતું કેમ કે આક્રમક બેટિંગ કરતો જેમી સ્મિથ ઊભો હતો. સિરાજે સામો છેડો ખાલી કરી નાખીને જેમી સ્મિથને તક જ ન આપી. ૩૮૭ રને બ્રુક આઉટ થયો પછી બીજા ૨૦ રનના ઉમેરામાં ઈંગ્લેન્ડની ટીમ સમેટાઈ ગઈ તેનો યશ સિરાજને જતો હતો. સિરાજે ઇંગ્લેન્ડની બીજી ઇનિંગમાં પણ એક વિકેટ લીધી. ઓપનર ક્રાઉલીને આઉટ કરીને ઈંગ્લેન્ડના પતનની શરૂઆત જ સિરાજે કરી હતી.

આકાશ દીપનું યોગદાન પણ મોટું છે કેમ કે આકાશ દીપ તો રિપ્લેસમેન્ટ બોલર હતો. આકાશને પહેલી ટેસ્ટમાં તક મળી ન હતી કેમ કે જસપ્રિત બુમરાહ ટીમમાં હતો. આ વખતે બુમરાહને આરામ અપાતાં આકાશને તક મળી ને બંને ઇનિંગ્સમાં શાનદાર બોલિંગ કરીને આકાશે આ તક બેઉ હાથે ઝડપી લીધી. પહેલી ઇનિંગ્સમાં આકાશ દીપે ૮૮ રન આપીને ચાર વિકેટ લીધી હતી જ્યારે બીજી ઇનિંગ્સમાં ૯૯ રન આપીને ૬ વિકેટ લીધી હતી. આકાશ આ પહેલાં સાત ટેસ્ટમાં ૧૫ વિકેટો લઈને સામાન્ય બોલર સાબિત થયેલો પણ આ વખતે આકાશ દીપે પોતાની સીમ મૂવમેન્ટથી ઇંગ્લેન્ડના બેટ્સમેનને હતપ્રભ કરી દીધા. નવા બોલથી બંને ઇનિંગ્સમાં ભારતીય ટીમને સફળતા અપાવીને આકાશે સાબિત કર્યું કે, બુમરાહના સાથી બનવાની તેનામાં ક્ષમતા છે.

ભારત હવે ત્રીજી ટેસ્ટ ૧૦ જુલાઈથી લોર્ડ્સમાં રમવાનું છે. સિરીઝની ત્રીજી ટેસ્ટ મેચમાં ભારત પૂરા જુસ્સા સાથે ઉતરશે તેમાં શંકા નથી. લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભારત અત્યાર સુધીમાં ૧૯ ટેસ્ટ રમ્યું છે અને તેમાંથી માત્ર ૩ ટેસ્ટ જીતી છે જ્યારે ૧૨ હાર્યું છે. જો કે ભારત માટે હકારાત્મક વાત એ છે કે ભારતે લોર્ડ્સ પર છેલ્લી ત્રણ ટેસ્ટ મેચમાંથી બે ટેસ્ટ જીતી છે. હવે બર્મિંગમની જીતનો જુસ્સો ઉમેરાયો છે એ જોતાં ભારત આ સિલસિલો આગળ ધપાવીને સિરીઝમાં સરસાઈ મેળવી શકે છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, મંગળવાર, તા. ૮-૭-૨૦૨૫, ભોમપ્રદોષ, ગુજરાતમાં મોળાકાત અને જયાપાર્વતી પ્રતારંભ, વિંછુડો

- ભારતીય દિનાંક ૧૭, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૪ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૪ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સવારે ક. ૧૦-૫૯, રાત્રે ક. ૨૨-૦૯
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૭ મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૯ (તા. ૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુક્લ – ત્રયોદશી. ભોમપ્રદોષ, ગુજરાતમાં મોળાકાત અને જયાપાર્વતી પ્રતારંભ, વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૬. સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુમાં વાહન અશ્વ.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ભોમપ્રદોષ વ્રત ઉપવાસ રાત્રિ જાગરણ, શિવપૂજા, રુદ્રાભિષેક, શિવભક્તિ, અનુષ્ઠાન, જપ, તપ, નામ સંકિર્તન, ઔષધ ઉપચાર, મંગળ-બુધ ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાનચાલીસા સુંદરકાંડ વાંચન, પ્રયાણ મધ્યમ, હજામત, ખેતીવાડી, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ ભીરુ સ્વભાવના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, શુક્ર રોહિણી પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# બ્રિક્સે વિશ્વસનીયતાનું પ્રતિબિંબ પાડી ગ્લોબલ સાઉથનું નેતૃત્ત્વ કરી દૃષ્ટાંત પૂરું પાડવું જોઈએઃ નરેન્દ્ર મોદી

રિયો ડિ જાનેરોઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે હાકલ કરી હતી કે બ્રિક્સે વિશ્વસનીયતાનું પ્રતિબિંબ પાડી ગ્લોબલ સાઉથને નેતૃત્વ પૂરું પાડી અપેક્ષા મુજબનું કામ કરી દૃષ્ટાંત પૂરું પાડવું જોઈએ.

બ્રિક્સે બહુધ્રુવીય વિશ્વ અને વૈશ્વિક સહકાર માટે ઉત્પ્રેરક તરીકે કામ કરવું જોઈએ, એમ મોદીએ કહ્યું હતું.

બ્રિક્સની ૧૭મી શિખર પરિષદને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે બ્રિકસની તાકાત વિવિધતા અને બહુધ્રુવીય વિશ્વ પરત્વેની પ્રતિબદ્ધતામાં છે.

વિવિધતા, બહુધ્રુવીય વિશ્વ પરત્વેની પ્રતિબદ્ધતા અને મક્કમ વિશ્વાસ જ બ્રિક્સની સૌથી મોટી તાકાત છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આવનારાં સમયમાં બ્રિક્સ બહુધ્રુવીય વિશ્વનું પ્રેરક બળ કઈ રીતે બને છે અને કઈ રીતે માર્ગદર્શન પૂરું પાડે છે તેનું પ્રતિબિંબ આપણે પાડવું જોઈએ.

વૈશ્વિક મંચ પર લોકો તેની ગંભીરતાથી નોંધ લે તે માટે બ્રિક્સે સૌપ્રથમ તો તેની આંતરિક યંત્રણામાં સુધારો કરવાની જરૂર છે જેથી કરીને આપણી વિશ્વસનીયતા વધે, એમ તેમણે કહ્યું હતું.

બ્રિક્સની ન્યૂ ડેવલપમેન્ટ બૅન્ક (એનડીબી) મારફતે પ્રોજેક્ટને મંજૂરી આપતી વખતે માગ આધારિત નિર્ણયશક્તિ, લાંબાગાળાનું આર્થિક ટકાઉપણુ અને તંદુરસ્ત ક્રેડિટ રેટિંગ જાળવી રાખવા જેવી બાબતોને ધ્યાન પર લેવામાં આવવી જોઈએ, એમ મોદીએ કહ્યું હતું. 'એઆઈ ફૉર ઑલ'ના સૂત્ર પર કામ કરતું ભારત કૃષિ, આરોગ્ય, શિક્ષણ અને વહીવટ જેવા ક્ષેત્રમાં સક્રિય અને સઘનપણે એઆઈનો ઉપયોગ કરી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. આ શિખર પરિષદમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા જેવા દેશે ભાગ લીધો હતો. (એજન્સી)

# ફિલાડેલ્ફિયામાં ગોળીબારમાં ત્રણનાં મોતઃ ૧૦ ઘાયલ

ફિલાડેલ્ફિયાઃ દક્ષિણ ફિલાડેલ્ફિયામાં સોમવારે વહેલી સવારે ગોળીબારમાં ત્રણ લોકોના મોત અને ૧૦ અન્ય ઘાયલ થયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ગોળીબાર શા માટે થયો તે તાત્કાલિક જાણી શકાયું નથી.

પોલીસ કમિશનર કેવિન બેથેલે પત્રકારોને જણાવ્યું કે મૃત્યુ પામેલા ત્રણ લોકો પુખ્ત વયના હતા અને ઘાયલોમાં બે સગીર હતા. ગ્રેસ ફેરીમાં રહેણાંક શેરીમાં રાત્રે ૧ વાગ્યા પહેલા ગોળીબાર થયો હતો. બેથેલે જણાવ્યું હતું કે, ''અમારી પાસે બ્લોક પર અનેક રાઉન્ડ ગોળીબાર થયા હોવાના સમાચાર છે.''

પોલીસે જણાવ્યું હતું કે હથિયાર સાથે એક વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવી છે.

બેથેલે જણાવ્યું હતું કે પોલીસે શનિવારે મોડી રાત્રે રવિવારની શરૂઆતમાં જ તે જ બ્લોકમાં કેટલીક ધરપકડ કરી હતી.

ચોથી જુલાઈના સપ્તાહના અંતે શહેર અને અમેરિકાની આસપાસના અન્ય સ્થળોએ ગોળીબાર થયા પછી આ ગોળીબાર થયો હતો. અગાઉ દક્ષિણ ફિલાડેલ્ફિયા નાઇટક્લબ નજીક થયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા હતા.

# બિહારમાં મતદાર યાદીમાં સુધારો કરવાની કવાયત સામેની અરજીઓ સુપ્રીમ કોર્ટ ૧૦ જુલાઈએ સાંભળશે

નવી દિલ્હી : જ્યાં ચૂંટણી નજીક છે એ બિહારમાં મતદારયાદીમાં ખાસ સઘન સુધારો કરવાની કવાયત હાથ ધરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીઓ સર્વોચ્ચ અદાલત ૧૦ જુલાઈએ સાંભળશે.

અનેક અરજદારોના એડવોકેટે કપિલ સિબલની આગેવાનીમાં કરેલી રજૂઆતની પાર્શીયલ વર્કિંગ ડે બેન્ચે નોંધ લઈને આ અરજીઓ ગુરુવારે સાંભળવાનું નક્કી કર્યું હતું. આ બેન્ચ ન્યાયમૂર્તિ સુધાંશુ ધુલિયા અને જોયમાલા બાગચીની બનેલી છે. સિબલે બેન્ચને અનુરોધ કર્યો હતો કે તે ચૂંટણી પંચને નોટિસ આપે. ન્યાયમૂર્તિ ધુલિયાએ કહ્યું હતું કે અમે ગુરુવારે નક્કી કરીશું.

રાષ્ટ્રીય જનતા દળના સંસદસભ્ય મનોજ ઝા અને તૃણમૂલ કોંગ્રેસનાં નેતા મહુઆ મોઈત્રા જેવા નેતાઓએ અરજી કરી છે. આ બધાએ બિહારમાં મતદારયાદીમાં ખાસ સઘન સુધારો કરવાના ચૂંટણી પંચના આદેશને પડકાર્યો છે. ઝાએ કહ્યું હતું કે ચૂંટણી પંચના ૨૪ જૂનના હુકમ રદ કરવો જોઈએ કારણ કે તે કલમ ૧૪ (સમાનતાના મૂળભૂત હક્ક), કલમ ૨૧ (જીવન અને મુક્તિના મૂળભૂત હક્ક), કલમ ૩૨૫ (કોઈ પણ વ્યક્તિને જ્ઞાતિ, ધર્મ અને જાતિના આધારે મતદારયાદીમાંથી બાકાત ન રાખી શકાય) અને કલમ ૩૨૬ (ભારતનો જે પણ નાગરિક ૧૮ વર્ષનો થાય તેને મતાધિકાર છે )નો ભંગ કરે છે. એનજીઓ એસોસિયેશન ઑફ ડેમોક્રેટિક રિફોર્મે પણ પંચના આદેશને પડકારતી અરજી કરી છે. બીજી સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન જેવા કે પીયુસીએલ અને યોગેન્દ્ર યાદવ જેવા સમાજસેવકે પંચ સામે સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી છે. પંચે છેલ્લે ૨૦૦૩માં બિહારમાં આવી સુધારા પ્રક્રિયા હાથ ધરી હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ૧૬ અબજથી વધુ

બ્રીચને અંજામ આપવામાં આવ્યો હતો. આ કોઈ સાયબર અટેક ન હતો, તેના માટે કોઈ ફાયરવોલ બ્રેક કરવામાં નથી આવી, કોઈ ઝિરો-ડે ખામીઓ ઓપન કવામાં આવી ન હતી, તેના બદલે એક ધીમી પ્રક્રિયાથી આ ડેટા ચોરી કરવામાં આવ્યો, જેનાં માટે વર્ષો લાગ્યા હતા. ઇન્ફોસ્ટીલર માલવેરનો ઉપયોગ કરીને ડેટા ચૂપચાપ એકઠો કરવામાં આવ્યો. કોઈને ખબર પડ્યા વગર ચૂપચાપ લોગિન આઈડી અને પાસવર્ડ ચોરી કરવામાં આવ્યા.

ચોરી થયેલા ડેટાસેટમાં યુઝરનેમ, પાસવર્ડ, ઓથેન્ટિકેશન ટોકન્સ, સેશન કૂકીઝ અને પર્સનલ યુઝર્સ અને પ્લેટફોર્મ પર મેટાડેટા સંબંધિત ડેટાનો સમાવેશ થાય છે.અહેવાલ મુજબ, જેમની પાસે મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન નથી એવી પ્લેટફોર્મ માટે આ ડેટા બ્રીચ ખતરનાક સાબિત થઇ શકે છે. જો તમે હજુ પણ જૂના પાસવર્ડનો ઉપયોગ કરી રહ્યા છો અથવા વધારાના સુરક્ષા સ્ટેપનું પાલન નથી કરી રહ્યા, તો તમે ગંભીર મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

આ મોટા ડેટા લીક જાણ થયા બાદ ભારતની સાયબર સુરક્ષા એજન્સી કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ ઇન્સ્ટાગ્રામ એ તાત્કાલિક એડવાઈઝરી જાહેર કરી છે. જે મુજબ એપલ, ગૂગલ, ફેસબુક, ટેલિગ્રામ, જીઆઇટી હબ અને ઘણી વીપીએન સર્વિસ પરથી એકત્રિત કરવામાં આવેલી સંવેદનશીલ માહિતીના મોટા પાયે લીક થઇ છે.

કોઈ પણ જોખમ ટાળવા માટે, સીઇઆરટી-ઇન એ બધા યુઝર્સને તાત્કાલિક પાસવર્ડ અપડેટ કરવાની સલાહ આપી, ખાસ કરીને બેંકિંગ, સોશિયલ મીડિયા અને સરકારી પોર્ટલ પ્લેટફોર્મ પર. આ ઉપરાંત એજન્સીએ વધુ સુરક્ષા માટે મલ્ટિ-ફેક્ટર ઓથેન્ટિકેશન શરૂ કરવા, ફિશિંગ પ્રયાસો પ્રત્યે સતર્ક રહેવા અને સુરક્ષિત ક્રેડેન્શિયલ જનરેટ કરવા અને વિશ્વસનીય પાસવર્ડ મેનેજરનો ઉપયોગ કરવાની પણ ભલામણ કરી છે.

### બિહારના પુર્ણિયામાં

કે આ ઘટના રવિવાર રાતની છે. જે વિસ્તારમાં આ ઘટના થઈ એ આદિવાસી વિસ્તાર છે. આ બનાવ ઝાડ-ફૂંક અને તંત્રમંત્ર સાથે સંકળાયેલો છે. ચાર મૃતદેહને પોલીસે તળાવમાંથી બહાર કાઢ્યા છે. આ મૃતદેહ બળેલા છે.

એસપીએ કહ્યું કે એ કહેવું મુશ્કેલ છે કે કુટુંબની પહેલાં મારપીટ કરીને હત્યા કર્યા બાદ સળગાવી દીધા કે મારપીટ પછી જીવતા સળગાવી દેવામાં આવ્યા. આ બનાવમાં ગામના બધા લોકો સામેલ છે અને હાલમાં ગામ ખાલી થઈ ચૂક્યું છે.

### બ્રિકસની અમેરિકા વિરોધી

૧૦ ટકા ટૅરિફ લાદવામાં આવશે અને તેમાં કોઈ અપવાદ નહીં હોય.

ઈજિપ્ત, ઈથિયોપિયા, ઈરાન અને યુએઈનો સમાવેશ કરવા અને બ્રિક્સનો વ્યાપ વધારવા બ્રિક્સ ગ્રૂપનું વર્ષ ૨૦૨૪માં વિસ્તરણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫માં ઈન્ડોનેશિયા પણ બ્રિક્સમાં જોડાયું છે.

ટ્રમ્પે કહ્યું હતું કે સોમવારથી અમે સંબંધિત દેશોને ટૅરિફ અંગેનો પત્ર પાઠવવાનું શરૂ કરીશું. (એજન્સી)



**કાવડ યાત્રાઃ**

હરિદ્વારમાં સોમવારે વાર્ષિક કાવડ યાત્રા શરૂ થવા અગાઉ ભગવાન શિવની પૂજા કરવા ગંગા નદીનું પવિત્ર જળ લેવા જઈ રહેલા કાવડિયાઓ. (એજન્સી)

# નાઈજીરિયામાં માર્ગ અકસ્માતમાં ૨૧નાં મોતઃ ત્રણ ઘાયલ

લાગોસ : નાઇજીરિયાના ઉત્તરપશ્ચિમ કાનો રાજ્યમાં માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૧ લોકોનાં મોત થયા હતાં અને ત્રણ જણ ઘાયલ થયાં હતાં, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ફેડરલ રોડ સેફ્ટી કોર્પ્સે જણાવ્યું હતું કે દેશના ઉત્તરીય ક્ષેત્રના શહેરોને જોડતા મુખ્ય માર્ગ, ઝારિયા-કાનો એક્સપ્રેસવે પર રવિવારે એક ટ્રક અને મુસાફરોને લઈ જતું એક વાહન અથડાયાં હતાં.

એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વાહન ચાલકે ''સ્થાપિત ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું, ટ્રાફિક પ્રવાહ વિરુદ્ધ વાહન ચલાવ્યું હતું, જેના પરિણામે સામેથી આવતી ટ્રક સાથે જીવલેણ અથડામણ થઈ હતી.''

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અકસ્માતમાં ફક્ત ત્રણ જણ ઘાયલ થયા હતા, જ્યારે ૧૯ પુરુષ અને બે મહિલાનાં મોત થયાં હતાં.

નાઇજીરિયાના મુખ્ય માર્ગો પર અકસ્માતો સામાન્ય છે, જેમાં ઘણીવાર જીવ ગુમાવવાનો વારો આવે છે. એજન્સીના ડેટા અનુસાર, ૨૦૨૪માં, દેશભરમાં ૯૫૭૦ ઘટનાઓમાં ૫૪૨૧ જણ માર્યા ગયાં હતાં.

# બિહારમાં બાળકો વચ્ચેના ઝઘડામાં બેની હત્યા

નાલંદાઃ બિહારના નાલંદા જિલ્લામાં બે પરિવારોના બાળકો વચ્ચેના ઝઘડાએ હિંસક રૂપ ધારણ કરી લેતા ૨૨ વર્ષીય મહિલા સહિત બે લોકોની ગોળી ધરબીને હત્યા કરવામાં આવી હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ માહિતી પોલીસે સોમવારે આપી હતી. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટના રવિવારે રાત્રે દીપનગર પોલીસ સ્ટેશનની હદના ડુમરાવન ગામમાં બની હતી. બે પરિવારના સભ્યોએ વિવાદને લઇને એકબીજા પર ગોળીબાર કર્યો હતો. નાલંદાના નાયબ પોલીસ અધિક્ષક રામ દુલાર પ્રસાદે જણાવ્યું કે મૃતકોની ઓળખ ઓમ પ્રકાશ પાસવાનની પુત્રી અન્નુ કુમારી અને સંતોષ પાસવાનના પુત્ર હિમાંશુ કુમાર(૨૪) તરીકે થઇ છે.

પ્રસાદે જણાવ્યું કે ગોળીબાર થયાની માહિતી મળતાં જ પોલીસની એક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઇ હતી. તેમ જ ઘાયલોને નજીકની સરકારી હૉસ્પિટલમાં લઇ ગઇ હતી. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

# વિવાદિત કલકત્તા લો કોલેજ ભારે સુરક્ષા વચ્ચે ફરી ખુલી

કોલકાતાઃ કેમ્પસમાં પ્રથમ વર્ષની વિદ્યાર્થીની પર કથિત ગેંગરેપ બાદ ૧૧ દિવસ સુધી બંધ રહ્યા બાદ સોમવારે ભારે સુરક્ષા વચ્ચે દક્ષિણ કલકત્તા લો કોલેજ ફરી ખુલી હતી.

વાઈસ પ્રિન્સિપાલ નયના ચેટર્જીએ જણાવ્યું હતું કે પ્રથમ સેમેસ્ટરના ફક્ત બીએ એલએલબી વિદ્યાર્થીઓ, જેમણે હજુ સુધી તેમના પરીક્ષા ફોર્મ ભરવાના બાકી હતા, તેમને ફરીથી ખુલ્યા પછી પહેલા દિવસે ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે આવવાનું કહેવામાં આવ્યું હતુ.

કોલકાતા પોલીસના વરિષ્ઠ અધિકારીઓ કેમ્પસમાં સુરક્ષાનું નિરીક્ષણ કરી રહ્યા હતા અને ખાનગી રક્ષકોએ પ્રવેશ કરતી વિદ્યાર્થીઓના આઈડી કાર્ડની સંપૂર્ણ તપાસ કરી હતી.

સવારે ૧૦ વાગ્યે દરવાજા ખુલતા જ લગભગ ૧૦૦ વિદ્યાર્થી, જેમાં ઘણા તેમના માતાપિતા સાથે હતા, ત્યાં પહોંચ્યા હતા.

કોલેજ દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, બપોરે બે વાગ્યા પછી કોઈપણ વિદ્યાર્થીને કેમ્પસમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

છેલ્લો વિદ્યાર્થી ગયા પછી જ કેમ્પસમાં હાજર તમામ શિક્ષકો અને શિક્ષણ કર્મચારીઓ કોલેજ છોડી શકશે, એમ તેમાં જણાવાયું છે.

એક શિક્ષકે જણાવ્યું હતું કે અગાઉ કોલેજ સામાન્ય કામકાજના દિવસોમાં સાંજે ચાર વાગ્યા સુધી ખુલ્લી રહેતી.

''આજથી, ૨૫ જૂનના રોજ બનેલી ઘટનાને ધ્યાનમાં રાખીને, તે બપોરે બે વાગ્યા સુધી ખુલ્લી રહેશે. અમે બળાત્કાર કેસના મુખ્ય આરોપી મોનોજિત મિશ્રા જેવા બદમાશ તત્ત્વોને કેમ્પસમાં પ્રવેશ ન આપવાનો સભાન નિર્ણય લીધો છે. બહારના લોકોના પ્રવેશને નિયંત્રિત કરવામાં આવશે,'' એમ તેમણે કહ્યું.

કોલકાતા પોલીસે મંજૂરી આપ્યા પછી શહેરના દક્ષિણ ભાગમાં આવેલા કસ્બામાં કેમ્પસ ફરીથી ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, એમ કોલેજના એક અધિકારીએ જણાવ્યું હતું.આઠ જુલાઈથી વિદ્યાર્થીઓને તેમના સામાન્ય વર્ગ સમયપત્રકનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

# નવસારી જિલ્લો જળબંબાકારઃ ડેમ-નદીઓ છલકાયા, નીચાણવાળા વિસ્તારોને એલર્ટ

નવસારીઃ ગુજરાતમાં મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના કારણે રાજ્યના અનેક ડેમમાં પાણી ભરાયા હતા. ખાસ કરીને વાત કરવામાં નવસારીમાં જિલ્લામાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ નોંધાયો હતો. અત્યારે નવસારી જિલ્લામાં અત્યારે ભારે વરસાદના કારણે સામાન્ય જનજીવન પર અસર પડી છે. આજની વાત કરવામાં આવે તો સોમવારના ૬ વાગ્યા સુધીમાં ૨.૫૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. નવસારી જિલ્લાના જલાલપોર અને ગણદેવીમાં પણ અતિભારે વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના કારણે નવસારી જિલ્લામાં આવેલા બે મોટા ડેમ અને ત્રણ નદીઓ અત્યારે ભયજનક સપાટીએ છે.

વિગતે વાત કરવામાં આવે તો, નવસારી જિલ્લામાં આવેલ પૂર્ણા નદી ભયજનક સપાટીએ છે. અત્યારે આ નદી ૨૪ ફૂટની સપાટીએ વહી રહી છે. જિલ્લામાં ઉપરવાસના વિસ્તારોમાં જે વરસાદ નોંધાયો છે. જેના કારણે નદીઓ બન્ને કાંઠે વહી રહી છે. નદી બન્ને કાંઠે વહેતી હોવાથી નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં ૫૫૦થી વધારે લોકોનું સ્થાળાંતર કરવામાં આવ્યું છે. ડેમની વાત કરવામાં આવે તો, જૂજ ડેમ અત્યારે ૧૬૪.૭૦ ફૂટ જેટલો ભરાઈ ગયો છે. આ સાથે નવસારીનો કેલીયા ડેમ ૧૧૧.૨૫ ભરાઈ ગયો છે. આ ડેમમાં ૧૧૩.૪૦ની સપાઈએ ઓવર ફલો થઈ શકે તેમ છે. નવસારી જિલ્લાની મુખ્ય ત્રણ નદીઓ અત્યારે બંને કાંઠે વહી રહી છે. જેમાં અંબિકા નદીએ ૨૪.૨૭ ફૂટે વહી રહી છે. આ નદી જો ૨૮ ફૂટે વહેવા લાગી તો આસપાસના વિસ્તારો જોખમમાં આવી શકે છે. પૂર્ણા નદી જે અત્યારે ૨૪ ફૂટની સપાટીએ વહી રહી છે. પૂર્ણા નદીની ૨૩ ફૂટે વહે તો ભયજનક સહિત થશે. કાવેરી નદીની વાત કરવામાં આવે તો ૧૩.૦૦ ફૂટે વહી રહી છે. આ ત્રણ નદીઓ અત્યારે બંને કાંઠે વહેતી હોવાથી આસપાસના ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યાં છે. નવસારી જિલ્લામાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં એટલે કે છેલ્લા૨૪ કલાકના વરસાદી આંકડા પ્રકાશમાં આવ્યા છે. આ મુજબ નવસારી શહેરમાં ૬૮ મિમી. (૨.૮૩ ઈંચ) વરસાદ પડ્યો છે, જ્યારે જલાલપોરમાં ૪૪ મિમી. (૧.૮૩ ઈંચ), ગણદેવીમાં ૬૧ મિમી. (૨.૫૪ ઈંચ), ચીખલીમાં ૬૪ મિમી (૨.૬૬ ઈંચ), ખેરગામમાં ૪૪ મિમી. (૧.૮૩ ઈંચ) અને વાંસદા શહેરમાં ૯૦ મિમી. (૩.૭૫ ઈંચ) વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના કારણે અત્યાર સુધીમાં નવસારી જિલ્લામાં ૫૫૦થી વધારે લોકોનું સુરક્ષિત સ્થાને સ્થાળાંતર કરવામાં આવ્યું છે. ■

# રાજ્યમાં માર્ગો-પુલો-હાઈવેની સ્થિતિની મુખ્ય પ્રધાને ઉચ્ચસ્તરીય બેઠકમાં સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી હાઇવે અને ગ્રામીણ તથા શહેરી માર્ગોને જ્યાં નુકસાન થયેલું છે ત્યાં યુદ્ધના ધોરણે રિપેર કરીને રસ્તાઓ પુનઃ પૂર્વવત બનાવવા તાકીદ કરી હતી. વિકાસની ધોરીનસ અને નાગરિક જીવનમાં રોજિંદા યાતાયાત માટે અતિ મહત્ત્વના એવા રોડ નેટવર્કની તત્કાલ મરામત હાથ ધરાય તેવા દિશાનિર્દેશો પણ મુખ્ય પ્રધાને ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા.

ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારો તેમજ નગરો-મહાનગરો સહિત નેશનલ હાઈવે, રાજ્ય ધોરીમાર્ગ, પંચાયત હસ્તકના માર્ગોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી. ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટે વરસાદ બંધ થવાની રાહ ન જોવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, જે કામોમાં ડિફેક્ટ લાયાબિલિટી પિરિયડ દરમિયાન નુકસાન થયું હોય કે, મરામતની જરૂર પડી હોય તેવા કિસ્સામાં ઇજારદારની જવાબદારી ફિક્સ કરીને પગલાં લેવાવા જ જોઈએ.

રાજ્યની મહાનગરપાલિકાઓ મ્યુનિસિપલ કમિશનરો આ બેઠકમાં વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. મુખ્યપ્રધાને મહાનગરોમાં રસ્તા, અંડરબ્રિજ, વોટર લોગિંગ વગેરેની સમસ્યા જ્યાં છે ત્યાં ત્વરાએ મરામત કામગીરી હાથ ધરી શહેરોમાં પરિસ્થિતિ પૂર્વવત કરવા પણ સૂચનો કર્યા હતા. એટલું જ નહિ, શહેરોમાં આ સમસ્યાના લાંબાગાળાના નિવારણના ઉપાયો હાથ ધરવાનું આયોજન કરવા પણ એમણે સૂચવ્યુ હતું.

મુખ્ય પ્રધાને મરામત કામોમાં એનએચએઆઈ, માર્ગ મકાન વિભાગ, પંચાયત, નગરપાલિકાઓ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે સંકલન સાધીને ટીમવર્કથી કામગીરી માટેના સૂચનો પણ કર્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાવા, પુલો-નાળા કોઝવેને નુકસાન કે ડામર રોડને નુકસાન જેવી બાબતો તાત્કાલિક ધ્યાન પર લેવાવી જોઈએ.

મુખ્ય પ્રધાન સમક્ષ રાજ્યના માર્ગો-પુલો - હાઇવેની પ્રવર્તમાન સ્થિતિ અંગે રજૂ કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં માર્ગ મકાન વિભાગ દ્વારા વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. જે માર્ગોને વરસાદને કારણે અસર થઈ છે ત્યાં મોટા ભાગે સ્ટ્રક્ચર અને બ્રિજની કામગીરી પ્રગતિમાં છે. ૨૪૩ જેટલા પુલો પર આવી કામગીરી હાથ ધરી તેના ડાયવર્ઝનનું સતત મોનિટરિંગ કરાય છે.

ભૂપેન્દ્ર પટેલ સમક્ષ હાઈવેની સ્થિતિ અંગે એનએચએઆઈના અધિકારીઓએ કહ્યું હતું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન નેશનલ હાઈવેને જે ૮૩ કિ.મી.માં નુકસાન થયું છે તેમાંથી ૫૮ કિલોમીટરમાં મરામત કામ પૂર્ણ થયું છે અને બાકીના ૨૫ કિલોમીટરનું કામ ત્વરાએ પૂર્ણ કરી દેવાશે. ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકાર નાગરિકોના જનજીવનમાં માર્ગોની મરામતોમાં વિલંબને કારણે કોઈ રૂકાવટ આવે નહીં અને કામો સમયબદ્ધ ગુણવત્તાયુક્ત ધોરણે થાય તે માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. આ માટે સંબંધિત વિભાગો પણ તત્કાલ મરામત કામો હાથ ધરીને લોક અપેક્ષા સંતોષે તેવી સૂચના તેમણે આપી હતી. ■

# પી.ટી.જાડેજાની ધરપકડથી ક્ષત્રિય સમાજ લાલઘૂમઃ ઉગ્ર આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પી. ટી. જાડેજાની સામાન્ય કેસમાં પાસા જેવી કલમ લગાવીને ધરપકડ કરવામાં આવી છે, જેથી ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ક્ષત્રિય સમાજ દ્વારા અમદાવાદ અને વડોદરા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યા હતા. ક્ષત્રિય સમાજના ભાઈઓ અને બહેનો દ્વારા કલેક્ટરને મળીને આવેદનપત્ર આપીને માગ કરી હતી કે, પી. ટી. જાડેજા સામે લગાવેલા આરોપો ખોટા છે. ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવી છે, જો જલદીથી નહીં છોડવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. અમદાવાદ કલેક્ટર ઓફિસે આવેદનપત્ર આપી અને ક્ષત્રિય સમાજના આગેવાને જણાવ્યું હતું કે, સૌ ક્ષત્રિય રાજપૂત સમાજના ભાઈ-બહેનો પી.ટી. જાડેજાની એકાએક સામાન્ય કેસમાં ''પાસા'' હેઠળ ધરપકડ કરીને જેલ હવાલે કરવામાં આવ્યા છે, તે બાબતનો સ્પષ્ટ વિરોધ કરીએ છીએ. સરકાર દ્વારા ક્ષત્રિય સમાજને સતત અન્યાય થઇ રહ્યો છે, એવી લાખો ક્ષત્રિયોમાં લાગણી પેદા થઈ છે. તેઓને તાત્કાલિક છોડી મૂકવા અમારી આગ્રહભરી વિનંતી અને માંગણી છે.

સમગ્ર રીતે આ કેસ બનાવટી ઊભો કરીને ખોટી પાસા કરવામાં આવ્યા છે, જે રદ થવાને પાત્ર છે. જો સરકાર દ્વારા આ રદ કરવામાં નહીં આવે તો સ્પષ્ટ કિન્નાખોરી સાબિત થશે. જેની નોંધ ક્ષત્રિય સમાજ લેશે. જે સરકાર અને સત્તા પક્ષ બંનેની લાંબા ગાળાના હિત વિરુદ્ધ થશે. બીજી તરફ વડોદરામાં પણ રાજપૂત સમાજમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. વડોદરા શહેર જિલ્લાના વિવિધ રાજપૂત સમાજના બનેલા ગુજરાત રાજપૂત સેના સમાજની આગેવાનીમા પ્રમુખ, મંત્રીઓ સહિત હોદ્દેદારો રેલીરૂપે કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ પી.ટી. જાડેજાને ''પાસા''માંથી મુક્ત કરવા કલેક્ટર સમક્ષ માંગ કરી હતી. ■

# વેરાવળ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી

## કોઇ વાંધાજનક વસ્તુ ન મળતા હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ ખાતેની ડિસ્ટ્રિક્ટ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સોમવારે વહેલી સવારથી જ ભારે દોડધામ મચી ગઈ હતી. એક ઈ-મેઈલ દ્વારા આ ધમકી આપવામાં આવી હતી, જેના પગલે તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જોકે કોઇ વાંધાજનક વસ્તુ મળી ન હતી.

ધમકીભર્યો મેઈલ મળતાંની સાથે જ, સુરક્ષાના ભાગરૂપે સમગ્ર કોર્ટ પરિસરને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફને તૈનાત કરવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસવડા, સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપ સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

સ્થિતિની ગંભીરતાને જોતા, બૉમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ફાયર વિભાગની ટીમો પણ તાત્કાલિક વેરાવળ કોર્ટ પરિસરે પહોંચી હતી. બૉમ્બ સ્ક્વોડ દ્વારા કોર્ટના દરેક ખૂણે ખૂણાની તપાસ શરૂ કરવામાં આવી હતી. કોર્ટ પરિસરમાં સામાન્ય રીતે ૧૫૦થી વધુ વકીલો અને અન્ય સ્ટાફ કાયમી ધોરણે હાજર રહેતો હોય છે. આ ધમકીભર્યા મેઈલને કારણે વકીલો અને કોર્ટ સ્ટાફમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે મોટી સંખ્યામાં વકીલો અને કોર્ટનો સ્ટાફ કોર્ટ પરિસરની બહાર એકઠો થયો હતો. ■

# ચૈતર વસાવાની જામીન અરજી દાખલ ન થઈ શકતા આજે સુનાવણી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદાના ડેડિયાપાડામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપના નેતા વચ્ચે ઘર્ષણના મુદ્દે રાજપીપળા કોર્ટ દ્વારા પોલીસે માંગેલા ૫ દિવસના રિમાન્ડને નામંજૂર કરવામાં આવ્યા હતા. જો કે આજે આપ નેતા ચૈતર વસાવાની જામીન અરજી કોર્ટમાં દાખલ થઈ શકી નથી. કારણ કે ડેડિયાપાડા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાંથી કેસના કાગળો સમયસર રાજપીપળા જિલ્લા કોર્ટમાં પહોંચી શક્ય નહોતા અને આથી સાંજે ૫ વાગ્યાની ઓનલાઈન સમયમર્યાદા પૂરી થઈ જતાં જામીન અરજી દાખલ થઈ શકી નહોતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગઈકાલે ડેડિયાપાડા કોર્ટના મેજિસ્ટ્રેટ રજા પર હોવાથી ચૈતર વસાવાના કેસનું પ્રોડક્શન રાજપીપળા ખાતેની કોર્ટમાં કરવામાં આવ્યું હતું. આ કારણે, કેસના કાગળો મેળવવા માટે વસાવાના વકીલોને દેડીયાપાડા કોર્ટમાં જવું પડ્યું હતું. જિલ્લા કોર્ટમાં જામીન અરજી કરવાની કામગીરી ઓનલાઈન થાય છે. આજે સમયસર કાગળો ન પહોંચી શકવાને કારણે અને આ ટેક્નિકલ ખામી તથા સમયમર્યાદાના કારણે ચૈતર વસાવાને વધુ એક દિવસ જેલમાં રહેવું પડશે. આવતીકાલે મંગળવારે તેમની જામીન અરજી વિધિવત રીતે દાખલ કરવામાં આવશે તેવી અપેક્ષા છે.

ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે આપ ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ગત શનિવારે (જુલાઈ ૫) આદિજાતિ વિકાસ કચેરીની સંકલન બેઠક દરમિયાન ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ અને ચૈતર વસાવાના સમર્થકો વચ્ચે ઘર્ષણ પણ સર્જાયું હતું. ■

# ગુજરાતમાં રોડ પરના ખાડા જીવલેણ બન્યાઃ પાંચ વર્ષમાં ૪૦૦ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદની શરૂઆત થતા જ તંત્રની કામગીરીની પોલ ખૂલી ગઈ છે. તંત્રએ ચોમાસા પહેલા કરેલા પેચ વર્કની હાલત ખરાબ થઈ ગઈ છે. વાહનચાલક ટ્રાફિકના નિયમનો સહેજપણ ભંગ કરે તો તેને તેના માટે આકરો દંડ ચૂકવવો પડે છે. પરંતુ રોડ કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવેલા રોડમાં ૬ મહિના કે એક વર્ષમાં જ ખાડા પડવા લાગે તેમ છતાં તેની સામે કોઈ દંડ લેવાતો નથી કે બ્લેક લિસ્ટ પણ કરવાની તસ્દી લેવામાં આવતી નથી.

અમદાવાદના અનેક રસ્તામાં તો સ્ટ્રીટ લાઇટ પણ બંધ અવસ્થામાં છે. જેના કારણે રાત્રિના સમયે વાહન ચલાવતી વખતે તેને ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. એનસીઆરબીના અહેવાલ અનુસાર ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ખાડાને લીધે ૪૦૦ વ્યક્તિનાં મૃત્યુ થયાં છે, એટલે કે દર વર્ષે ૮૦ લોકો ખાડાના કારણે જીવ ગુમાવે છે. રોડ પરના ખાડાને લીધે ઓર્થોપેડિકને લોઅર બેક પેઇનના દદીઓના પ્રમાણમાં પણ વધારો થઈ ગયો છે. ખરાબ રોડ રસ્તાઓના કારણે લોકોમાં કમર દર્દ કરોડરજ્જુ અને હાડકાંને લાગતા રોગોના શિકાર લોકો થયા છે. તેને લઈ ખાનગી હોસ્પિટલોથી માંડીને સરકારી હોસ્પિટલોમાં ઓથીના દર્દીઓનો રાફડો ફાટયો છે. અમદાવાદની અસારવા અને સોલા સિવિલમાં ઓર્થોપેડિક વિભાગની ઓપીડીમાં કેસોનો ધરખમ વધારો જોવા મળ્યો છે. હોસ્પિટલના આર્થોપેડિક વિભાગમાં દરરોજના આવતાં ૧૦૦માંથી સરેરાશ ૬૦ દર્દી બેક પેઈનની સમસ્યા ધરાવનારા હોય છે. રોડના ખાડાથી ડિસ્ક જોઇન્ટ્સ પર દબાણ વધે છે. જો આમ નિયમિતરૂપે થવા લાગે તો તે વધુ ગંભીર સમસ્યા સર્જે છે. ખાડા વાળા રોડમાં બેલેન્સ નહીં રહેવાથી અનેક લોકોને ફેક્ચર પણ થયાના કિસ્સા સામે આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા અમદાવાદના ઓઢવના અંબિકાનગર મોગલ માતાના મંદિર પાસે ખારીકટ કેનાલ નજીક વરસાદી પાણીના પ્રવાહમાં ડ્રેનેજલાઈનમાં એક બાઈકચાલક તણાઈ ગયો હતો. ફાયરબ્રિગેડે ૯ કલાકની ભારે જહેમત બાદ તેનો મૃતદેહ ડ્રેનેજલાઈનમાં ૨૦૦ ફૂટ દૂરથી શોધી કાઢ્યો હતો. ■

## જૂનાગઢની ભેંસાણ શાળામાં

# ૨૦થી વધુ બાળકો સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્યઃ આચાર્ય-શિક્ષકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકામાં આવેલા એક ખાનગી શૈક્ષણિક સંકુલમાં શિક્ષણજગતને શર્મનાક કરતી ગંભીર ઘટના પ્રકાશમા આવી હતી. સંકુલના પ્રિન્સિપાલ હિરેનભાઈ અને સંસ્કૃતના શિક્ષક કેવલભાઈ પર ૨૫થી વધુ વિદ્યાર્થીઓ સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યાના આક્ષેપો થતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાએ વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે. આ સમગ્ર ઘટનાને પગલે વાલીઓ પણ ભેંસાણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પોલીસે બંનેની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. વાલીઓ સહિત સ્થાનિકોએ માગ ઉઠાવી હતી કે આવા નરાધમ શિક્ષકો સામે કડક કાયદેસર કાર્યવાહી થવી જોઈએ.

વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે છેલ્લા ઘણા દિવસોથી મોડીરાતે પ્રિન્સિપાલ અને શિક્ષક રૂમમાં બોલાવી કપડાં ઉતારતા અને અન્ય અભદ્ર કૃત્ય કરતા હતા. એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે આ સંસ્થાના ૨૦થી ૨૫ વિદ્યાર્થી સાથે આવી ઘટના બની છે. ભેંસાણના પીઆઈએ જણાવ્યું હતું કે વાલીઓ ફરિયાદ કરવાની ના કહી રહ્યા છે છતાં પ્રિન્સિપાલ અને શિક્ષકને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે. બંનેની પૂછપરછ ચાલી રહી છે. જો ગુનાની પુષ્ટિ થાય તો કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

આ મામલે પુછપરછમાં પ્રિન્સિપાલ અને શિક્ષક દોષિત સાબિત થાય તો, બંને પર પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાશે અને ગંભીર સજાની થશે. આ ઉપરાંત બાળકોના મેડિકલ રિપોર્ટ તથા વિગતવાર તપાસ બાદ જ સમગ્ર ઘટના અંગે પોલીસની કાર્યવાહી સ્પષ્ટ થશે. ■

# ખેડામાં ચાંદીપુરા વાઈરસનો કેર

## બે બાળકોનાં વાઈરસથી મોત, આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ બાદ ખેડા જિલ્લામાં પણ ચાંદીપુરા વાયરસે કેર વર્તાવ્યો છે. અત્યાર સુધીમાં અહીંયા ત્રણ જેટલા કેસો નોંધાયા છે. લોકો માટે ચાંદીપુરા વાયરસ હાલ એક ચિંતાનો પ્રશ્ન બની ગયો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ત્રણ બાળકો પૈકી બે બાળકોના ચાંદીપુરા વાઇરસથી મોત થયાં છે. આ વાઇરસને પગલે આરોગ્ય તંત્ર પણ દોડતું થયું છે.

લોકોમાં આ વાઇરસને પગલે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને સર્વે કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા માટીવાળા ઘરોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાઆરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ખેડામાં કુલ ત્રણ ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા છે. જે પૈકી હાલ બે બાળકનાં મોત થયાં છે. બાળકોના મોતને પગલે તેઓના પરિવારમાં પણ હાલ શોકનો માહોલ છવાઈ ગયો હતો. ■

# આણંદ મહાનગરપાલિકા હવે કરમસદ-આણંદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરીકે ઓળખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે તાજેતરમાં રાજ્યમા નવી મહાનગરપાલિકાઓની જાહેરાત કરી હતી. જેમાં આણંદને પણ મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો હતો. આણંદને મહાનગરપાલિકાનો દરજજો મળ્યા બાદ સરદાર પટેલના વતન કરમસદનો મહાનગરપાલિકામાં સમાવેશ કરાયો હતો, ત્યાર બાદ વિવાદનો મધપૂડો છંછેડાયો હતો. લોકોએ કરમસદને મહાનગરપાલિકામાં નહીં સમાવવા માટે આંદોલન શરૂ કર્યું હતું. આ માટે આણંદ-ખેડાના ધારાસભ્યએ મુખ્ય પ્રધાનને રજૂઆત કરી હતી.

આણંદ મહાનગરપાલિકામાં કરમસદનો સમાવેશ કરાતા સરદાર પટેલના કરમસદનું અસ્તિત્વ ભૂંસાય તેવી ભિતી વ્યક્ત કરાઈ હતી. જેથી વિવાદ સર્જાતા આણંદ ખેડાના ધારાસભ્યોએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરતાં મુખ્ય પ્રધાને નામ યોગ્ય કરવા ખાતરી આપી હતી.રાજ્ય સરકારે આણંદ મહાનગરપાલિકાને કરમસદ આણંદ મહાનગરપાલિકા નામ માટે ખાતરી આપી હતી. જેથી હવે આણંદ મહાનગરપાલિકા કરમસદ આણંદ મહાનગર પાલિકા તરીકે ઓળખાશે. ■

# સીએ ફાઈનલ પરિણામમાં અમદાવાદનો દબદબો

## પ્રિયલ જૈન અને પાર્થ શાહ ઓલ ઈન્ડિયા રેન્કમાં ઝળક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધ ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા મે ૨૦૨૫માં લેવામાં આવેલી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ની ફાઈનલ, સીએ ઈન્ટરમિડીયેટ અને સીએ ફાઉન્ડેશનની પરીક્ષાનાં પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં અમદાવાદના વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા રેન્કમાં બાજી મારી હતી.

સીએ ફાઈનલ કોર્સમાં અમદાવાદ કેન્દ્રનાં પરિણામો અંગે માહિતી આપતા આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચનાં ચેરમેન સીએ નીરવ અગ્રવાલે જણાવ્યું હતું કે મે ૨૦૨૫માં લેવાયેલી સીએ ફાઇનલ પરીક્ષામાં બંને ગ્રૂપનું પરિણામ ૧૯.૩૫ ટકા, ગ્રૂપ એકનું પરિણામ ૨૩.૨૮ ટકા અને ગ્રૂપ ૨નું પરિણામ ૨૦.૧૦ ટકા હતું. જે નવેમ્બર ૨૦૨૪માં લેવાયેલી પરીક્ષામાં અનુક્રમે ૧૩.૪૪ ટકા, ૧૬.૮૦ ટકા અને ૨૧.૩૬ ટકાનું હતું. અમદાવાદ કેન્દ્રની પ્રિયલ પ્રમોદ જૈને ભારતમાં ૧૮મો રેન્ક અને પાર્થ અમર શાહએ ૨૮મો રેન્ક મેળવ્યો હતો.

સીએ નીરવ અગ્રવાલે સીએ ઈન્ટરમિડીયેટ કોર્સની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રનાં પરિણામો અંગે જણાવ્યું હતું કે બંને ગ્રુપનું પરિણામ ૧૦.૬૨ ટકા, ગ્રૂપ ૧નું પરિણામ ૧૩.૯૯ ટકા અને ગ્રૂપ ૨નું પરિણામ ૩૩.૧૮ ટકા હતું. જાન્યુઆરી ૨૦૨૫માં લેવાયેલી પરીક્ષામાં આ પરિણામ અનુક્રમે ૨૧.૯૪ ટકા, ૮.૧૨ ટકા અને ૩૧.૫૬ ટકા હતું.

અમદાવાદની કિંજલ રાજેશભાઈ ચૌધરીને ૨૯મો રેન્ક અને યુગ અનિલકુમાર પટેલનો ૩૮માં રેન્ક મળ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે સીએ ફાઉન્ડેશન કોર્સમાં મે ૨૦૨૫માં લેવાયેલી પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રનું પરિણામ ૧૩ ટકા રહ્યું હતું, જે જાન્યુઆરી ૨૦૨૫માં લેવાયેલી પરિણામ ૨૩.૧૬ ટકા હતું. ■

# વર્ચ્યુઅલ સુનાવણીમાં ટોઇલેટમાંથી જોડાયેલા અબ્દુલ સમદ સામે હાઇ કોર્ટની કન્ટેમ્પ્ટની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસ અગાઉ હાઇ કોર્ટની ઓનલાઇન સુનાવણીમાં જોડાનાર એક પક્ષકાર કોર્ટ કાર્યવાહી દરમિયાન ટોઇલેટમાં બેઠો હોવાનો વિવાદાસ્પદ વીડિયો વાયરલ થયો હતો. જેની અતિ ગંભીર નોંધ હાઇ કોર્ટે લીધી હતી અને જસ્ટિસ એ.એસ. સુપૈયા અને જસ્ટિસ આર.ટી. વાચ્છાણીની બેન્ચે ટોઇલેટમાંથી ઓનલાઇન સુનાવણીમાં જોડાનારા અબ્દુલ સમદ વિરૂદ્ધ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ(કોર્ટના તિરસ્કાર)ની કાર્યવાહી હાથ ધરવાના આદેશ કર્યો હતો.

આ સાથે જ આવી અસહજ અને અવમાનના ભરેલી ઘટનાઓ વારંવાર બની રહી હોવાની નોંધ પણ હાઇ કોર્ટે લીધી હતી અને એવો આદેશ કર્યો હતો કે, વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાતી વ્યક્તિ કોર્ટની ગરિમા જળવાય એવી શિસ્ત અને શિષ્ટાચાર જાળવે. આ સાથે જ કોર્ટની લાઇવ સ્ટ્રીમિંગ કાર્યવાહીમાં ભાગ લેતા અરજદારોને અવ્યવસ્થિત અને અનિયંત્રિત રોકવા માટેની પદ્ધતિ વિશે પણ જાણ કરવા આઇ.ટી. વિભાગના રજિસ્ટ્રારને આદેશ કર્યો હતો.

૨૦મી જૂનના રોજ જસ્ટિસ નિર્ઝર દેસાઈની કોર્ટમાં એક અરજીની સુનાવણી દરમિયાન અબ્દુલ સમદ ટોઇલેટમાં બેઠો હોવાનો લાઇવ વીડિયો નજરે પડ્યો હતો અને વાયુવેગે એ વીડિયો વાયરલ થયો હતો. એના થોડાં દિવસ બાદ જ હાઇ કોર્ટના સિનિયર એડવોકેટ બિયરના મગમાંથી ડ્રીન્ક કરતાં હોવાનું ઓનલાઇન સુનાવણીમાં દેખાયું હતું અને હાઇ કોર્ટે એમની સામે કન્ટેમ્પ્ટની કાર્યવાહી હાથ ધરી હતી. આવી ઘટનાઓ વધી રહી હોવાથી હાઇ કોર્ટે ગંભીર નોંધ લીધી હતી. ટોઇલેટમાંથી ઓનલાઇન સુનાવણીમાં જોડાનાર અબ્દુલ સમદ વિરૂદ્ધ હાઇ કોર્ટે સુઓમોટો કન્ટેમ્પ્ટ કાર્યવાહી નોંધવાનો આદેશ આપ્યો હતો.

આ આદેશમાં હાઇ કોર્ટની બેન્ચે નોંધ્યું હતું કે, આવી અસહજ પરિસ્થિતિમાં પ્રિન્સિપલ જજ ચોક્કસ કેસના લાઇવ સ્ટ્રીમિંગ કાર્યવાહી બંધ કરવાનો નિર્દેશ આપી શકે છે. આવી ઘટના કોર્ટના સહાયક કર્મચારીઓ દ્વારા રજિસ્ટરમાં નોંધવાની રહેશે. જો કોર્ટ દ્વારા નિયમોનું કોઈપણ ઉલ્લંઘન ધ્યાનમાં આવે તો ઓનલાઇન સુનાવણીના નિયમોના પેટા-નિયમ (હ) મુજબ, તે કોર્ટને કોર્ટના તિરસ્કાર અધિનિયમ, ૧૯૭૧ અને અન્ય લાગુ પડતા દંડ કાયદાઓ હેઠળ કાર્યવાહી શરૂ કરવાની સત્તા રહેશે. ■

# અમદાવાદના બાપુનગરમાં રાજ્યનું સૌથી મોટું પાસપોર્ટ કેન્દ્ર શરૂ

## પહેલા દિવસે ૬૦૦ લોકોને એપોઇન્ટમેન્ટ અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પૂર્વ વિસ્તારમાં રાજ્યનું સૌથી મોટું પાસપોર્ટ કેન્દ્ર આજથી શરૂ થયું છે. ૭ જુલાઈથી શહેરના પૂર્વ વિસ્તાર બાપુનગરમાં વ્હાઈટ હાઉસમાં પાસપોર્ટ સેવાકેન્દ્ર શરૂ થયું હતું. શહેરના મીઠાખળીમાં વિસ્તારમાં આવેલા પાસપોર્ટ સેવા કેન્દ્રમાં પડતી અગવડતાને પગલે તે સેવા કેન્દ્ર બંધ કરી તેને બાપુનગર શિફ્ટ કરવામાં આવ્યું હતું. નાગરિકોને સુવિધા આપવા પાસપોર્ટ કેન્દ્રમાં તમામ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અમદાવાદ ઉપરાંત સુરત, વડોદરા અને રાજકોટમાં એમ કુલ પાંચ પાસપોર્ટ સેવા કેન્દ્ર છે.

સેવા કેન્દ્ર ખૂલ્યાના પ્રથમ દિવસે ૬૦૦ લોકોને પાસપોર્ટ માટે અપાઇ એપોઇન્ટમેન્ટ આપવામાં આવી હતી. આ સેવા કેન્દ્રમાં પાસપોર્ટ સંબંધિત ફિંગરપ્રિન્ટ, વેરિફિકેશન અને અરજી સબમિટ કરવા સહિતની કામગીરીને લઈને ૩ વિંગમાં અલગ-અલગ કુલ ૩૬ કાઉન્ટર બનાવવામાં આવ્યા છે. અગાઉ પાસપોર્ટ સેવા કેન્દ્ર મીઠાખળી હતું પરંતુ પૂર્વ વિસ્તારમાં પાસપોર્ટ કેન્દ્ર ના હોવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રિજનલ પાસપોર્ટ ઓફિસના અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, બાપુનગરમાં સૌથી મોટા પાસપોર્ટ કેન્દ્રમાં લોકો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સેવા કેન્દ્રમાં વધુ સુવિધા હોવાના લીધે આગામી દિવસોમાં એક જ દિવસમાં ૮૦૦થી વધુ લોકોની પાસપોર્ટની અરજીની કામગીરી હાથ ધરાશે. ■

# મરાઠવાડામાં ખેડૂતોની આત્મહત્યામાં ૨૦ ટકાનો વધારો: ૨૦૨૫ ના પ્રથમ છ મહિનામાં ૫૨૦ મોત

### બીડ જિલ્લો છ મહિનામાં ૧૨૬ ખેડૂતોની આત્મહત્યા સાથે મધ્ય મહારાષ્ટ્ર ક્ષેત્રમાં ટોચ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના મહેસૂલ વિભાગના અહેવાલ મુજબ, મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રના આઠ જિલ્લાઓમાં જાન્યુઆરીથી જૂન (૨૬ જૂન સુધી) ૨૦૨૫ દરમિયાન ૫૨૦ ખેડૂતોની આત્મહત્યા નોંધાઈ છે, જે ગયા વર્ષના આ જ સમયગાળામાં નોંધાયેલા ૪૩૦ કરતા ૨૦ ટકા વધુ છે. ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ છ મહિનામાં ૧૨૬ ખેડૂતોની આત્મહત્યા સાથે બીડ જિલ્લો મધ્ય મહારાષ્ટ્ર ક્ષેત્રમાં આ યાદીમાં ટોચ પર છે. મરાઠવાડાના આઠ જિલ્લાઓમાં જાન્યુઆરીથી જૂન ૨૦૨૪ દરમિયાન ૪૩૦ ખેડૂત આત્મહત્યા જોવા મળી હતી. ૨૦૨૫માં આ જ સમયગાળા દરમિયાન (૨૬ જૂન સુધી) ૫૨૦ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી, એમ અહેવાલમાં જણાવાયું છે. આ ખેડૂતોની આત્મહત્યામાં લગભગ ૨૦ ટકાનો વધારો દર્શાવે છે. જાન્યુઆરી-જૂન ૨૦૨૪ના સમયગાળા દરમિયાન પણ, બીડ ૧૦૧ ખેડૂત આત્મહત્યાના કેસ સાથે જિલ્લાઓમાં ટોચ પર રહ્યું, એમ પણ અહેવાલમાં જણાવાયું છે. આ વર્ષે ૩૧૩ પાત્ર કેસમાંથી ૨૬૪માં અસરગ્રસ્ત પરિવારોને એક્સ-ગ્રેશિયાની ચુકવણી કરવામાં આવી છે, જ્યારે ૧૪૬ કેસ તપાસ હેઠળ છે. ઉપરાંત, ૬૧ કેસ વળતર માટે અયોગ્ય હોવાનું જાણવા મળ્યું છે, જે ગયા વર્ષે જાન્યુઆરી-જૂનમાં ૨૦ કેસ કરતા ત્રણ ગણો વધારો છે, એમ પણ આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. જાન્યુઆરી-જૂન ૨૦૨૫ દરમિયાન જિલ્લા આધારિત ખેડૂત આત્મહત્યાના કેસ: બીડ (૧૨૬), છત્રપતિ સંભાજીનગર (૯૨), નાંદેડ (૭૪), પરભણી (૬૪), ધારાશિવ (૬૩), લાતુર (૩૮), જાલના (૩૨) અને હિંગોલી (૩૧).

# શ્વાનથી બચવા ભાગેલા છોકરાનું છઠ્ઠા માળેથી પટકાતાં મૃત્યુ

*નાગપુર:* નાગપુરમાં રહેણાક ઇમારતમાં ભસી રહેલા શ્વાનથી બચવા માટે ભાગેલા ૧૨ વર્ષના છોકરાનું છઠ્ઠા માળેથી પટકાતાં મૃત્યુ થયું હતું. કલમના પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે પવનગાંવ વિસ્તારમાં દેવ હાઇટ્સ નામની ઇમારતમાં રવિવારે સાંજે ચાર વાગ્યે આ ઘટના બની હતી. જયેશ રવીન્દ્ર બોકડે તેના મિત્ર સાથે ઇમારતના દાદરા ચડી રહ્યો હતો ત્યારે તેને જોઇને શ્વાન ભસવા લાગ્યો હતો. આથી ગભરાયેલો જયેશ ભાગવા લાગ્યો હતો અને દાદરા નજીકની બારીમાંથી તે નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા જયેશને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. દરમિયાન આ પ્રકરણે એડીઆર દાખલ કરીને પોલીસે તપાસ આદરી હતી.

# હોમિયોપેથ્સને મોડર્ન મેડિસિન પ્રિસ્ક્રાઈબ કરવાની મંજૂરી આપવાના નિર્ણયનો વિરોધ

મુંબઈ: ફાર્માકોલોજીમાં છ મહિનાનો કોર્સ પૂરો કર્યા બાદ હોમિયોપેથ્સને મોડર્ન મેડિસિન પ્રિસ્ક્રાઈબ કરવાની મંજૂરી આપવા અંગેના મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ (એમએમસી)ના નોટિફિકેશનની ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)એ સોમવારે ટીકા કરી છે.

મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ (એમએમસી) દ્વારા ૩૦ જૂને બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન પછી આ મુદ્દો ઉપસ્થિત થયો છે. નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્યના મેડિકલ એજ્યુકેશન એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટે હોમિયોપેથી પ્રેક્ટિશનર્સ માટે મોડર્ન મેડિસિનમાં પ્રેક્ટિસ કરવા સર્ટિફિકેટ કોર્સ ઇન મોડર્ન ફાર્માકોલોજી (સીસીએમપી) શરૂ કરવાની મંજૂરી આપી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઇએમએ)ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શિવકુમાર ઉત્તુરેએ પીટીઆઈને જણાવ્યું હતું કે આ ખોટું છે થાય અને અમારો એની સામે વિરોધ છે, કારણ કે એનાથી દર્દીઓ ગેરમાર્ગે દોરાશે અને આધુનિક તબીબી પદ્ધતિઓને નબળી પડશે. (પીટીઆઈ)

# એમએમઆરમાં કનેક્ટિવિટી વધારવા બીએમસી બનાવશે ટનલનું નેટવર્ક

મુંબઈ: ૪ હજાર ૩૯૨ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે તૈયાર થનારા મહત્ત્વાકાંક્ષી મલ્ટિ - મોડલ ટનલ કનેક્ટિવિટી પ્રોજેક્ટની યોજના તૈયાર કર્યાના એક વર્ષ પછી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પુનર્જીવિત કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે લેઆઉટ તૈયાર કરવા માટે પાલિકાએ નવેસરથી એક ટેન્ડર બહાર પાડ્યું છે. ટેન્ડરમાં કન્સલ્ટન્ટ્સને સમગ્ર વિસ્તારમાં ટનલ નેટવર્ક માટે અહેવાલની યોગ્યતા અને માસ્ટર પ્લાન તૈયાર કરવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

શહેરના ટ્રાફિકની ભીડ ઓછી કરવા તેમજ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં કનેક્ટિવિટી વધારવાના હેતુથી આ 'મલ્ટિ-મોડલ' પ્લાનમાં ટનલના નેટવર્કના માર્ગમાં એમએમઆરમાં ટ્રાન્સપોર્ટ નેટવર્કની નવી વ્યવસ્થા રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઓક્ટોબર ૨૦૨૩ માં મહારાષ્ટ્ર સરકારે આગામી ૩૦ વર્ષમાં એમએમઆરના વિકાસને ધ્યાનમાં રાખીને આ ક્ષેત્રમાં કનેક્ટિવિટીને સરળ બનાવવા માટે આ સ્માર્ટ ટનલ નેટવર્ક માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે આઠ સભ્યોની સમિતિની રચના કરી હતી.

નવમા પાનાનું ચાલુ

### શું કહેવું છે

શરૂ કરવાની વિચારણા કરી રહી છે. આ સિવાય લાંબા સમયગાળાના ઉપાય તરીકે મુંબઈ મેટ્રો-વન દ્વારા તેના ધિરાણદારને ઈન્ડિયા ડેબ્ટ રિઝોલ્યુશન કંપની લિ. (આઇઆરસીએલ) દ્વારા નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કન્સ્ટ્રક્શન કંપની લિ. (એનએઆરસીએલ)ને મેટ્રોના કોચ વધારવાની પણ યોજના મોકલવામાં આવી છે.

### નિશિકાંત દુબેએ

પણ તમારી પાસે કઈ ખાણો છે? જો મુંબઈમાં હિન્દીભાષી લોકોને મારનારાઓમાં હિંમત હોય, તો મહારાષ્ટ્રમાં ઉર્દૂભાષી લોકોને મારવાનો પ્રયાસ કરો. પોતાના ઘરમાં કૂતરો પણ સિંહ બનતો હોય છે. તમે જ નક્કી કરો કે કોણ કૂતરો છે અને કોણ સિંહ. નિશિકાંત દુબેએ એમ પણ કહ્યું હતું કે, 'મહારાષ્ટ્રમાં શું છે? તો પછી તમે ઉપરથી અમારું શોષણ કરો છો અને અમને ધમકાવો છો.'

### કુણાલ કામરા

હતી. વિધાનસભાના સચિવ જીતેન્દ્ર ભોલેએ જણાવ્યું હતું કે, 'વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ ભાજપના એમએલસી પ્રસાદ લાડની આગેવાની હેઠળની વિશેષાધિકાર સમિતિને નોટિસ મોકલી છે.' જ્યારે લાડનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે તેમના નેતૃત્વ હેઠળની સમિતિએ વિશેષાધિકાર ભંગની નોટિસ અંગે ચર્ચા કરવા માટે બેઠક કરી હતી અને તેમણે કામરા અને અંધારેને નોટિસ જારી કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

### અબુ સાલેમને

તેને ફાંસીની સજા નહીં આપવામાં આવે તથા તેને પચીસ વર્ષથી વધુ સમય માટે જેલમાં પણ નહીં રાખવામાં આવે. હાઇ કોર્ટે સોમવારે તેની અરજીનો સ્વીકાર કર્યો હતો, પણ કોઇ પણ પ્રકારની રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે સાલેમની ધરપકડ ઓક્ટોબર, ૨૦૦૫ના કરવામાં આવી હતી. તેથી હજી તેણે જેલમાં પચીસ વર્ષ ગુજાર્યા હોય એવું પ્રથમદર્શી જણાઇ રહ્યું છે, એમ હાઇ કોર્ટે કહ્યું હતું. (પીટીઆઇ)

### હાર્બર લાઈનમાં

સીએસએમટી તરફની પહેલી લોકલ ટ્રેન સવારે ૬.૦૨ વાગ્યે રવાના થઈ હતી.

મધ્ય રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, હાર્બર લાઇન પર પુનઃસ્થાપન કાર્ય પૂર્ણ થયું છે, અને વાશી અને બેલાપુર વચ્ચે સવારે ૬.૦૯ વાગ્યાથી સેવાઓ ફરી શરૂ થઈ ગઈ છે. સીએસએમટી-પનવેલ અને થાણે-પનવેલ રૂટ પર ટ્રેનો હવે સામાન્ય રીતે ચાલી રહી છે.

### પર્યુષણમાં

કહ્યું હતું કે પર્યુષણ દરમિયાન જો પ્રાણીઓની કતલ કરવામાં આવશે તો જૈન ધર્મનો મૂળ સિદ્ધાંત જ સાધ્ય થતો નથી. ત્યાર બાદ કોર્ટે સવાલ કર્યો હતો કે શું તે આ પ્રકારનો આદેશ આપી શકે છે?

'એવું ન થાય કે ભવિષ્યમાં આવી માગણી અન્ય ધર્મના સમુદાય દ્વારા કરવામાં આવે. જો જૈન ધર્મ માટે કતલખાના બંધ રાખવાનો આદેશ આપવામાં આવે તો અન્ય ધર્મના લોકો માટે આવા આદેશ મેળવવા માટેના દરવાજા ખૂલી જાય છે. ગણેશચતુર્થી હોય કે નવરાત્રી માટે પણ લોકો આવા આદેશની માગણી કરી શકે છે', એમ કોર્ટે કહ્યું હતું. (પીટીઆઇ)

### ઘાટકોપર સ્ટેશન

રૂપ લઇ શકે છે. વિડીયો જોયા બાદ લોકો વિવિધ પ્રતિભાવો આપી રહ્યા છે, જેમાં કેટલાક અધિકારીઓ પાસેથી પગલાં લેવાની માંગ કરી રહ્યા છે જ્યારે કેટલાક લોકોની બેજવાબદારી માટે ટીકા કરી રહ્યા છે.

ઘાટકોપરનો બીજો એક વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં ઘાટકોપર સ્ટેશન પર પુરુષો ચાલતી ટ્રેનમાંથી બળજબરીથી ધક્કો મારી રહ્યા છે અને કૂદી રહ્યા છે. આ ક્લીપ શેર કરતા યુઝરે લખ્યું હતું કે, ત્રણ દિવસ પહેલાનો આ વિડીયો છે. આ ટ્રેન ઘાટકોપર જતી ફાસ્ટ ટ્રેન હતી અને આ મુસાફરોની રોજિંદી સમસ્યા છે. મુંબઈના ઘાટકોપર સ્ટેશનનો વાયરલ વીડિયો લોકલ ટ્રેનોમાં ભારે ભીડ દર્શાવે છે, જે આ ભયંકર પરિસ્થિતિ મુસાફરો માટે સામાન્ય બનવા અંગે પ્રશ્નો ઉભા કરે છે. ફૂટેજમાં મુસાફરોની ભીડ જોઈ શકાય છે, જેના કારણે લગભગ દોડધામ મચી જવા જેવી સ્થિતિ સર્જાઈ રહી છે.

આ દૃશ્યો ઉપનગરીય રેલ નેટવર્કનો ઉપયોગ કરતા લાખો લોકો દ્વારા સામનો કરવામાં આવતા દૈનિક પડકારોને ઉજાગર કરે છે. જે દર્શાવે છે કે આ મુદ્દો કેટલો ગંભીર બની ગયો છે. મુસાફરો પીક અવર્સ દરમિયાન અનેક સ્ટેશનો પર ભીડની ફરિયાદ કરે છે . આ વિડીયો બાદ, જાહેર માળખાગત સુવિધાઓ અને મુસાફરોની સલામતી અંગે ચર્ચાઓ વધુ તીવ્ર બની છે, જેમાં સુધારાઓ અને મુસાફરીની સ્થિતિમાં શું સ્વીકાર્ય હોવું જોઈએ તેનું પુનર્મૂલ્યાંકન કરવાની વિનંતી કરવામાં આવી છે.ઘાટકોપર સ્ટેશન પરથી સામે આવેલા વીડિયોએ મુસાફરોની સલામતી અને જાહેર પરિવહનમાં, ખાસ કરીને મુંબઈ લોકલ ટ્રેનોમાં, ભીડને પહોંચી વળવા માટે સરકાર શું કરી રહી છે તે અંગે પ્રશ્નો ઉભા કરે છે.

# અંધેરીમાં મેનગ્રોવ્ઝની કતલ કરી ૩૫૦ એકરનો પ્લોટ હડપ: સરકારની તપાસ સમિતિ નીમવાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરી લોખંડવાલા બૅક રોડ પરિસરમાં લગભગ ૩૫૦ એકરની જગ્યા પર રહેલા મેનગ્રોવ્ઝની કતલ કરીને તથા કોસ્ટલ રેગ્યુલેશન ઝોન અને બફર ઝોનનો ઉલ્લંઘન કરીને આ ભરણી કરીને હડપ કરવામાં આવેલા પ્લોટને મુદ્દે વિધાન પરિષદમાં સરકારે તપાસ સમિતિની નીમવાની જાહેરાત કરી છે. તેમ જ પર્યાવરણ પ્રધાન જાતે આ જગ્યાની મુલાકાત લઈને પરિસ્થિતિનો અંદાજ મેળવશે એવો જવાબ વિધાન પરિષદમાં સરકારે આપ્યો હતો. વિધાન પરિષદના સભ્ય અનિલ પરબે લોખંડવાલામાં ૩૫૦ એકરના પ્લોટને મેનોગ્રોવ્ઝની કતલ કરીને ભરણી કરીને જમીન હડપ કરી લેવામાં આવી હોવાને મુદ્દે ધ્યાન આકર્ષક સૂચના વિધાનપરિષદમાં રાખી હતી. ૩૫૦ એકર પર લગભગ છથી સાડા છ ફૂટની જાડી દીવાલ પણ બાંધવામાં આવી છે.

# વિધાનસભા ચૂંટણી પહેલા નકલી જીઆરની સરકાર તપાસ કરી રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારનો ગ્રામીણ વિકાસ વિભાગ એક નકલી જીઆરની તપાસ કરી રહ્યો છે જેના કારણે અહિલ્યાનગર જિલ્લામાં ૬.૯૪ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોને મંજૂરી અને ટેન્ડરિંગ કરવામાં આવ્યું હતું, એમ એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. ગયા વર્ષે નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતા પંદરમી ઓક્ટોબરે લાગુ થયાના થોડા દિવસો પહેલાં ત્રીજી ઓક્ટોબરના રોજ આ બનાવટી સરકારી ઠરાવ જારી કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ એવી માહિતી આપી હતી કે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ભલામણોના આધારે ગામડાઓને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા માટે બજેટ હેડ '૨૫૧૫ ૧૨૩૮' હેઠળ માળખાગત સુવિધાઓના કામોને મંજૂરી આપવામાં આવી હતી.

### ગે સંબંધની

સાથે મળીને મોરેને બ્લૅકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. વીડિયો ક્લિપ્સ સોશ્યલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી મોરેને આપવામાં આવતી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આરોપીઓ જાણતા હતા કે મોરે પ્રતિષ્ઠિત કંપનીમાં કામ કરતો હતો અને કરોડો રૂપિયા શૅરબજારમાં રોક્યા હતા.

આરોપીઓ મોરેની કાર લઈ ગયા હતા અને નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી. આ રકમ તેણે કંપનીના ખાતામાંથી ટ્રાન્સફર કરી હતી, એવું તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ)

### રાજ ઠાકરે

વધુમાં કહ્યું હતું કે, અહીં બધા ખુશ છે, તેમના બોલવા પર ધ્યાન આપવાની જરૂર નથી. મહારાષ્ટ્રના લોકો બધું જાણે છે. આ પછી, ઉદ્ધવે પહલગામવાળા આશિષ શેલારના નિવેદન પર કહ્યું હતું કે, આ લોકો મરાઠીના દુશ્મન છે. અમે કોઈ ભાષાનો વિરોધ નથી કરી રહ્યા. જુઓ, હું હિન્દીમાં વાત કરી રહ્યો છું, અમારા સાંસદો પણ હિન્દીમાં વાત કરે છે. અમારો વિરોધ હિન્દીનો વિરોધ નથી, પરંતુ હિન્દીને ફરજિયાત બનાવવા વિશે છે.

### રાજ્યમાં ૧૧ મહિનામાં

બાળકો મૃત્યુ પામ્યા હોવાનો સવાલ ઉપસ્થિત કર્યો હતો. એ સાથે જ તેમણે એવો પણ પ્રશ્ન કર્યો હતો કે કોલ્હાપુર જિલ્લામાં ૧૧ નવજાત બાળક સહિત ૧,૭૩૬ બાળકોના પણ મૃત્યુ થયા હતા કે?

આ પ્રશ્નો પ્રકાશ આબિટકરે લેખિતમાં હકારાત્મક જવાબ આપ્યો હતો. જોકે તેમણે બાળકોની ઉંમર તથા મૃત્યુનું કોઈ કારણ આપ્યું નહોતું.

### દુબેની ભાજપ

શુક્રવારે તેમના પક્ષના સાંસદ નિશિકાંત દુબે દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનો જવાબ આપ્યો હતો, જેમણે કહ્યું હતું કે જો ઠાકરે (ઉદ્ધવ અને રાજ) મહારાષ્ટ્રની બહાર પગ મૂકશે અને મરાઠી લોકો 'અમારા પૈસા' પર ટકી રહેવાનો આરોપ લગાવશે તો તેમને 'વારંવાર કચડી નાખવામાં આવશે.'

દુબેનું નામ લીધા વિના, શેલારે વિધાનસભામાં કહ્યું કે કોઈએ મરાઠી સમુદાયના યોગદાન પર પ્રશ્ન ઉઠાવવો જોઈએ નહીં. 'ઝારખંડના કોઈ સાંસદે મરાઠી લોકો દ્વારા કરવામાં આવેલા કાર્ય પર ટિપ્પણી કરી છે. હું તેમનું નામ નહીં લઉં – તે આ ગૃહના સભ્ય નથી. પરંતુ મહાયુતિ અને ભાજપ ખૂબ જ સ્પષ્ટ છે, કોઈપણ કાયદાની મર્યાદામાં બોલી શકે છે, પરંતુ કોઈને પણ મરાઠી લોકોના કાર્યો અને યોગદાન પર પ્રશ્ન ઉઠાવવાનો અધિકાર નથી,' એમ તેમણે કહ્યું હતું.

### મનસેના સાત

નોટિસ પાઠવાઇ હતી. આરોપીઓની ઓળખ કરણ કંદનગીર, પ્રમોદ નિલેકર, અક્ષય સાળવી, અમોલ પાટીલ, સચિન સાળુંખે, સચિન સેજવાલ અને અવિનાશ શિરસાટ તરીકે થઇ હતી, જેઓ મનસે સાથે જોડાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. સાતેય વિરુદ્ધ સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

કાશીમીરા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર રાજેન્દ્ર કાંબળેના જણાવ્યા અનુસાર ફરિયાદના ચાર દિવસ બાદ આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું. અમે કાંઇ પણ પેન્ડિંગ રાખવા માગતા નહોતા. અમે વેપારીઓને ઝડપી કાર્યવાહીનું વચન આપ્યું હતું. હવે કોર્ટ આગળનાં પગલાં નક્કી કરશે.

### પાકિસ્તાનની

અંતરે ભારતીય નૌકાદળના રડાર પર એક બોટ દેખાતાં તંત્ર સાબદું થઈ ગયું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ 'એ પાકિસ્તાની માછીમારી બોટ હોવાની શક્યતા' છે, પણ એક વાર બોટ આંતરવામાં આવે પછી તેની ઓળખ અને અન્ય વિગતોની ખાતરી થઈ શકશે.

પ્રથમદર્શી ભારે પવનને કારણે બોટ રાયગડને કિનારે તણાઈ આવી હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. જોકે રાયગડમાં દરિયાકિનારા ફરતેની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

બોટ દેખાયાનો સંદેશો મળતાં જ રાયગડ પોલીસ, બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ), ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યૂઆરટી), નેવી અને કોસ્ટ ગાર્ડના જવાનો રાયગડના દરિયાકિનારે પહોંચી ગયા હતા અને સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. જોકે મુશળધાર વરસાદ અને સૂસવાટા મારતા પવનને કારણે બોટ સુધી પહોંચવામાં ઘણી અગવડ પડતી હતી.

રાયગડનાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ આંચલ દલાલ પણ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે પરિસ્થિતિ પર નજર રાખવા પહોંચ્યાં હતાં. બાર્જની મદદથી આંચલ દલાલે પણ બોટ સુધી જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પ્રતિકૂળ હવામાનને તેમણે પાછાં ફરવું પડ્યું હતું.

સતર્કતા ખાતર જિલ્લામાં અલર્ટ રહેવાની સૂચના પોલીસ સ્ટેશનોને આપવામાં આવી હતી. એ સિવાય દરિયાકિનારાની સુરક્ષાવ્યવસ્થાનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે નવેમ્બર, ૨૦૦૮ની રાતે શસ્ત્રસરંજામ સાથે ૧૦ પાકિસ્તાની આતંકવાદી દરિયાઈ માર્ગે જ મુંબઈ પહોંચ્યા હતા. આતંકવાદીઓએ સર્જેલી ખૂનામરકીમાં ૧૬૬ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે અનેક લોકો ઘવાયા હતા. (પીટીઆઈ)

## જૈન મરણ

**પાલનપુરી જૈન**

પાલનપુર નિવાસી હાલ મુંબઈ, સુરેશભાઈ ચીમનલાલ કોઠારી (ઉં. વ. ૯૪) તે સ્વ. મધુબેનના પતિ. સંજય, સંદીપ, સુજાતા, સોંપેન, નીના, જ્યોતિ, શેખર તથા આશીતાના પિતાશ્રી. સ્નેહ -રિદ્ધિ, સનીલ નિકિતા, સ્મિત સ્નેહા, શ્વેન તમન્ના તથા શૈલીનના દાદા. સ્વ. બાબુલાલ, સ્વ. સુશીલાબેન રમણીકભાઇ પારેખ, સ્વ. કંચનબેન રસિકભાઈ મહેતા તથા સવિતાબેન દિનકરભાઇ શાહના ભાઈ. સ્વ સુરેશભાઈ શાહ, દિનેશભાઇ, મહેશભાઈ, અશોકાબેન દીપકભાઈ મહેતા, કિરીટભાઇ તથા મયંકભાઈના બનેવી. ૬/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

દેદાદરા નિવાસી હાલ બોરીવલી, સ્વ. મહેન્દ્રકુમાર હિંમતલાલ દોશી (ઉં. વ. ૭૨) તે રવિવાર ૬/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. હાર્દિક, પૂર્વી, અપર્ણા, જાગૃતિ, અર્પિતા ભદ્રેશ ગોપાણીના પિતા. સ્વ. જીતેન્દ્રકુમાર, સ્વ. રંજનબેન ચંદ્રકાન્તભાઈ કોઠારી, રસીલાબેન સુમનકુમાર શાહના ભાઈ. રાણપુર નિવાસી સ્વ. મહાસુખલાલ હીરાચંદ વસાણીના જમાઈ. મહેશભાઈ તથા સ્વ. જ્યોતિબેન ચંદ્રકાંત શાહના બનેવી. પ્રાર્થનાસભા ૮/૭/૨૫ના ૧૦ થી ૧૧.૩૦. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાલનપુર જૈન**

શ્રીમતી બિંદુબેન શાહ (ઉં. વ.૭૯) સ્વ. રસિકલાલ ચીમનલાલ શાહ (પાટણ)ના પુત્રી. તે સ્વ. મનુભાઈ દલપતલાલ શાહના પત્ની. બેલાબેન, યોગેશભાઈ, આનંદભાઇ તથા ડોલીબેનના માતુશ્રી. રોહીતભાઇ, સપનાબેન, સ્નેહલભાઇના સાસુ. વિવેક, યશ્વી, હીર, જૈની, સોહિલકુમાર, કથા, સર્વજ્ઞાના દાદી શનિવાર તા.૫/૭/૨૫ના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વહેવાર બંધ છે.

**કચ્છી ગુર્જર જૈન**

મૂળ ભૂજ કચ્છ હાલ ઘાટકોપર, સ્વ. શશીકાંત વાડીલાલ શાહના સુપુત્ર રાજેન શાહ તા. ૬/૭/૨૫ ના મુંબઈ અરિહંતશરણ પામ્યા છે. તે કલાબેનના સુપુત્ર, સીમાના પતિ. મિનલ અને જયના પિતા. સંગીતા સંજય શાહ અને પૂર્વી સચિન દફતરીના ભાઈ. સ્વ. મૃદુલાબેન મણીલાલભાઈ ખંડોર મૂળ માંડવીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૮/૭/૨૫ના ૩- ૫, પારસધામ, વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ અંધેરી, વિક્રમભાઈ વાડીલાલ સંઘવી, (ઉં. વ. ૮૧) ૭-૭-૨૫ના અરિહંતસરણ પામ્યા છે. તે સ્વ. શ્રીમતી રસિલાબેનના પતિ. સોનાલી, સંગીતા, નિરવના પિતા. સંજય, નિલેશ, કવિતાના સસરા. સ્વ. મરઘાબેન વાડીલાલના પુત્ર. મિનાક્ષીબેન, સ્વ. દિલીપભાઈ, ભરતભાઈ, પ્રકાશભાઈના ભાઈ. સ્વ. જેઠાલાલ પદમશી શાહના જમાઈ. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાગલપુરના વાડીલાલ રામજી ગોગરી (ઉં. વ. ૭૯) ૬-૭ના અવસાન પામેલ છે. માતુશ્રી લીલબાઇ રામજીના પુત્ર. રૂક્ષ્મણીના પતિ. નરેશ, શિલ્પા, તરૂણ, ભાવીષાના પિતા. હેમચંદ, જવેરીલાલ, મણીલાલ, ચંદ્રકાંત, સુશીલાના ભાઇ. નાના આસંબીયાના ગંગાબાઇ નરશીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વેસ્ટ). ટા. ૨.૦૦ થી ૩.૩૦. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. નિ. તરૂણ ગોગરી, ૨૦૫, જે.એમ. ધામ, તિલકનગર, ડોંબીવલી (પૂ.).

ભુજપુરના માતુશ્રી કસ્તુરબેન વિશનજી દેઢીયા (ઉં. વ. ૮૫) ૬-૭ના અવસાન પામેલ છે. જેઠીબેન પોપટલાલ હીરજીના પુત્રવધૂ. કલ્પના, મયુરી, ધીરેન, હીમાંશુના માતાજી. મોટી ખાખર મણીબેન/સાકરબેન ગાંગજી રામજીના સુપુત્રી. હરખચંદ, નાની તુંબીના તારાબેન મગનલાલ, પુનડી લક્ષ્મીબેન પ્રેમજી, રામાણીયા મંજુલાબેન વલ્લભજી, ભુજપુર ચંદનબેન મનસુખ, વાંકી જ્યોતિ વિનોદના બેન. જસવંતીના નણંદ. દેશલપુર દકુબાઇ લાલજીના દોહીત્ર વહુ. ભુજપુર કુંવરબાઇ ચાંપશી, રામાણીયાના તેજબાઇ લખમશીના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ધીરેન દેઢીયા, સી-૪૦૩, ધીર પ્રેસીડેન્સી, એમ.જી.રોડ, સ્વીમીંગ પુલની સામે, કાંદીવલી (વે.).

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી સ્થા. જૈન**

વાંકાનેર નિવાસી, હાલ-અંધેરી લોખંડવાલા, કિશોરભાઈ સુખલાલ શાહ (ઉં.વ. ૮૪) તા. ૫-૭-૨૫, શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે રમાબેનના પતિ. શમા કેતનભાઈ ગોસલિયા, પરાગ, અસીમના પિતાશ્રી. તોરલબેન, નીપાબેનના સસરા. સ્વ. જેવતભાઈ, સ્વ. જયેન્દ્રભાઈ, અ.સૌ. વર્ષાબેન મનહરલાલ દોશી, સ્વ. કૈલાશભાઈ, નયનાબેન બકુલેશભાઈ શાહના ભાઈ. બગસરા નિવાસી સ્વ. હરીલાલ નરભેરામ દડિયાના જમાઈ. દેહદાન કરેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સ્વ. શ્રી. હરિલાલભાઈ મોહનલાલ દોમડિયા અને સ્વ. શ્રીમતી દયાબેન હરિલાલ દોમડિયાના સુપુત્ર ગિરિશભાઈ દોમડિયા (ઉં.વ. ૬૯) મૂળ નિવાસી ગોંડલ, હાલ જે.બી.નગર, અંધેરી (પૂર્વ), તેઓ શ્રીમતી ભારતીબેનના પતિ. કૌશલભાઈના પિતા. રૂમીબેનના સસરા. દ્વિશાના દાદા. ગં.સ્વ. અરુણાબેન ચંદ્રકાંત ખોખાણી અને કીર્તિભાઈના ભાઈ. સ્વ. પ્રભાબેન અનુપચંદભાઈ મહેતાના જમાઈ રવિવાર, તા. ૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોરજી જૈન**

ગામ તેરાના લિલાવતી બુદ્ધિચંદ મોતીચંદ શાહ (ઉં.વ. ૮૬) ઘાટકોપર તા. ૬-૭-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે જવેરબાઇ મોતીચંદ ગોરજીના પુત્રવધૂ. સ્વ. તલકચંદ ધનજી ગોરજી અને ધીરજ ધનજી ગોરજીના ભાભી. અંજારના પાનબાઇ કાનજી માણેકજી ગોરજીના સુપુત્રી. સ્વ. હીરાચંદ, સ્વ.સાકરચંદ, સ્વ. રસિકલાલ, સ્વ. વિનોદ (વસરામ), સ્વ. વિજયાબેન, સ્વ. હેમકુંવરબેન, સ્વ. પ્રેમકુંવરબેન, સ્વ. દયાબેન, સ્વ.વેજબાઇના બેન. ભારતી પારસ મૈશેરી, મીના ધર્મેશ મોતા, શર્મિલા લહેરચંદ મૈશેરી, કાશ્મીરા બુદ્ધિચંદ શાહ, ધર્મેશ બુદ્ધિચંદ શાહના માતોશ્રી. પ્રાર્થના રાખેલ નથી.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ગાગોદરના માતુશ્રી ગંગાબેન ભુરાલાલ કોરશી નિસરના સુપુત્ર પ્રેમજીભાઇ (ઉં. વ. ૭૭) શનિવારા તા. ૫-૭-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મિઠીબેનના પતિ. સ્વ. ડાઇબેન ગાંગજી હરખચંદ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૫ના સવારના ૧૦થી ૧૧.૩૦. ઠે. બરફીવાળા હોલ, વર્સોવા પોલીસ સ્ટેશનની બાજુમાં, અંધેરી (વેસ્ટ).બરવિધિ રાખેલ છે.

## પારસી મરણ

બોમી મનચેરશા ભરુચા તે મરહૂમો ગુલચેર મનચેરશા ભરુચાના દીકરા. તે ડોલી, જીમીને મરહૂમો રોશન ને દોલતના ભાઈ. તે ઝના ને નેવીલના કાકા. તે નતાશા ઝુબીન ફરહાદના મામા. (ઉં.વ. ૮૨) રે.ઠે: ૧૯૨૫ સંભુ તારા બિલ્ડિંગ, બીજે માળે, રૂમ નં. ૨૦૧, ૧૧ ખેતવાડી લેન, મેન રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૦૯-૦૭-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. કામા બાગ અગિયારીમાં છેજી.

## પાયદસ્ત

શીરીન રુમી પટેલ તે રુમીના ધનીયાની. તે મરહુમો પેરીન સરોશ લોહરાસબે તે ફરોખના મમા. તે હાવોવીના સાસુ. તે શાહબેહરામ, શાહનાઝ ને મરહુમ ફરખોનેદના બહેન. તે કૈઝાદ ને ખુશનમના બપઇજી. તે મારસેલા ના મોટા બપઇજી. તે એરન જાઇમે ના બપઇ સાસુ. (ઉં. વ. ૯૧) રે. ઠે. ૭૬/૩, વેસ્ટ વ્યૂ, રોડ નં. ૨૫, જૈન સોસાયટી, સાયન (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૨. પાયદસ્ત : તા. ૯-૭-૨૫ને દીને સવારે ૯.૦૦ વાગે ઉપરની ભાભા નં.૧માં ડુંગરવાડી પર. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાલા અગિયારીમાં.

## હિન્દુ મરણ

**ઘોઘારી લોહાણા**

હાલ વસઈ નિવાસી, ગં. સ્વ. હસુમતિ દિનેશચંદ્ર પલાણ (ઉં. વ. ૭૫) તે સ્વ. પ્રભુદાસ વાલજી તન્નાના દીકરી. મહેશભાઈ તન્નાના બહેન, ગં.અરુણાબેન સંજય પલાણ તથા ગં.રીના જીજ્ઞેશ પલાણના સાસુ. સિદ્ધાર્થ તથા નીરવના દાદી. બીના ગીરધરલાલ ઠક્કરના ભાભી ૬/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. પોપટલાલ નાનચંદ શાહ (ભગત)ના નાનાભાઈ સ્વ. પન્નાલાલ શાહના ધર્મપત્ની, ગં. સ્વ પ્રફુલ્લાબેન (ઉં. વ. ૮૮) ૫/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જતીનભાઈ, મનીષાબેનના માતુશ્રી. પારૂલ તથા હેમંતભાઈ શેઠના સાસુ. સુરેશભાઈ મહેશભાઈ દાણી, પ્રતિભાબેન ભૂપેશભાઈ શેઠના મોટાબહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સાદડી રાખેલ નથી. ઠે. ફ્લેટ નં સી ૧૭૦૪, રોયલ સમર્પણ બિલ્ડીંગ, સાંઈનગર, એમ જી ક્રોસ રોડ ૧, કાંદિવલી વેસ્ટ.

**મેઘવાળ**

પાલીતાણા, જિ. ભાવનગર હાલ શાંતિનગર મુંબઈ, મીઠીબેન અને સ્વ.ગોરાભાઈ રાજાભાઈ મારૂના દીકરા સુરેશ, (ઉં. વ. ૫૮) તા.૩/૭/૨૫ના રામશરણ પામ્યા છે. તે ઉષાબેનના પતિ. સ્નેહા(શીતલ), શ્વેતાના પિતા. લક્ષ્મીબેન, અમૃત, સ્વ. દાનજી, કાંતાબેન, મોહન, રમેશના ભાઈ. મયુર, પ્રહ્લાદ, નરેશ, મનોજ, ભારતીબાઈ, મમતાબાઈના સસરા. તેમના બારમાની વિધિ તા.૯/૭/૨૫ના સાંજે ૫ વાગ્યે. ૨/૧૫, મહાત્મા કોટેજ, શાંતિનગર, સાને ગુરૂજી માર્ગ, કસ્તુરબા હોસ્પિટલની સામે, મુંબઈ-૪૦૦૧૧.

**વિસા સોરઠીયા વણિક**

બાપોદરવાલા હાલ કાંદિવલી, દયાળજી હરિદાસ જુઠાલાલ શાહ (ઉં. વ. ૮૫) રવિવાર તા. ૬/૭/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે શાંતાબેન શાહના પતિ. વિપુલ, મનીષ અને કવિતાના પિતા. પ્રીતિ, શાયોકા, હેમંત ઝવેરીલાલ શાહના સસરા. જિયા, શ્યોમ, ભૂમિ અને હિલોનીના દાદા / નાના. ધનજીભાઈ, સ્વ.વલ્લભભાઈ. સ્વ.મનુબેન, સ્વ.બચીબેન, સ્વ.કંચનબેનના ભાઈ. જુઠાલાલ માણેકચંદ શાહના જમાઈ. ૩૦૨, પુષ્પાવાટિકા ઈવજ, પટેલ નગર પાછળ, એમ જી ક્રોસ રોડ ૪, કાંદિવલી પશ્ચિમ. સાદડી પ્રથા બંધ છે.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

શ્રીમતી નયના વ્યાસ (ઉં. વ. ૮૯) તા. ૪થી જુલાઈ, ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભૂપેન્દ્ર જી. વ્યાસના ધર્મપત્ની તેમજ ભાવના, સ્નેહલ અને નીરજના માતુશ્રી અને વિજય વૈદ્ય અને ગોપી વ્યાસ ના સાસુજી હતા. તે સ્વ. સોરાબજી અને ગુલમય પીઠાવાલા (નવસારી) ના પુત્રી તેમજ મેરુ ઉમરીગર, એસપી પીઠાવાલા, સ્વ અરુચ પીઠાવાલા, સ્વ. પીલુ ચીનીવાલા અને આલુ મિર્ઝાના બહેન હતા.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ ધારી હાલ કાંદિવલી મનસુખલાલ સાદરાણી (ઉં. વ. ૯૦) તે સ્વ. ઉજમબહેન તથા વિઠ્ઠલદાસ સાદરાણીના સુપુત્ર સ્વ. રંભાબેન. સ્વ. મોહનલાલ જીવણલાલ ખખ્ખરના જમાઇ. ભારતીબેન (વસુબેન)ના પતિ. અજય, અતુલ, અલકા, કાનાબારના પિતાશ્રી. અ. સૌ. સેજલ અને હિતેનભાઇ કાનાબારના સસરા. સોનીયા, હિતાના દાદા. તા. ૭-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની સ્મશાનયાત્રા તા. ૮-૭-૨૫ના સવારે ૧૦.૦૦ વાગે નિવાસસ્થાનઃ એ/૬૦૩, રાજ આર્કેડ, મહાવીરનગર, કાંદીવલી (વેસ્ટ), પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવગામ ભાટીયા**

સ્વ. રામ આશર તા. ૬-૭-૨૫ના શ્રીજીના ચરણ પામ્યા છે. લીનાબેનના પતિ. સ્વ. મધુબેન ધીરજલાલ આશરના પુત્ર. તે સ્વ. નલિની ચંદ્રકાન્ત ગોકળગાંધીના જમાઇ. યશ અને પ્રીતીના પિતાશ્રી. તે ગૌરવ અને ધૃમીના સસરાજી. શોકસભા તા. ૧૦-૭-૨૫ને ગુરુવારે ભાટિયા ભગીરથી ચીરાબજાર સાંજે ૪.૩૦થી ૫.૩૦. લૌકીક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

સુરેન્દ્રભાઇ (ઉં. વ. ૭૫) તે સ્વ. દમયંતીબેન મથુરાદાસ કાપડિયાના પુત્ર. સ્મિતાબેનના પતિ. સ્વ. જયાબેન રણછોડદાસ પમાણીનાં જમાઇ. સ્વ. પ્રદીપભાઇ, ચંપુબેન, સ્વ. નલિનીબેન, ગં. સ્વ. વીણાબેનના ભાઇ. ભાવિન-ભવ્યા અને ડિમ્પલ પ્રશાંતના પિતા. કૃપાના દાદા. તા. ૬-૭-૨૫નાશ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૭-૨૫ના મંગળવારના. ઠે. બાલકંજીબારી, રાજાવાડી, ઘાટકોપર (પૂર્વ), સાંજે ૪.૩૦થી ૬.

**દશા શ્રીમાળી વણિક**

જયંતકુમાર શાંતિલાલ શાહ (ઉં. વ. ૮૭) (ગામ રાણીપરા) હાલ મુંબઇ ગીરાબેનના પતિ. ગૌરાંગ (અમેરિકા) અને દેવાંગના પિતા. ગીતા (અમેરિકા)ના સસરા. ઇશત (અમેરિકા)ના દાદા. તા. ૫-૭-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો તરોતાજા

# MY GDP એટલે શું?




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

**પ્રેક્ટિસિંગ** ફાઇનાન્શિયલ પ્લાનર તરીકેના મારા વર્ષોના અનુભવ દરમિયાન મેં જોયું છે કે રોકાણકારો અર્થતંત્રમાં સતત આકાર લઈ રહેલી ઘટનાઓથી ચિંતિત થાય છે, જેમકે...

'દેશના જીડીપીનું શું થશે? જીએસટીનું કલેક્શન વધારે થશે કે નહીં? હવેના બજેટ વખતે કોર્પોરેટ ટેક્સ વધશે કે ઘટશે?' વગેરે સવાલ વારંવાર સાંભળવા મળતા હોય છે.

આમ જૂવો તો કોઈ કોઈ અપવાદ બાદ કરતાં વાસ્તવિક જીવનમાં આ બધી બાહ્ય સ્થિતિની આપણા પરિવારની આંતરિક સ્થિતિ પર ઓછી અસર થતી હોય છે. સંતાનોનાં શિક્ષણ અને લગ્ન, પરિવારનું વેકેશન, પોતાનું નિવૃત્તજીવન વગેરે માટે જોગવાઈઓ કરવી એ બધી આપણી આંતરિક સ્થિતિ છે. આપણાં પોતાનાં નાણાકીય લક્ષ્યો, પોતાની જવાબદારીઓ, આકાંક્ષાઓ એ બધાની યાદી બનાવવાનું કામ પડકારરૂપ હોય છે. પછી જે કંઈ થાય તેની જવાબદારી સંપૂર્ણપણે પોતાની હોય છે.

એ વાતને ધ્યાનમાં લઈને આજથી આપણી આ કોલમ દ્વારા બાહ્ય સ્થિતિ તરફનું વાચકોનું ધ્યાન આંતરિક સ્થિતિઓ તરફ વાળવાનો પ્રયાસ કર્યો છે. એ માટે આર્થિક જગતમાં વપરાતી પરિભાષાના અમુક અગત્યના શબ્દો આંતરિક જગતમાં કેવી રીતે લાગુ થાય છે એ અહીં સમજાવવામાં આવ્યા છે, જેમકે MY GDP એટલે શું?

વાસ્તવિક જીવનમાં આપણા દેશની GDP (કુલ રાષ્ટ્રીય પેદાશ) વધે છે કે ઘટે છે તેના કરતાં આપણા માટે વધુ મહત્ત્વની વાત એ છે કે આપણે દીકરી/દીકરાના ઉચ્ચ શિક્ષણ માટે, લગ્ન માટે, વિદેશ ફરવા જવા માટે કે પછી બીજા કોઈ પણ નાણાકીય લક્ષ્ય માટે આયોજન કર્યું છે કે નહીં. હકીકતમાં આપણે પોતાના ઘરની GDP અર્થાત્ MY GDP (એટલે કે GOALS DREAMS PLAN - લક્ષ્યો અને આકાંક્ષાઓ પૂરી કરવાનું આયોજન વિચારવું રહ્યું. એ માટે MY GDP બનાવવા માટેની સરળ રીત આ રહીઃ

આખા પરિવારનો એક ગ્રૂપ - સેલ્ફી લો. એ સેલ્ફીની બાજુમાં પોતાની નાણાકીય જવાબદારીઓ અને નાણાકીય લક્ષ્યો લખી કાઢો. એ સેલ્ફીને MY GDP એવું નામ આપો. ત્યાર પછી હંમેશાં MY GDP ને લક્ષમાં રાખીને આગળ વધો, કારણ કે દેશની GDP કરતાં એ વધુ અગત્યની છે.

સેલ્ફી સાથેની આ MY GDP ની તસવીર દરેક પરિવારજન રોજ જોઈ શકે એવી જગ્યાએ ગોઠવો.. આટલું કર્યા બાદ રોકાણ હોય, વીમો હોય, કરજ હોય કે બીજું કંઈ હોય, જીવનનો દરેક નાણાકીય નિર્ણય MY GDP ને ધ્યાનમાં રાખીને જ લેવાનો પૂરતો પ્રયાસ કરવો...

હવે ધારી લો કે તમે રિક્ષા કે ટેક્સીમાં બેસો ત્યારે ડ્રાઇવર પહેલો સવાલ આ જ કરતો હોય છે, 'સા'બ કહાં જાના હૈ આપકો?'

હવે ધારો કે તમે એમ કહો, 'પતા નહીં' તો એ જવાબ મળ્યા પછી સામેવાળા માણસની બે પ્રતિક્રિયા હોઈ શકે છે. ૧) એ તમને પોતાના વાહનમાંથી ઉતરી જવાનું કહે અને ૨) આપણને રસ્તો ખબર નથી એમ માનીને પોતાના માટે વધુ કમાણી કરવા આપણને ગોળ-ગોળ ઘુમાવ્યા કરે.

હું મારાં વક્તવ્યોમાં મોટાભાગે આ સવાલ પૂછું છું: 'તમારામાંથી કેટલા લોકો જીવનમાં ભરપૂર પૈસા કમાવા માગે છે?'

સવાલ સાંભળીને દરેક જણ હાથ ઊંચો કરે. પછી હું બીજો સવાલ કરું, 'તમારે જીવનમાં ઘણા બધા પૈસા શું કામ જોઈએ છે?' મારો આ સવાલ જરા વિચિત્ર લાગે એવો છે. 'જીવનમાં બધાને જ ઘણા બધા પૈસા જોઈતા હોય છે એ જ રીતે મને પણ જોઈએ છે.' એવો વિચાર શ્રોતાઓના મનમાં આવતો હશે.

આથી જ મારો આ સવાલ સાંભળ્યા પછી શ્રોતાઓમાં શાંતિ પ્રસરી જાય છે. ધીમે ધીમે અમુક લોકો જવાબ આપવા લાગે છેઃ 'સુખસુવિધાપૂર્ણ જીવન જીવવા માટે,' 'ઉચ્ચ જીવનશૈલી ટકાવી રાખવા માટે,' વગેરે, વગેરે. આ જવાબ સાંભળ્યા પછી હું વધુ એક સવાલ કરું છું.

'તમને સુખસુવિધાપૂર્ણ જીવન જીવવા માટે અને પોતાની જીવનશૈલી ટકાવી રાખવા માટે ચોક્કસ કેટલાં નાણાંની જરૂર છે?' ફરી પાછી શાંતિ છવાઈ જાય છે.

આ તબક્કે હું વળી એક પ્રશ્ન પૂછી લેતો હોઉં છું.

'તમે જીવનમાં જેના માટે ઘણા બધા પૈસા મેળવવા ઈચ્છો છો એવી જવાબદારીઓ, ઈચ્છાઓ, આકાંક્ષાઓની સ્પષ્ટ લેખિત યાદી કોની- કોની પાસે છે? કોણે-કોણે આ યાદી જીવનસાથીની સાથે બેસીને બનાવી છે?' એવું પણ હું પૂછી લઉં છું.

જાહેર વક્તા તરીકેના મારા વર્ષોના અનુભવમાં માત્ર પાંચથી દસ ટકા વ્યક્તિઓ/યુગલોએ કહ્યું છે કે એમણે સાથે બેસીને પોતાની જવાબદારીઓ અને આકાંક્ષાઓની યાદી બનાવી છે. બાકી બધા મોં વકાસીને બેસી રહ્યા છે. રિક્ષા/ટેક્સીમાં બેસીને 'પતા નહીં હૈં' કહેવા જેવી આ વાત છે. આ સ્થિતિમાં રિક્ષા/ટેક્સીવાળો આપણને લાંબા રસ્તે લઈ જઈને પોતાની કમાણી વધારી દેતો હોય છે.

પોતાને ઘણા બધા પૈસા જોઈએ છે, પરંતુ પોતાની ઈચ્છાઓ-આકાંક્ષાઓની યાદી બનાવી નથી એવા લોકો માટે એમ કહી શકાય કે તેઓ બીજા કોઈનાં નાણાકીય લક્ષ્યો પૂરાં કરવા માટે કામ કરી રહ્યા છે. ■


ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

# બિહેવિયરલ ફાઈનાન્સમાં અવેઈલેબિલિટી બાયસ એટલે શું?

**અત્યાર** સુધીમાં આપણે બિહેવિયરલ ફાઇનાન્સના કેટલાક પૂર્વગ્રહો વિશે વાત કરી ચૂક્યા છીએ. તેમાં એન્કરિંગ બાયસ, કન્ફર્મેશન બાયસ, હાઇન્ડસાઇટ બાયસ, સંક કોસ્ટ ફેલસી અને હર્ડ મેન્ટાલિટી બાયસનો સમાવેશ થાય છે. આજે આપણે અવેઇલેબિલિટી બાયસ વિશે વાત કરીશું.

## અવેઈલેબિલિટી બાયસ એટલે ઉપલબ્ધ માહિતીના આધારે લેવાતા નિર્ણય

કોઈ પણ કામ માટે ઉપયુક્ત ન હોવા છતાં ફક્ત સહેલાઈથી ઉપલબ્ધ હોવાને કારણે જે માહિતીના આધારે નિર્ણયો લેવામાં આવે તો એને અવેઇલેબિલિટી બાયસ કહે છે. આ વૃત્તિ પણ માનવસહજ છે. તત્કાળ જે ઉપલબ્ધ હોય અને જેના આધારે ત્વરિત નિર્ણય લેવામાં આવે અથવા નિષ્કર્ષ કાઢવામાં આવે એવી માહિતીનો ઉપયોગ કરવાનું સામાન્ય સંજોગોમાં બનતું હોય છે. લોકો જોઈતી માહિતી શોધવા માટે મહેનત કરવાને બદલે અને ઉપલબ્ધ- હાથવગી માહિતીનું વિશ્લેષણ કે ચકાસણી કરવાને બદલે એ માહિતીના આધારે નિર્ણય લઈ લેતા હોય છે. આને કારણે જે વસ્તુ સહેલાઈથી યાદ આવી જાય એના આધારે નિર્ણય લેવાઈ જતા હોય છે. વળી, આપણને અમુક વાતો યાદ રહી જવા પાછળ પણ અનેક પરિબળ હોય છે. તેમાં આપણી માન્યતા અપેક્ષા અને લાગણીનો સમાવેશ થાય છે. કોઈ વાત કેટલી વાર આપણી સામે આવી હોય એના આધારે પણ યાદગીરી નક્કી થાય છે. દાખલા તરીકે : રોજેરોજ દેખાતી વસ્તુઓ જલદીથી યાદ રહી જાય છે એટલે એ યાદ આવી જાય છે. સાંભળેલી વાતો કરતાં જોયેલી વસ્તુઓ વધારે યાદ રહે છે.



ટૂંકમાં, અવેઇલેબિલિટી બાયસ વિશે એમ કહી શકાય કે લોકો જ્યારે કોઈ ઘટના બનવાની શક્યતા વિશે અથવા એ ઘટના કેટલી વાર બનશે એના વિશે સહેલાઈથી યાદ આવતાં ઉદાહરણ અથવા સરખેસરખી સ્થિતિના આધારે નિષ્કર્ષ પર પહોંચે ત્યારે અવેઇલેબિલિટી બાયસ થયો કહેવાય.

ઉપરોક્ત ચર્ચાના આધારે ખયાલ આવે છે કે અવેઇલેબિલિટી બાયસમાંથી બીજા બે બાયસ પ્રગટ થાય છે. એક,

સહેલાઈથી યાદ આવતી માહિતી અને બે, તત્કાળ પ્રાપ્ત થતી માહિતી. સહેલાઈથી યાદ આવતી માહિતી એમ કહેવા પાછળનું તાત્પર્ય એ છે કે જે વસ્તુઓ સહેલાઈથી યાદ આવી જાય છે એનો ઉપયોગ સહેલાઈથી કરી દેવાય છે. કંઈક નવું શોધવાને બદલે જે ઉપલબ્ધ હોય એનો જ ઉપયોગ કરી લેવો એ મનુષ્યની સહજ વૃત્તિ છે, જેમકે જ્યારે પણ શૅરબજારમાં મોટો ઉછાળો આવે છે ત્યાર પછી મોટું કરેક્શન પણ આવે છે. આ માહિતી સહેલાઈથી યાદ આવી જાય છે.

તત્કાળ પ્રાપ્ત થતી માહિતી દ્વારા એ કહેવાનું છે કે જે માહિતી જલદીથી શોધી શકાય તેનો ઉપયોગ સહેલાઈથી થઈ જતો હોય છે.

અવેઇલેબિલિટી બાયસનું એક વધુ ઉદાહરણ જોઈએ. ધારો કે એક ભારતીય રોકાણકારને એમ લાગે છે કે ભારત ઊભરતું અર્થતંત્ર છે અને પાછલાં દસ વર્ષમાં અહીં શૅરબજારમાં ઘણું સારું વળતર મળ્યું છે. આથી એમણે ભારતમાં જ રોકાણ કર્યું છે. હવે એ ભારતીય બજાર સાથે અમેરિકન બજારની તુલના કરે છે તો એમને લાગે છે કે દસ વર્ષના ગાળામાં ભારત કરતાં અમેરિકામાં વધારે વળતર મળ્યું છે. હવે સવાલ એ છે કે ભારત વિશેની એમની માન્યતા કઈ રીતે કેળવાઈ હતી? આ માન્યતા પાછળનું કારણ એ હતું કે એમણે છેલ્લાં દસ વર્ષમાં ક્યારેય અમેરિકન બજાર તરફ જોયું ન હતું. એમને ભારતીય શૅરબજારની કામગીરી જોઈને જ હર્ષ થતો અને તેથી બીજે ક્યાંય ધ્યાન ન હતું.

એમને લાગ્યું હતું કે અમેરિકામાં વ્યાજદર નીચા હોવાથી શૅરબજારમાં પણ સામાન્ય વળતર મળતું હશે. આ માન્યતાને લીધે એમણે ભારતમાં જ રોકાણ કરવાનું નક્કી કર્યું.

## અવેઈલેબિલિટી બાયસથી કેવી રીતે મુક્ત થવું?

વિવિધ પ્રકારના અનુભવો ધરાવતી ટીમ તૈયાર કરો. તેને લીધે અવેઇલેબિલિટી બાયસ બનતો અટકી જશે, કારણ કે લોકો એકબીજાના બાયસને પડકારશે અને વધુ ઊંડાણમાં ઊતરવાનો પ્રયાસ કરશે. ટીમ પાસેથી પ્રતિક્રિયાઓ લેવી. તેને લીધે એકબીજાના અનુભવના આધારે દૃષ્ટિકોણ વ્યાપક બનશે. બીજાઓને અલગ અલગ દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરવા માટે પ્રોત્સાહિત કરો.

આ જ રીતે, ઉપલબ્ધ માહિતીનો સહારો લેવાને બદલે વધુ વિશ્વસનીય માહિતી શોધો અને વધુ સંભાવનાઓનો વિચાર કરો. જરૂર પડ્યે નિષ્ણાતની સલાહ લો. નિર્ણય લેતી વખતે પોતાના નેટવર્કનો ઉપયોગ કરો. બીજાઓ પોતાના વિચારો તમને સહેલાઈથી કહી શકે એવું વાતાવરણ તૈયાર કરો. ફંડામેન્ટલ્સનો વિચાર કરો. સહેલાઈથી મળતી કોઈ પણ માહિતી વિશે વિચાર આવે ત્યારે ઊંડો શ્વાસ લઈને બીજા વિકલ્પ વિચારી જુઓ અને ઉતાવળે નિર્ણયો લેવાનું ટાળો.

શક્ય છે કે તમે પહેલાં વિચાર્યું હોય એના કરતાં સાવ અલગ જ નિર્ણય લેવાઈ જાય તો એમાં કંઈ ખોટું નથી. આખરે તો આપણે યોગ્ય નિર્ણય લેવાનું મહત્ત્વનું છે- સહેલો નિર્ણય નહીં. ■

# આ છે તમારી ત્વચાનો ઓલરાઉન્ડર રખેવાળ...

## વનસ્પતિ એક... ફાયદા અનેક!



feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

**ચહેરો** સાફ કરવા માટે બજારમાં જાતજાતના ફેસવોશ ઉપલબ્ધ છે. એક સમય એવો પણ હતો જ્યારે નાહવા, વાળ ધોવા અને મોઢું ધોવા એક જ સાબુ વપરાતો હતો. તેનાથી પણ પહેલાં લોકો કુદરતી તત્ત્વોનો ભરપૂર ઉપયોગ કરતાં હતાં. આજે પણ આ કુદરતી ઉપાયો આપણી આસપાસ ઉપલબ્ધ છે. મલ્ટિનેશનલ કંપનીઓ તેમના મોંઘાદાટ ઉત્પાદનોમાં આ જ તત્ત્વોના અર્ક હોવાનો દાવો કરીને આપણા ખિસ્સા ખંખેરે છે.

આવી જ એક વનસ્પતિ, જેને આયુર્વેદ પણ એના ઔષધીય તત્ત્વોને માન્યતા આપે છે અને એ છે કડવો લીમડો...

આ કડવા લીમડાના ઔષધીય ગુણોના કારણે તેના બહુવિધ ઉપયોગ આપણે ત્યાં પેઢીઓથી થતા આવ્યા છે. આવો જ એક ઉપાય છે તેને ફેસવોશ તરીકે વાપરવાનો.

આવો, જાણીએ કે કેવી રીતે કડવા લીમડાને અન્ય કુદરતી પદાર્થો સાથે સંયોજિત કરીને ચહેરાને સ્વચ્છ અને સ્વસ્થ રાખી શકીએ.



લીમડો ખીલ, ફોલ્લા અને ડાઘ દૂર કરવામાં અસરકારક છે. તે ત્વચા સંબંધિત ઘણી અન્ય સમસ્યાઓ પણ દૂર કરે છે. તેમાં બળતરા વિરોધી ગુણધર્મો છે. એ વધારાનું તેલ શોષી લે છે અને તૈલી ત્વચાથી છુટકારો અપાવે છે. લીમડો ત્વચાને ચમકદાર બનાવે છે. જોકે ઘણા લોકો ચહેરા પર લીમડાનો ફેસ પેક લગાવે છે, પરંતુ તમે ઇચ્છો તો લીમડાના પાણીથી પણ તમારો ચહેરો ધોઈ શકો છો.

### લીમડાના પાનનું પાણી

લીમડાના પાનને પાણીમાં ઉકાળીને તમારો ચહેરો ધોઈ શકો છો. આ માટે, ૨-૩ કપ પાણી લો. તેમાં ૧૦-૧૫ લીમડાના પાન ઉમેરો. હવે પાણી અડધું થઈ જાય ત્યાં સુધી ઉકાળો. આ પાણીને થોડું સામાન્ય થવા દો. પછી તમે આ પાણીથી તમારો ચહેરો ધોઈ શકો છો. લીમડાના પાનથી ચહેરો ધોવાથી ખીલ અને ત્વચા પરના ડાઘ દૂર થાય છે. આંખોમાં એલર્જી હોય ત્યારે પણ લીમડાના પાણીથી સાફ કરવાથી ફાયદો થાય છે.

### લીમડા ને તુલસીના પાન

તમે લીમડા અને એની સાથે તુલસીના પાનનેય પાણીમાં ઉકાળીને પણ તમારો ચહેરો ધોઈ શકો છો. આ માટે, પાણી લો અને તેમાં લીમડા અને તુલસીના પાન ઉમેરો. પછી એને ઉકાળો. પાણી સામાન્ય થાય પછી એ પાણીથી તમારા ચહેરાને ધોઈ શકો છો. તેમાં રહેલા એન્ટિ-બેક્ટેરિયલ અને એન્ટિ-ઇન્ફ્લેમેટરી ગુણ ત્વચાને બેક્ટેરિયા વગેરેથી બચાવે છે.

ખીલની સમસ્યામાં પણ તેનાથી રાહત મળે છે.

### લીમડો ને એલોવેરા

લીમડાના પાણીમાં એલોવેરા (કુંવારપાઠું) જેલ મિક્સ કરીને પણ ચહેરો ધોઈ શકો છો. આ માટે લીમડાના પાણીમાં એલોવેરા જેલ ઉમેરો અને પછી પેસ્ટને ચહેરા પર લગાવો. અડધા કલાક પછી ત્વચાને સાદા પાણીથી ધોઈ લો. એલોવેરા ત્વચાને મોઇશ્ચરાઇઝ કરે છે. તે ખીલની સમસ્યામાં રાહત આપે છે. ઉપરાંત, તે ચહેરાના સોજાને ઘટાડે છે.

આમ લીમડો માત્ર ચહેરો સાફ કરવા નહીં, નાહવા માટે પણ ઉત્તમ છે. લીમડાનું સંસ્કૃત નામ 'નિમ્બા' છે, જેનો અર્થ 'સારું સ્વાસ્થ્ય' થાય છે.



આયુર્વેદ અનુસાર, જ્યારે પણ હવામાનમાં થોડો ફેરફાર થાય છે, ત્યારે તમારે ચોક્કસપણે લીમડાના પાણીમાં સ્નાન કરવું જોઈએ, જેથી તમે રોગોથી બચી શકો. ઋતુ પરિવર્તનના સમયે ઘણી બીમારીઓ ફેલાય છે અને આપણી રોગપ્રતિકારકશક્તિ પણ સામાન્ય રીતે નબળી પડી જાય છે તેથી જો તમે પાણીમાં લીમડાના પાન ઉમેરીને સ્નાન કરો તો તમે બીમારીથી સુરક્ષિત રહી શકો છો.

નાહવા માટે પણ રીત બહુ સહેલી છે. લીમડાના પાનને ગરમ પાણીમાં થોડો સમય રહેવા દો, જેથી તે પાણીમાં થોડા ઘોળાઈ જાય. ત્યાર બાદ પાંદડા હટાવીને તે પાણીથી સ્નાન કરી શકો છો. શરીરમાંથી આવતી વાસને દૂર કરવાનો પણ આ પ્રાકૃતિક ઉપાય છે.

શિયાળાની ઋતુમાં, ટોપી વગેરે પહેરવાને કારણે ઘણા લોકોને વાળ ખરવાની સમસ્યાનો સામનો કરવો પડે છે. જો તમે ઉનાળાની ઋતુથી શિયાળાની ઋતુમાં બદલાવ દરમિયાન લીમડાના પાણીથી માથું ધોશો તો તમે ખોડાથી છુટકારો મેળવી શકો છો. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# સ્વસ્થ રહેવા તહેવારોની ઉજવણી જરૂરી...





એક સમય હતો કે, ભારતીય સંસ્કૃતિમાં, દરરોજ કોઈને કોઈ તહેવાર મનાવાતો, આખું વર્ષ તહેવારો મનાવવાને કારણે જીવનમાં ઉત્સાહ અને ઉમંગ આવે છે. માટે જ તહેવારોનું અધિક મહત્ત્વ હતું. આપણી સંસ્કૃતિ એ સંપૂર્ણ ઉત્સવ પ્રેમી છે. ખેતર ખેડવાથી લઈ વાવણી અને લણણી સુધી વિવિધ તહેવારો, ઉત્સવો મનાવતા હતા. આજે પણ આપણે ઉત્સવ મનાવીએ છીએ, પરંતુ તેમાં લાગણીને અને મૂળ વાતને ધ્યાન નથી અપાતું. ફોટા પાડવા, સારા કપડાંનો દેખાવ વધી ગયો છે. તહેવારો મનાવવાના મૂળમાં સ્વાસ્થ્ય જળવાતું હતું. તહેવારો નથી મનાવી શકતા તેના બીજા પણ કારણો છે. સમયનો અભાવ, તહેવાર મનાવવાની જાણકારી નથી. આર્થિક ઉપાજન માટે ઘરથી દૂર, સાધનોની કમી જેવાં કારણોને લીધે તહેવાર મનાવવામાં નથી આવતાં.

તહેવારોની બહુ મોટી ઉજવણીની જરૂરિયાત નથી. તેમાં વપરાતી સ્વાસ્થ્યને લગતી વસ્તુઓ, કે ખાદ્ય-પદાર્થનો ઉપયોગ કરી સ્વાસ્થ્યને ઠીક રાખી શકાય છે જેથી ઉમંગ, ઉત્સાહ અને સ્વાસ્થ્ય જળવાઈ રહે. જીવન આનંદમય બનાવી શકાય. આ આજની યુવા પેઢી માટે ખૂબ જરૂરી છે ભણતરનો બોજ અને પછી કામકાજનો બોજ શારીરિક અને માનસિક રીતે સ્વાસ્થ્ય બગાડી રહ્યું છે. આપણી સંસ્કૃતિમાં પાછા લાવવા ઘણા લોકો મહેનત કરી રહ્યા છે.

ચોમાસાના દિવસો એટલે આધ્યાત્મિક સફર ચાલુ થાય. તહેવારો ક્રમબધ આવે છે. સ્વાસ્થ્ય અને માનસિક શાંતિ માટે ચાતુર્માસ મહત્ત્વનું છે આમાં આવતા તહેવારો શરીરમાં ઉમંગ અને ઉત્સાહ ભરી દે છે. લોકો સાથે હળવા-મળવા મળે છે.

વર્ષાઋતુની શરૂઆતમાં આવતા તહેવાર એટલે મોળાકાત, ગૌરીવ્રત, દિવાસો, જયાપાર્વતી, નાગપંચમી, શીતળા સાતમ, ગોકુળ અષ્ટમ વગેરે તહેવારો સ્વાસ્થ્યને લગતા તહેવાર છે. મોળાકાત એ નાની બાળાઓ કરે છે જેમાં પાંચ દિવસના વ્રત છે જેમાં મીઠા વગરનું ભોજન લેવામાં આવે છે. પાંચમના દિવસે જ્વારા રોપવામાં આવે છે. અગિયારસથી પૂનમ સુધીનો તહેવાર છે, જેમાં મોરશની ભાજી ખાવામાં આવે છે. સાથે દહીંનો ઉપયોગ થાય છે. મોરશની ભાજી એ થાઈરોઈડની ભાજી પણ કહેવાય છે. થોડી નમકીન છે. સમુદ્રની આસપાસ ઊગે છે, જેમાં ભરપૂર માત્રામાં આયોડિન છે. ઓમેગા છે. એન્ટિઓક્સિડેન્ટ છે. ઉચ્ચ પ્રકારનું કેલ્શિયમ છે. તહેવારમાં આનો વપરાશ થાય છે જેથી ભવિષ્યમાં થાઈરોઈડ ન થાય. આ વ્રત પાંચ વર્ષ ચાલે છે. જે શરીરમાં આયોડિનની માત્રા જાળવી રાખે છે. વ્રત ન પણ કરતાં હોઈ તો પણ આ ભાજીનો ઉપયોગ મુઠિયા, પરોઠા, રાયતું કે શાક બનાવી ખાઈ શકાય છે જેથી આયોડિન મળી રહે. થાઈરોઈડની સમસ્યાવાળાઆને ભરપૂર ઉપયોગ કરવો જોઈએ. આ ભાજી લૂણી ભાજી, ડુંગર ભાજી જેવાં અન્ય નામો પણ છે. આ ભાજી બહુ થોડો જ સમય મળે છે. ફૂલકાજળી કે જયાપાર્વતી વ્રતમાં પણ નમકનો ત્યાગ હોય છે. જેમાં જવારાનો રસ, ફળો, દૂધનો ઉપયોગ થાય છે, જેથી શરીરમાં ઊર્જાનો સંચાર થાય છે. દિવાસો વ્રતમાં પણ નમકનો ત્યાગ એકટાણુંથી કે ઉપવાસથી કરે છે. નમકના ત્યાગને કારણે શરીરમાં સોડિયમની માત્રા પર કાબૂ થવાનો છે. સોડિયમ વધી જવાથી બી.પી., સોજા કે કિડનીની સમસ્યાઓ થાય છે. આ વ્રતો અને ખાવાપીવાના નિયમને કારણે શરીરમાં સુખાકારી જળવાય છે.

ભારત ખેતી પ્રધાન દેશ છે જે જમીનથી જોડાયેલા છે સર્પ કે નાગનું રહેવાનું જમીન છે. ખેતી વરસાદમાં થાય છે તેથી સર્પ કે નાગ અંદરની જમીનમાંથી બહાર આવે છે તેમાં વિષ હોય છે તેથી લોકોને ડર કે ભય લાગે છે. આ ડરથી મુક્તિ માટે નાગપંચમ ઉજવાય છે. સર્પ કે નાગ પણ આપણા મિત્ર જેવા છે. શરીરમાં ઝેરી તત્ત્વોનો નાશ પમાડવા માટે નાગપાંચમ તહેવાર ઉજવાય છે તે દિવસે લોકો એકટાણું કરે છે. વિવિધ પ્રકારની કુલર, દૂધ અને ભીંજવેલા મગનો ઉપયોગ કરે છે. લગભગ ઠંડું ભોજન ખાય છે, ફળોનો પણ ઉપયોગ કરે છે. આ ભોજનથી શરીરમાંનો ટોક્સિન નીકળી જાય છે.

શીતળા સાતમમાં પણ ઠંડું ભોજન કરવાની પ્રથા છે. જેમાં આગલા દિવસે બનાવેલું ભોજન લેવામાં આવે છે. જેના કારણે શરીરમાં વિટામિન-બી-૧૨ ભરપૂર પ્રમાણમાં મળી રહે છે. ઢેબરા જે દહીં નાખીને બને છે. છાસવાળી રાબ જે વિટામિન બી-૧૨થી ભરપૂર છે. મીઠી રોટલી, કુલેર, નાળિયેરનો ઉપયોગ થાય છે, જે લગભગ આખા ભારતમાં ઉજવાય છે જેને બાસોદા પણ કહેવાય છે. આ તહેવાર એટલે વિટામીનની ખામી દૂર કરવાનો તહેવાર છે. આ તહેવાર ઉત્તર ભારતમાં દરેક મહિનાની સાતમે ઉજવાય છે.

શ્રાવણ મહિનામાં લોકો ઘણાં વ્રત કરે છે. શ્રાવણ મહિનામાં ઘણા ફળ ખાઈને કરે છે. ઘણાં લોકો ફક્ત ફરાળી વસ્તુઓ ખાઈને કરે છે. ફક્ત સૂરણ (આખો મહિનો ફક્ત સૂરણ જ ખાવું) ખાઈને પણ લોકો વ્રત કરે છે. સૂરણની મેડિકલ પ્રોપર્ટી ઘણીય છે. જે પાઈલ્સની બીમારી જલદી ઠીક કરી દે છે. ડોપામાઈનનું સ્તર જાળવી રાખે છે. નવરાત્રિમાં ઘણા ફક્ત ફળ ખાઈને કે એકટાણું કરે છે. દિવાળીના દિવસોમાં મીઠાઈની તો મોજ. આમ આપણા ભારતમાં ચાતુર્માસ એટલે શરીરનું સ્વાસ્થ્ય જાળવવું તે. જૈનો પણ ઉપવાસ કે એકટાણા કરે છે જે શરીરના સ્વાસ્થ્યને લગતા છે. વિટામિન અને ખનિજ શરીરમાં જળવાઈ રહે છે. કદાચ ઉપવાસ કે એકટાણાં ન થાય પણ ચોમાસામાં મળતી ભાજીઓ અને ફળો ઉપયોગ કરવો જરૂરી છે.

ચોમાસામાં ખાપરા ભાજી, ટાકળા ભાજી, ભોરંગી તુપકડી, પોઈભાજી જેવી ભાજીનો ઉપયોગ કરવો જોઈએ. પાણીચી ભાજી કે વોટર ક્રસ આ ભાજી પણ થાઈરોઈડને દૂર કરે છે. દવાની જરૂર પડતી નથી. ભારંગી ભાજી ડાયાબિટીસ પર ખૂબ જ કારગર છે. ડાયાબિટીસવાળાને પગ સડવાની સમસ્યા રહે છે ત્યારે આ ભારંગી ખૂબ જ ઉપયોગી છે. મહારાષ્ટ્રના ઘણા ગામોમાં આ ભાજીને પૂજામાં સ્થાન આપ્યું છે. આ બધી ભાજી ચોમાસામાં જ મળે છે. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# હઠયોગ માટે સૌથી મહત્ત્વનું છે કુંડલિની જાગરણ

(ગતાંકથી ચાલુ)

**યોગમાં** અનેક પ્રકારના યોગાસનો છે. જો વ્યક્તિના શારીરિક કઢંગાપણાનું નિરીક્ષણ કરી તેને આવશ્યક એવાં યોગાસનોનો અભ્યાસ ઉચિત રીતે અને લાંબા સમય સુધી કરવામાં આવે તો તે વ્યક્તિનું શારીરિક કઢંગાપણું તો દૂર કરી શકાય. એટલું જ નહિ પણ તેની સાથે સંબંધિત મનોસ્થિતિમાં પણ સુધારણા થઈ શકે છે. દા.ત. કેટલીક વ્યક્તિઓ ચાલતી વખતે કે બેસતી વખતે એક બાજુનો ખભો નીચે નમેલો રાખે છે. આવા પ્રકારની વ્યક્તિ વિરુદ્ધ દિશામાં વળવાનું ચક્રાસન આપવામાં આવે તો ફાયદો થાય છે.

Deformity of the body and deformity of the mind are related and deformity of the mind can be treated up to some extent by removing deformity of the body.

(શરીરના કઢંગીપણાને મનના કઢંગીપણા સાથે સંબંધ છે. શરીરના કઢંગીપણાને દૂર કરવાથી મનના કઢંગીપણાને અમુક હદ સુધી દૂર કરી શકાય છે.)

આ વિશે નિશ્ચિત કાર્યક્રમ આપી શકાય, તે માટે ઘણાં નિરીક્ષણ, પ્રયોગો, સંશોધનો અને અનુભવની આવશ્યકતા છે.

આપણે આગળ જોઈ ગયા છીએ કે યોગાસનનો અભ્યાસ કરતી વખતે શરીરની સ્થિતિ સમરૂપ (Symmetrical) રહેવી ઘટે. આમ હોવાનું કારણ ઉપરોક્ત હકીતના વર્ણનથી વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

(૪) યોગાસનના અભ્યાસ દરમિયાન શરીરના સ્નાયુઓનું વિશિષ્ટ પદ્ધતિથી ખેંચાણ થાય છે અને તે જ રીતે વિશિષ્ટ પદ્ધતિથી તે ખેંચાણ ચાલુ રાખવામાં આવે છે તથા તે ખેંચાણને વિશિષ્ટ રીતે દૂર કરવામાં આવે છે.

આ આખી પ્રક્રિયા દરમિયાન સ્નાયુઓમાંથી જ્ઞાનતંતુઓના સંદેશાઓ મગજ તરફ જાય છે. આ સંદેશાઓને વિશિષ્ટ પદ્ધતિથી પ્રતિક્રિયા આપવામાં આવે છે. આ પ્રક્રિયાને પરિણામે આપણા જ્ઞાનતંત્રના પ્રતિક્રિયા- બંધારણ (Reflex arc)નું નવસંસ્કરણ (Reconditioning) થાય છે.

સાધારણ રીતે આપણું મગજ જે સંદેશાઓની તીવ્ર અને તુરત અનાવશ્યક પ્રતિક્રિયા આપે છે, એવા જ સંદેશાઓઓને શાંતિથી ઝીલતા અને શાંત પ્રતિક્રિયા આપતા અને અનાવશ્યક પ્રતિક્રિયા ન આપતાં આપણું મગજ યોગાસનના અભ્યાસથી શીખે છે.

કેટલાયે સંદેશા જે સાધારણ રીતે મગજ સુધી પહોંચે છે, તેનો પ્રત્યુત્તર મગજને બદલે કરોડરજ્જુ જ આપી દે છે, તેવી તાલીમ જ્ઞાનતંત્રને મળે છે. પરિણામે મગજના મહત્ત્વનાં કેન્દ્રો પરનો બોજ ઘટે છે, જે માનસિક શાંતિ માટે ઉપરાકર બને છે.

જ્ઞાનતંત્રને માનસિક અવસ્થા સાથે ગાઢ સંબંધ છે અને જ્ઞાનતંત્રનું આ રીતે નવસંસ્કરણ થતાં તેની માનસિક બંધારણ પર ઘણી અસર થાય છે.

(ડ) આધ્યાત્મિક વિકાસમાં યોગાસનનું પ્રદાનઃ

યોગ મૂલતઃ અધ્યાત્મવિદ્યા છે. યોગાસન યોગનું એક અંગ છે. યોગના અંગ તરીકે સ્વાભાવિક રીતે જ યોગાસનનું મુખ અધ્યાત્મ તરફ જ છે. અને આધ્યાત્મિક વિકાસમાં પણ યોગાસનનું પ્રદાન ક્યાં સ્વરૂપનું છે અને યોગાસન આ પ્રદાન કઈ રીતે આપે છે, તે હવે આપણે જોઈએઃ

(૧) કુંડલિની જાગરણ હઠયોગની સૌથી મહત્ત્વપૂર્ણ ઘટના છે. કુંડલિનીના જાગરણ માટે હઠયોગમાં યોગાસન, પ્રાણાયમ અને મુદ્રાઓનો અભ્યાસ કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમમાં યોગાસનનું પણ



પ્રદાન છે. હઠયોગ પ્રદીપિકા, ઘેરંડસિંહિતા આદિ હઠયોગના પ્રમાણભૂત ગ્રંથોમાં કુંડલિનીના જાગરણમાં આસનોના પ્રદાન અંગે વારંવાર ઉલ્લેખો જોવા મળે છે. ખાસ કરીને પશ્ચિમતાનાસન, મત્સ્યેન્દ્રાસન, પદ્માસન, સિદ્ધાસન આદિ આસનો આમાં વિશેષ ઉપયોગી છે.

(૨) કુંડલિની જાગરણ સાધકના જીવનમાં બનતી ભારે મહત્ત્વપૂર્ણ ઘટના છે. તેનાથી સાધકના જીવન અને સાધનામાં આમૂલ ક્રાંતિ સર્જાય છે. સમગ્ર ચેતનાના રૂપાંતરની આ પ્રક્રિયા છે. આટલી મોટી ઘટના ઘટે એટલે સાધકનાં શરીર, પ્રાણ અને ચિત્તમાં આમૂલ પરિવર્તન થવા માંડે છે અને તે દરમિયાન સાધકનાં શરીર પર ભારે મોટો બોજો આવી પડે છે. આ બોજો ઝીલી શકે તેવી તૈયારી ન હોય તો સાધકનું શરીર અનેક વિકૃતિઓનો ભોગ થઈ પડે છે. અને શરીર કાયમી ધોરણે વિકૃત અવસ્થામાં સરી પડે તેવી પણ શક્યતા રહેલી છે. આ જ રીતે પ્રાણમય શરીર પણ તૈયાર બને તે પણ આવશ્કય છે જ, અન્યથા પ્રાણમય શરીર પણ વિકૃતિઓનો ભોગ બની શકે છે. તે જ રીતે ચિત્તશુદ્ધિ પણ આવશ્કય છે, અન્યથા ચિત્ત પણ અનેક વિકૃતિઓનો ભોગ બની શકે છે.

આ પૂર્વતૈયારીને જ યૌગિક પરિભાષામાં નાડીશોધન કહેવામાં આવે છે. નાડીશોધન પછી જ પ્રાણાયામનો ગંભીર અભ્યાસ અને કુંડલિની જાગરણ માટે પ્રયત્ન કરવાનું વારંવાર સૂચવવામાં આવેલ છે. તેનું કારણ એ જ છે કે તો જ સાધકનાં શરીર-પ્રાણ-મન કુંડલિની જાગરણનો બોજ ઝીલી શકે.

નાડીશોધન માટે યોગમાં વિશેષતઃ નાડીશોધન પ્રાણાયામ સૂચવવામાં આવે છે, પરંતુ તેની સાથે યોગાસનનો અભ્યાસ પણ ખૂબ ઉપયોગી છે. આ વિશે સૌ એકમત છે.

આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં કહીએ તો કુંડલિની જાગરણના બોજને ઝીલી શકે તેવાં મજબૂત, મગજ, કરોડરજ્જુ અને જ્ઞાનતંતુઓ યોગાસનના અભ્યાસથી થઈ શકે છે.

(૩) પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિ જેવા આગળના અભ્યાસ માટે સાધકે લાંબા સમય સુધી સ્થિરભાવે બેસવાનું હોય છે. સાધારણ રીતે આપણે જે અવસ્થામાં બેસીએ છીએ તેમાં હલનચલન વિના લાંબા સમય સુધી સુખપૂર્વક બેસી શકાતું નથી. આ હકીકત થોડા નિરીક્ષણથી સમજી શકાય તેમ છે. લાંબા સમય સુધી હલનચલન વિના, સુખપૂર્વક બેસી શકાય તેનાં ધ્યાનોપયોગી યોગાસનો છે.

પદ્માસન, સિદ્ધાસન, સમાસન, સ્વસ્તિકાસન- આ ચાર પ્રમુખ ધ્યાનોપયોગી યોગાસનો છે.

આ ધ્યાનોપયોગી યોગાસનો પણ સાધકના આધ્યાત્મિક વિકાસમાં સહાયક બની શકે છે.

હવે આપણે જોઈએ કે આ ધ્યાનોપયોગી યોગાસનો શું કરે છે?

(i) ધ્યાન આદિ ઉચ્ચ યોગાભ્યાસ માટે કોઈ એક સ્થિર આસનમાં દીર્ઘસમય સુધી બેસવાનું હોય છે. ધ્યાનોપયોગી યોગાસનો આ કાર્ય સારી રીતે કરી શકે છે. કોઈપણ ધ્યાનોપયોગી યોગાસન ઉચ્ચ યોગાભ્યાસ માટે એક ઉપયુક્ત આસન બની શકે છે.

(ii) ધ્યાનોપયોગી યોગાસનમાં બેસતી વખતે કરોડરજ્જુ સીધી અવસ્થામાં રહે છે અને પેટનાં અવયવો પરનું દબાણ દૂર થાય છે. પરિણામે શરીરમાં પ્રયત્ન શૈથિલ્યનો અનુભન થાય છે. આમ બનવાથી ચેતનાને શરીરથી મુક્ત થવામાં મદદ મળે છે.

(iii) ધ્યાનોપયોગી યોગાસનોની અવસ્થા દરમિયાન શરીરનાં બાહ્ય અંગોનું કોઈ હલનચલન કરવામાં આવતું નથી. વળી શ્વાસોચ્છ્વાસ અને હૃદયની ગતિ પણ મંદ પડે છે. આમ બનવાથી પણ ચેતનાને શરીરથી મુક્ત થવામાં મદદ મળે છે.

(iv) ધ્યાનોપયોગી યોગાસનોની અવસ્થા દરમિયાન નાભિપ્રદેશમાં લોહીનું વધુ પ્રસરણ થાય છે. તેનાથી કુંડલિની જાગરણની ઘટનામાં સહાય મળે છે.

(v) ધ્યાનોપયોગી યોગાસનોની અવસ્થામાં પાંચ ઘટનાઓ ઘટે છેઃ

★ શરીરનો પાયો પહોળે બને છે.
★ પગ વિશિષ્ટ રીતે ગોઠવાય છે.
★ પેટના અવયવો પરનું દબાણ દૂર થાય છે.
★ કરોડરજ્જુ સીધી અવસ્થામાં રહે છે.
★ સમગ્ર શરીર દીર્ઘકાળ પર્યંત સ્થિર અવસ્થામાં રહે છે.

આ પાંચ ઘટનાઓ દ્વારા શરીર-પ્રાણ અને ચિત્તની એવી અવસ્થાનું નિર્માણ થાય છે કે જે ઉચ્ચ યોગાભ્યાસ માટે ખૂબ ઉપયોગી નીવડે છે.


(vi) યોગાસનના અભ્યાસને પરિણામે શું થાય છે, તે અંગે યોગસૂત્રકાર કહે છેઃ

તતો દ્વન્દ્વાનભિઘાતઃ। - યોગસૂત્ર; ૨-૨૯

'તેના અભ્યાસથી દ્વન્દ્વોના આઘાતમાંથી મુક્તિ મળે છે.'(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# અરે, મૌનને પણ ક્યારેક બોલવા દો...



હું નઇ હોઉ તો આ પરિવાર, સમાજ, જગતનું શું થશે એવા ભ્રમમાં જીવતા માણસની જેમ હું નહીં હોઉ તો આ શરીરનુ શું થશે એવુ વિચારી શરીરનાં બધાં જ અંગો 'ઈશ્વર માટે સૌથી મોટું કોણ?' એ વિષય પર પાર્લામેન્ટના પ્રધાનોની જેમ મંદિરમાં જ લડી પડ્યા. બધા અંગના અહંકાર ટકરાયા એમાં સૌ પહેલા હાથ બોલ્યા :

'અલ્યા બધા સાંભળો, મંદિરમાં ઈશ્વરે હાથ જોડી વંદન-નમસ્કાર કરવાનો અધિકાર અમને આપ્યો છે એટલે ઈશ્વર માટે સૌથી મોટા અમે...'

'હાયલા.. એય ટોપા, તારું ઠેકાણે તો છે ને?' પગની છટકીઃ 'તને જ નઇ પણ આ બધા અંગની ટોળકીને મંદિર સુધી ખેંચી લાવે છે કોણ? અમે બંને પગ. અને અહી મંદિરમાં આવી ભલે બંને હાથ જોડી નમસ્કાર કરો તો પણ દુનિયા પગે લાગ્યો એમ જ બોલે છે... કોઈ બોલ્યું કે હાથે લાગ્યો? યુઝ કોમનસેન્સ. એ અમારા માટે ઈશ્વરની લાગણી છે એટલે મોટા અમે બંને પગ..સો સિમ્પલ.'

'એય સો સિમ્પલની સગલી, બિલકુલ ચૂપ અહીં આવી ઈશ્વરના દર્શન કરે છે કોણ? હું. અરે આ માણસે ત્રણ વાર 'આંખે' ફિલ્મ બનાવી, પણ એક પણ વાર 'નાક' કે 'કાન' બનાવી? અરે, માણસો 'તેરી આંખોકે સિવા દુનિયામેં રખ્ખા ક્યા હૈ' ગાય છે પણ આ નાક-કાન ગમે તેટલા સુંદર હોય તોય કોઈ ભાભોભાઈ એ ગાતો નથી તેરે નાક કે કાન કે સિવા દુનિયામેં... સી ધ વેલ્યૂ એટલે ઈશ્વરની નજરે સૌથી મોટી અમે' આંખો બોલી

'અરે એક મિનિટ, સાંભળો બધા આ ઈશ્વરને ધરાવેલો પ્રસાદ ખાય છે કોણ? હું' જીભ બોલી :

'એની પ્રાર્થના કોણ ગાય છે? હું. એટલે સૌથી મો...'

'એ જીભડી, ખોટી ટે ટે નઇ કરવાની. પ્રાર્થના સાંભળે છે કોણ? ઈશ્વર? ના. અમે. મંદિરમાં પ્રાર્થના ને બહાર નીકળી બધાની નિંદા. કૂથલી..ઈશ્વર બોલતા નથી એટલે... કેમ હવે તારી બોલતી બોલતી બંધ થઈ ગઇ?!' કાન તો ભડક્યા

'અલી ડોંબી' નાક ઉવાચ : 'વાસી પ્રસાદ તારા સુધી ન પહોંચે એનું ધ્યાન કોણ રાખે છે? હું. પણ તે જિંદગીમાં કોઈ દિવસ મારો આભાર માન્યો? ના... અને નાક વગરના માણસની ઇજ્જત પણ નથી. અરે , હું ઉચ્છવાસ ન છોડું તો ઈશ્વર શ્વાસ પણ ન આપે આખા જીવતરના શ્વાસ મારા દ્વારા જ લેવાય છે. હવે બોલો બધા... મોટું કોણ?'

'શું છે? શેનો વિવાદ ચાલે છે?' દરમાંથી ઉંદર ડોકી બહાર કાઢે એમ અખરોટના ફાડિયા જેવા મગજે ખોપરીમાંથી ફટ્ટ કરતી ડોકી બહાર કાઢી 'આ ઈશ્વરદર્શન માટેનો વિચાર તો હું આપું છું સમજ્યા? પણ મેં કોઈ દિવસ બહાર આવી દેખાડો કર્યો? અહંકાર કર્યો? અરે, શરીર તો સૌથી નજીકનું મિત્ર છે આમ લડશો તો શરીર ટકશે કેમ? ને આપણું શરીર કઇ ભારતની પ્રજા નથી કે બધુ સહન કરે... હવે ધ્યાનથી સાંભળો... આ આખા શરીરમાં કામ કોણ નથી કરતું એ શોધો'

મગજનો હુકમ છૂટયો ને સંશોધનના અંતે મગજે શેઠને રિપોર્ટ આપ્યો : 'શેઠ , આ પેટ કઇ કામ કરતું દેખાતું નથી'

'ઠીક છે જે કામ ન કરે એને પગાર ન મળે એમ પેટને ભોજન આપવાનું બંધ કરો' મગજે ઓર્ડર છોડ્યો

'હા હા બંધ કરો તો જ એની સાન ઠેકાણે આવશે' બધા અંગોનો એક જ સૂર...

બીજા દિવસથી પેટે ખાવાનું બંધ કર્યું, ને સ્વમાની પેટે માગ્યું પણ નઇ... પણ જેમ જેમ સમય જતો ગયો એમ એમ બધા જ અંગ વગર મગજે વિચારે ચડયા 'આ મારું બેટુ કેવું? પેટને ખાવાનું ન મળે એમાં આપણે કેમ નબળા પડતાં ગયા? પેટ જાદુગર છે? '

થોડા વખત પછી બધાએ પેટને પૂછ્યું : 'ભાઈ પેટ, સાલું સમજાતુ નથી કે તને ખાવાનું ન મળે એમાં અમે કેમ નબળા પડતા જઈએ છીએ?'

'સાંભળો, વ્હાલા' પેટ બોલ્યું : 'તમે બધા હુંસાતુંસીમાં એ ભૂલી જ ગયા કે તમે બધા મારા પર નભો છો, અરે તમારા બોસ મગજને પણ વિચાર કરવાની શક્તિ હું આપું છું. તમે નગુણા એ ભૂલી ગયા કે હું ભોજન પચાવી, લોહી બનાવી તમને બધાને કામ કરવાની શક્તિ પૂરી પાડું છું. આ માણસ જાણે છે કે ભોજનમાંથી લોહી બને છે પણ હજી સુધી લોહી બનાવવાનું મશીન શોધી શક્યો નથી. અરે વ્હાલા, લોહી બનાવવા મારી અંદર બેઠેલા હોજરી અને આંતરડાને કેટલી મજૂરી કરવી પડે છે એ તો રામબાણ વાગ્યા હોય એ જાણે, એ જાદુની માત્ર મને જ ખબર છે. છતાં મેં કોઈ દિવસ અભિમાન કર્યું?. યાદ રાખો...

કેટલાંક કાર્યોની નોંધ જાતે ન લેવાય. લોકો લે. આપણે નઇ, આપણુ કામ બોલવું જોઈએ.. અને ઈશ્વર માટે મોટું કોણ? સાચું કઉ? ઈશ્વર સામે મોટા થવાના ધખારામાં તમે બધા એ જ ભૂલી ગયા કે ઈશ્વર જ આપણા બધા કરતાં મોટો છે... એ છે તો આપણે બધા છીએ...અને તમે...'

'વાહ વાહ, કયા બાત હૈ સોરી બકા, તું તો જોરદાર બુદ્ધિશાળી નીકળ્યું આ વાત અમને કોઈને યાદ જ ન આવી, બોલો પેટ દેવકી જય'ના નારા સાથે બધા અંગોએ મળીને પેટને પારણા કરાવ્યા ને બધા અંગ પાછા પોતપોતાને કામે લાગી ગયા.

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# મોરૈયો છે તંદુરસ્તી માટે સુપરફૂડ...



અષાઢી એકાદશીને દેવશયની એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. ભગવાન વિષ્ણુ ચારમાસ માટે નિદ્રાધીન બને છે. મહારાષ્ટ્રમાં અષાઢી એકાદશીને ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભક્તો આ દિવસે ખાસ ઉપવાસ રાખે છે. અનેક ભક્તો ચાર માસ માટે ઉપવાસ કે એકટાણાં કરવાનું પસંદ કરે છે. વળી અષાઢ માસ બાદ તહેવારોની મોસમ શરૂ થતી હોય છે. કેમ કે પવિત્ર શ્રાવણ માસનું આગમન થાય છે. વ્રત ઉપવાસમાં ખાસ ઉપયોગમાં લેવાતા તેવા મોરૈયાના સ્વાસ્થ્ય લાભ અનેક છે. મોરૈયો જાદુઈ બાજરા તરીકે પણ લોકપ્રિય છે. અંગ્રેજીમાં તેને બ્રાનયાર્ડ મિલેટ તરીકે ઓળખવામાં આવે છે. અન્ય તળેલી ચટાકેદાર વાનગીઓ કરતાં અનેક ગણો પૌષ્ટિક મોરૈયો ગણાય છે. તેથી આ જો ચાર માસ માટે કે પવિત્ર શ્રાવણ માસમાં ઉપવાસ કે એકટાણું કરવાના હોવ તો તળેલી વાનગીને તિલાંજલી આપીને સ્વાસ્થ્યપ્રદ મોરૈયાનું સેવન અચૂક કરવા જેવું છે. વ્રત કે ઉપવાસ દરમિયાન શરીરમાં અનેક વખત કમજોરી અનુભવાતી હોય છે. તે સમયે મોરૈયાને ભોજનમાં સ્થાન આપવાથી વારંવાર ભૂખ લાગવી કે નબળાઈની તકલીફ અનુભવાશે નહીં. મોરને પ્રિય હોવાથી તેને 'મોરધન' તરીકે ઓળખવામાં આવે છે. મોરૈયા માટે એવું કહેવાય છે કે તેમાં પ્રોટીન, કૅલ્શિયમ, ફાઈબર, પોટેશિયમ, આયર્નની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી છે. પોષક ગુણોથી ભરપૂર હોવાથી હાડકાંને મજબૂતાઈ આપવાની સાથે શરીરને ઊર્જાવાન બનાવી દે છે.

'વ્રતના ચાવલ' તરીકે તે ઓળખ ધરાવે છે. વિશ્વમાં તે વિવિધ નામે ઓળખાય છે. જેમ કે વરી, સામો, મોરૈયો તથા ભગર. જેમના શરીરમાં પ્રોટીનની ઉણપ હોય તેમને માટે શ્રેષ્ઠ આહાર ગણી શકાય.

મોરૈયામાં સમાયેલાં પોષક તત્ત્વોની જાણકારી મેળવીએ તો ૧૦૦ ગ્રામ મોરૈયામાં ડાયેટરી ફાઈબરનું પ્રમાણ ૧૩.૬ ગ્રામ, આયર્નની માત્રા ૧૮.૬ મિલીગ્રામ, કૅલ્શિયમનું પ્રમાણ ૨૨ મિલિગ્રામ, કાર્બોહાઈડ્રેટ ૫૫ ગ્રામ, થાયમિન ૦.૩૩ મિલીગ્રામ, નિયાસિન ૪.૨ મિલીગ્રામ, પ્રોટીન ૧૧ ગ્રામ, વિટામિન બી-૧, ૦. ૩૩ મિલીગ્રામ, વિટામિન બી-૨ ૦.૧૦ મિલીગ્રામ, વિટામિન બી-૩ ૪.૨ મિલીગ્રામ હોય છે. તેથી જ આહાર-તજજ્ઞો પ્રોટીન પાઉડર ખાવાની ઈચ્છા રાખતી વ્યક્તિને પૌષ્ટિક ગુણોથી ભરપૂર મોરૈયો ખાવાની સલાહ આપે છે.

## મોરૈયાના સ્વાસ્થ્ય લાભ

**ઍનિમિયામાં ગુણકારી :** શરીરમાં આયર્ન ઘટી જાય ત્યારે વ્યક્તિને નબળાઈનો અનુભવ થવા લાગે છે. પૂરતી માત્રામાં શરીરમાં આયર્ન હોવું અત્યંત આવશ્યક ગણાય છે. વારંવાર તાવ આવી જવાની તકલીફમાં મોરૈયો અત્યંત ગુણકારી ગણાય છે. મોરૈયામાં દાડમની સરખામણીમાં ૫ ગણી વધુ માત્રામાં આયર્ન સમાયેલું છે. હિમોગ્લોબીન ઓછું હોય તેમને માટે મોરૈયો ઉત્તમ આહાર ગણી શકાય. મહિલાઓ માટે મોરૈયો વરદાન સમાન ગણાય છે. વારંવાર થાકી જવું કે ચક્કર આવવાની તકલીફથી રાહત મળી શકે છે.

**હાડકાં મજબૂત રાખવામાં ગુણકારી :** મોરૈયામાં કૅલ્શિયમ તથા ફોસ્ફરસની માત્રા સારા પ્રમાણમાં જોવા મળે છે. જે હાડકાંને મજબૂત રાખવામાં મદદ કરે છે. ઓસ્ટિયોપોરોસિસ જેવી બીમારીથી બચાવવામાં મદદ કરે છે. મોરૈયાનું નિયમિત સેવન કરવાથી હાડકાંનું કળતર ઘટે છે.

**પાચનક્રિયા સુધરે છે :** મોરૈયામાં ફાઈબરની માત્રા વધુ હોવાથી પાચનતંત્રની વિવિધ તકલીફથી રાહત મેળવી શકાય છે. મોરૈયો ગ્લૂટેન ફ્રી હોવાથી ગ્લુટેન જેમને માફક ના આવતું હોય તેમને માટે ઉત્તમ આહાર ગણી શકાય.

**વજનને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ :** મોરૈયામાં કૅલરીનું પ્રમાણ ઓછું હોય છે. વળી ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે જેથી મોરૈયાના સેવન બાદ લાંબા સમય સુધી વ્યક્તિને ભૂખ લાગતી નથી. વળી તેમાં રહેલું પ્રોટીન તથા ફાઈબર મેટાબોલિઝમને વધારવામાં મદદ કરે છે. પાચનમાં હલકું તથા ઍનર્જીથી ભરપૂર છે. ૧૦૦ ગ્રામ મોરૈયામાં કૅલરીનું પ્રમાણ ૭૫ છે. ૧.૫ ગ્રામ પ્રોટીન હોય છે. તેથી ઓછી કૅલરીવાળા ખોરાક ખાવાનો નિયમ પાળતી વ્યક્તિ માટે મોરૈયો શ્રેષ્ઠ વિકલ્પ ગણી શકાય.

**ડાયાબિટીસ તથા કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી :** મોરૈયામાં ફાઈબર તથા પ્રોટીનની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. જેથી ડાયાબિટીસની વ્યાધિ ધરાવતી વ્યક્તિ મોરૈયાનું સેવન કરી શકે છે. વળી મોરૈયાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ૪૧.૭ છે જેથી તેના સેવન બાદ લોહીમાં શર્કરાની માત્રા ઝડપથી વધશે નહીં. લિપીડ પ્રોફાઈલમાં સુધારો જોવા મળી શકે છે.

**ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર :** મોરૈયા માટે એવું કહેવાય છે કે સામાન્ય ભાત કરતાં તેમાં ૩૦ ગણી વધુ માત્રામાં ઍન્ટિ - ઑક્સિડન્ટ પૉલિફિનોલ્સ જેવા વિવિધ ફાઈટોકેમિકલ્સ હોય છે. જે શારીરિક તકલીફમાં રાહત આપે છે. ઍન્ટિ-ઑક્સિડન્ટ શરીરમાં ડિટોક્સીફાઇંગ એજન્ટ તરીકે કામ કરે છે. જેથી હૃદય સંબંધિત બીમારી, ડાયાબિટીસ તથા કૅન્સર જેવી વ્યાધિથી બચવામાં ઉપયોગી થઈ શકે છે.

**કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં લાભકારી :** નિયમિત રીતે મોરૈયાનો સમાવેશ આહારમાં કરવાથી કૉલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે. મોરૈયામાં કાર્બ્સ તથા ફેટની માત્રા ઘણી ઓછી હોય છે. જે કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરી શકે છો. ચયાપચયની પ્રક્રિયામાં સુધારો થાય છે. જેને કારણે વજન નિયંત્રણમાં રહે છે.

મોરૈયામાંથી બનતી વિવિધ વાનગીઓની યાદી ઘણી લાંબી બની શકે છે. કેમ કે આજકાલ પ્રત્યેક વ્યક્તિ સાદું સરળ ખાવાને બદલે વાનગીને નવતર પ્રયોગ દ્વારા સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક બનાવીને ખાવાનું પસંદ કરે છે. જેમ કે મોરૈયામાંથી ઢોંસા, ચકરી, ખીર, ઈડલી, ઉત્તપમ, ટિક્કી, ખીચડી, ખીર, પુલાવ તથા ભજિયા બનાવી શકાય છે.

## મોરૈયાના ઢોંસા



૨ કપ મોરૈયો, ૪ નંગ બાફેલાં બટાકા, ૧ નાની ચમચી જીરુ, ૪ નંગ લીલા મરચાં ઝીણાં સમારેલાં, ૧ મોટી ચમચી આદુ ઝીણું સમારેલું, ૨ ચમચી દહીં, સ્વાદાનુસાર સિંધવ મીઠું, જરૂર મુજબ ઘી, ૧ પેકેટ ઈનો

**ચટણી બનાવવા માટે :** ૧ કપ શેકેલાં સિંગદાણા ફોતરા કાઢેલાં. ૨ નંગ લીલાં મરચાં, ૧ ટૂકડો આદું, ૨ મોટી ચમચી કોથમીર, ૧ નાની ચમચી દહીં. ૧ નાની ચમચી ખાંડ, સ્વાદાનુસાર સિંધવ મીઠું.

**બટાકાનો માવો :** બાફેલાં બેટેકાંનો માવો બનાવી લેવો. એક કડાઈમાં ઘી મૂકીને તેમાં જીરુ, મીઠાં લીમડાંના પાનને ઝીણા સમારીને ઉમેરવાં. લીલા મરચાંને ઝીણાં કાપીને ઉમેરવાં, આદુંને ઝીણું સમારીને ઉમેરવું. સ્વાદાનુસાર સિંધવ તથા થોડી દળેલી ખાંડ ઉમેરવી. કોથમીરથી સજાવીને રાખવું.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ મોરૈયાને બરાબર સાફ કરીને ૧ કલાક માટે પાણીમાં પલાળી રાખો. ત્યારબાદ તેનું પાણી કાઢીને એકદમ ઝીણું મિક્સરમાં વાટી લેવું. વટાઈ ગયા બાદ તેમાં ઝીણાં લીલા મરચાં, આદું, શેકેલું જીરુ, દહીં, સ્વાદાનુસાર સિંધવ મીઠું ભેળવીને ખીરૂ બરાબર હલાવી લેવું. તેમાં એક નાનું પૅકેટ ઈનો ઉમેરીને બરાબર હલાવી લેવું. મિશ્રણમાંથી નૉનસ્ટીક તવા ઉપર ઢોંસા બનાવવા. બટેકાંનો માવો ઢોંસા ઉપર પાથરીને ઘી લગાવીને કડક બનાવવા.

ચટણી બનાવવા માટે શેકેલી સિંગ, લીલા મરચાં, દહીં, સિંધવ, ખાંડ વગેરેને એકસાથે મિક્સરમાં ધીમે ધીમે વાટી લેવું. કોથમીરથી સજાવીને મોટી વાટકીમાં કાઢી લેવું. ગરમા-ગરમ ઢોંસા સાથે મીઠી મધુરી ચટણી પીરસવી.

સ્વાદિષ્ટ મોરૈયાના ગરમા-ગરમ ઢોંસા ચટણી સાથે પીરસવા.

feedback@bombaysamachar.com
ફોકસ પ્લસ
રેખા દેશરાજ

# બીમાર પડ્યા બાદ જ સમજાય છે સ્વાસ્થ્યનું મહત્ત્વ...



દુનિયાની બધી સંસ્કૃતિઓમાં સ્વાસ્થ્યને સૌથી મોટી સંપત્તિ માનવામાં આવે છે. આપણે ઘણીવાર આ વાત કહીએ તો છીએ, પરંતુ ફક્ત બીમાર લોકો જ જાણે છે કે તેઓ પહેલા ક્યારેય એવું અનુભવતા નથી.

આનો સંબંધ આપણી વિચારસરણી, જીવનશૈલી અને પ્રાથમિકતાઓ નક્કી કરવા સાથે છે. સત્ય એ છે કે સ્વાસ્થ્યનું વાસ્તવિક મૂલ્ય બીમાર પડ્યા પછી જ સમજાય છે કે, સામાજિક, આર્થિક અને ભાવનાત્મક દૃષ્ટિકોણથી સ્વસ્થ રહેવું કેટલું મહત્ત્વપૂર્ણ છે.

સ્વસ્થ રહેવું એ ખુશીની પહેલી શરત છે

જો તમે દુનિયાની બધી સંપત્તિના માલિક બનો, પણ તમારા ઘૂંટણમાં દુખાવો હોય, રાત્રે ઊંઘ ન આવે, શ્વાસ લેવામાં તકલીફ હોય અથવા ડાયાબિટીસ કે બીપીનો ડર હોય, તો પછી તમારી બધી સંપત્તિ નકામી છે, તમે કંઈપણ માણી શકતા નથી.

તે સ્પષ્ટ છે કે દુનિયાના દરેક સુખ અને દરેક આનંદનો પાયો શારીરિક સ્વાસ્થ્ય છે. આપણે શારીરિક સ્વાસ્થ્યને કારણે જ સુખ અને આનંદનો અનુભવ કરીએ છીએ. જ્યારે આપણે શારીરિક રીતે સ્વસ્થ હોઈએ છીએ, ત્યારે જ આપણે-આપણાં મનપસંદ સ્થળોની યાત્રા માટે જઈ શકીએ છીએ. તમે જે ઇચ્છો તે ખાઈ શકો છો. તમે જેની સાથે ઇચ્છો તેની સાથે વાત કરી શકો છો. તમે જે સર્જનાત્મક કાર્ય ઇચ્છો તે કરી શકો છો. કારણ કે આ બધી પ્રવૃત્તિઓ માટે, આપણી બધી ઇન્દ્રિયો યોગ્ય રીતે કાર્ય કરે તે મહત્ત્વપૂર્ણ છે.

બીમાર લોકો આ સરળ કાર્યો પણ કરી શકતા નથી અને પછી તેઓ સમજે છે કે જીવનમાં સ્વાસ્થ્ય શા માટે મહત્ત્વપૂર્ણ છે અથવા સ્વાસ્થ્યને દુનિયાનું સૌથી મોટું સુખ કેમ કહેવામાં આવે છે.

યાદ રાખો, જો તમે સ્વસ્થ છો તો શરીરની સાથે ફક્ત મન પણ ખુશ રહે છે. જો શરીર અસ્વસ્થ હોય તો ધીમે ધીમે મન પણ અસ્વસ્થ બને છે. સંબંધો અને સ્વતંત્રતાનો આનંદ ફક્ત સ્વસ્થ રહેવામાં જ રહેલો છે.

જો આપણે સ્વસ્થ હોઈએ તો બધા સંબંધો આપણને ખુશીથી ભરપૂર લાગે છે. મિત્રતા, પરિવાર, બધું જ ત્યારે જ માણી શકાય છે જ્યારે આપણે સ્વસ્થ હોઈએ છીએ.

બીમાર વ્યક્તિ ક્યારેય સંબંધોનો આનંદ માણી શકતો નથી. તે દરેક નાની વાત પર ચિડાઈ જાય છે, એકલતા અનુભવે છે અને જો તમે અસ્વસ્થ છો, તો તમે ધીમે ધીમે બીજાઓથી ઈચ્છા વિના દૂર થઇ જાઓ છો. આને કારણે, ધીમે ધીમે સામાજિક અંતર વધે છે. જ્યારે શરીર સ્વસ્થ હોય છે, ત્યારે જ આપણે સંબંધો સાથે ભાવનાત્મક રીતે જોડાઈ શકીએ છીએ અને જ્યારે આપણે સ્વસ્થ હોઈએ છીએ, ત્યારે જ આપણે સ્વતંત્રતા અનુભવીએ છીએ.

કોઈ પણ અસ્વસ્થ વ્યક્તિ સ્વતંત્રતા અનુભવતો નથી. બીમાર વ્યક્તિને બીજાની મદદ લેવી પડે છે. દવા માટે, ફરવા માટે, બાથરૂમ જવા માટે અને ધીમે ધીમે આ પરિસ્થિતિઓ એક બીમાર વ્યક્તિની સ્વતંત્રતા છીનવી લે છે. બધી સફળતાનો આનંદ સ્વસ્થ રહેવામાં રહેલો છે, પછી ભલે તે સંપત્તિ હોય, જ્ઞાન હોય કે જીવનમાં મળેલી આર્થિક સફળતા હોય, આ બધી સફળતાઓ ફક્ત ત્યારે જ માણી શકાય છે જ્યારે તમે સ્વસ્થ હોવ.

બીમાર વ્યક્તિની બધી ખુશીઓ ઓસરી જાય છે. ધારો કે ઘરે લગ્ન હોય, પણ જો તમે ડાયાબિટીસના દર્દી હોવ, તો તમે કંઈ ખાઈ શકતા નથી.

અથવા તો ઘરે કોઈ કાર્યક્રમ હોય અને તમને ખૂબ તાવ હોય, તો તમે ન તો સંગીત વાગવાથી ખુશી અનુભવો છો, ન તો તમે નૃત્યમાં ભાગ લઈ શકો છો, ન તો તમે સારા ખોરાક અને સંબંધોનો આનંદ માણી શકો છો. આ બધી ખુશીઓ ફક્ત ત્યાં સુધી છે જ્યાં સુધી તમે શરીર અને મનથી સ્વસ્થ હોવ.

તેથી જ કહેવાય છે કે સ્વસ્થ રહેવું એ માત્ર એક સ્થિતિ નથી પણ ક્ષમતા છે. ■

### કોર્પોરેટ દૃષ્ટિકોણથી આરોગ્યનું મહત્ત્વ

સ્વસ્થ રહેવું એ એક મોટી સંપત્તિ છે. જ્યારે આપણે તેને કોર્પોરેટ દ્રષ્ટિકોણથી જોઈએ છીએ, ત્યારે આપણે યોગ્ય રીતે સમજી શકીએ છીએ કે સ્વસ્થ રહેવું એ ફક્ત વ્યક્તિગત લાભ જ નથી પરંતુ તે આપણા વ્યવસાયની સ્થિરતા, વૃદ્ધિ અને નફાકારકતા સાથે પણ સીધા સંબંધિત છે.

આજના કોર્પોરેટ વિશ્વમાં, સ્વાસ્થ્ય ખરેખર સંપત્તિ છે. આ જ કારણ છે કે આજના સમયમાં, આપણું સ્વસ્થ રહેવું એ ફક્ત આપણી શારીરિક સિદ્ધિ જ નથી પરંતુ આપણી કારકિર્દીની સિદ્ધિ પણ છે. કારણ કે દરેક કંપની ફક્ત સ્વસ્થ કર્મચારીઓને રાખવા માગે છે, કારણ કે સ્વસ્થ કર્મચારી ક્યારેય કંપની પર બોજ નથી હોતો, પરંતુ તે કંપની દ્વારા કરવામાં આવેલું એક પ્રકારનું સારું રોકાણ છે.

કોઈપણ કંપની માટે, સ્વસ્થ કર્મચારી તેનું સૌથી મોટું સંસાધન અને રોકાણ છે. કારણ કે જો કર્મચારી માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ હોય, તો તે-

*સમયસર કામ પર આવશે અને રજા લેશે નહીં.

*ઉચ્ચ ગુણવત્તાનું આઉટપુટ આપી શકે છે.

* તેનાં વિચાર નવીન હશે અને દરેક સમસ્યાનો ઉકેલ શોધી કાઢશે.


આ જ કારણ છે કે ગૂગલ, માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ કર્મચારીઓની સુખાકારીને સૌથી વધુ પ્રાથમિકતા આપે છે. કારણ કે આ કંપનીઓ જાણે છે કે ફક્ત સ્વસ્થ કર્મચારીઓ જ કંપનીને નફાકારક પદ સુધી પહોંચવામાં મદદ કરી શકે છે.

જો કોઈ કંપનીના કર્મચારીઓ સ્વસ્થ હોય, તો તેઓ ભાગ્યે જ ગેરહાજર રહે છે અને આવી કંપનીની ઉત્પાદકતા ખૂબ ઊંચી હોય છે. કારણ કે ફક્ત સ્વસ્થ કર્મચારીઓ જ સમયસર તેમના પ્રોજેક્ટ પૂર્ણ કરે છે. તેઓ નિયમિતપણે હાજર રહે છે અને તેમના અન્ય સાથીદારો પર બોજ બનતા નથી.

હાર્વર્ડ બિઝનેસ રિવ્યૂ અનુસાર, કર્મચારી માટે સુખાકારી કાર્યક્રમો અપનાવનાર કંપનીઓમાં ગેરહાજરી ૨૫ થી ૩૦ ટકા ઓછી જોવા મળે છે.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# સંકલ્પશક્તિની પ્રચંડ પ્રબળતા...



દુનિયાની તમામ વ્યક્તિ સફળ થવા ઈચ્છે છે, પરંતુ સફળતા માટે પ્રયત્ન કરવા બહુ ઓછા લોકો તત્પર હોય છે એથી જ એ લોકો મહાન બની શકતા નથી. દુર્બળ વ્યક્તિ સફળતાનો માત્ર સંકલ્પ જ કરે છે, જ્યારે મહાન વ્યક્તિ પાસે તે સફળતાને પ્રાપ્ત કરવા દૃઢ તીવ્ર સંકલ્પશક્તિ હોય છે. એટલે જ વિકટર હ્યુગોએ કહ્યું છે કે, 'લોકોમાં તાકાતની નહીં, પણ સંકલ્પશક્તિની કમી હોય છે... 'આપણા સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે :

'બધી જ શક્તિ તમારી અંદર છે, તમે જે પણ ઈચ્છો એ બધું જ કરી શકો છો.'

તેવી જ રીતે દર્દીને બીમારી સામે લડવામાં સંકલ્પશક્તિ ખૂબ જ મદદરૂપ થાય છે, પરંતુ દર્દી આવી દૃઢ સંકલ્પશક્તિ કેળવી શકતો નથી કેમ કે, એની પાસે બીમારી સાથે લડવાના અનેક વિકલ્પો હોય છે. ઘણીવાર સ્નેહીજનોની વધુ પડતી લાગણી જ દર્દીને બીમારી સામે લડવામાં અનેક વિકલ્પો આપે છે અને એમની આવી લાગણીઓ જ દર્દીને જલ્દી સાજા થવામાં બાધક બને છે.

## સ્નેહીજનોની લાગણી ને દર્દીની સંકલ્પશક્તિ

આપણે ત્યાં સદીઓથી એવો રિવાજ છે કે, સ્નેહીજનો અને મિત્રો દર્દીની ખબર-અંતર લેવા માટે એની મુલાકાતે જતા હોય છે. તે મુલાકાતમાં બધા તરફથી મળતી હૂંફ અને લાગણી દર્દીને બીમારીમાંથી બહાર નીકળવામાં ઘણી મદદરૂપ થતી હોય છે. જોકે, આ જ લાગણીઓનો અતિરેક ક્યારેક બીમારીને લંબાવી પણ શકે છે.

મનોવૈજ્ઞાનિકોનું એવું માનવું છે કે, જે પરિવારમાં કે સમૂહમાં દર્દીનું ધ્યાન રાખનારા અને તેને ચાહનારા વધુ લોકો હોય છે ત્યાં દર્દી બીમારીમાંથી જલ્દી બહાર નીકળી શકતો નથી કેમ કે, સ્નેહીજનો દર્દીને બીમારીમાંથી બહાર કાઢવા વધુ લાગણીભર્યું વર્તન કરતાં હોય છે. પરંતુ આ જ વધુ પડતી લાગણી દર્દીને નમાલો બનાવી દે છે. જેમ જેમ પરિવારજનોની લાગણી દર્દી પ્રત્યે વધતી જાય છે તેમ તેમ એ દર્દી બીમારીને આધીન થઈને જીવવા લાગે છે. અને અંતે તે લાગણી જ દર્દીને દૃઢ સંકલ્પશક્તિ ઉત્પન્ન કરવામાં અડચણરૂપ બને છે. જે બીમારી દૃઢ મનોબળ દ્વારા સહેલાઈથી દૂર થઈ શકે તેમ હોય તે જ બીમારી દર્દીમાં આજીવન નિવાસ કરીને રહે છે.

મુંબઈમાં રહેતો અઠ્ઠયાવીશ વર્ષનો વિજય છેલ્લાં વીસ વર્ષથી લકવાની બીમારીથી પીડિત હતો. પરિવારમાં તે ત્રણ બહેન વચ્ચે એક જ ભાઈ હોવાથી સહુ એનું ખૂબ જ ધ્યાન રાખતા હતા. વિજયને જરાપણ તકલીફ ન પડે તે રીતે ખૂબ જ પ્રેમથી ઉછેર્યો હતો. પથારીમાંથી ઊભું જ ન થવું પડે તેવી તમામ સુવિધા એને આપવામાં આવતી હતી. પરિવારજનોની આ લાગણીઓએ જ વિજયને બીમારી સાથે લડવાને બદલે બીમારીને આધીન કરી દીધો હતો. આમ એ થોડો સ્વસ્થ થવા છતાં લાગણીઓના પ્રવાહને લઈને પથારીવશ જીવવામાં ટેવાઈ ગયો હતો, પરંતુ એકવાર કોલેજમાંથી રિસર્ચ કરવા માટે એણે અજાણ્યા શહેરમાં જવું જ પડે તેમ હતું. ત્યાં પરિવારજનોની ગેરહાજરીમાં લાગણી અને પ્રેમ ન મળતાં એને પોતાની બીમારી સાથે સંઘર્ષ કરવાનું થયું. ત્યાં પોતાનું બધું કામ જાતે જ કરવાનું થયું. એને પરિસ્થિતિ સામે લડવા સિવાય અન્ય કોઈ વિકલ્પ જ ન હતો. તેથી ધીરે ધીરે એની સંકલ્પશક્તિ ખીલવા લાગી. અને પરણિામે બે મહિનાની ટુરમાં વિજય લકવાની બીમારીમાંથી ૭૫% મુક્ત થઈ ગયો.!

આમ, દૃઢ સંકલ્પશક્તિ દ્વારા દર્દી ખૂબ જ ચમત્કારી અને આશ્ચર્યકારક પરિણામ સર્જી શકે છે. જોકે, આવી સંકલ્પશક્તિ નિર્વિકલ્પ (જેમાં કોઈ વિકલ્પ ન હોય તેવી) અવસ્થામાં જ ખીલે છે.

આનું એક વધુ ઉદાહરણ જુઓ...

## ભારતીય ક્રિકેટર યુવરાજસિંહ

ભારતીય ક્રિકેટ ટીમ ઈ.સ. ૨૦૧૧માં વર્લ્ડકપ જીતી. તેના હીરો યુવરાજસિંહ હતા. આ જીત પછી તરત જ એને ફેફસાંનું કેન્સર થયું. પરંતુ યુવરાજસિંહએ આ સમાચારથી તૂટી પડવાના બદલે દૃઢ મનોબળ રાખી કેન્સર સામે લડવાનું નક્કી કર્યું. તેથી એ કેન્સરની બીમારી દરમિયાન ક્યારેય પણ મૂંઝાવાને બદલે સતત એવા વિચારોથી જ પોતાને બળ આપતા કહ્યું કે, 'હું આ બીમારીમાંથી જલ્દીમાં જલ્દી બહાર નીકળી જઈશ...' ત્યાર બાદ અમેરિકામાં કેન્સરની સારવાર લીધા પછી થોડા જ સમયમાં તેઓ ભારતીય ક્રિકેટ ટીમમાં પુનઃ જોડાઈ ગયા હતા અને આજે યુવરાજ સાવ કેન્સરમુક્ત છે !

## ડગ્લાસ ને લીન રોબર્ટસન (અમેરિકા)

સમુદ્રમાં ખોવાઈ જવાથી ૩૮ દિવસો સુધી એ હોડીમાં જ રહ્યા. જીવવાની કોઈ આશા ન હોવા છતાં પણ પોતાની દૃઢ સંકલ્પશક્તિ દ્વારા એ આફતમાંથી- સમુદ્રમાંથી બહાર નીકળવાના પ્રયત્નો કરતા હતા. ખાવા-પીવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી એમણે નક્કી કર્યું કે, 'સમુદ્રના પાણીનો મળદ્વાર દ્વારા એનીમા (બસ્તિ) લેવાથી એમનું આંતરડું તે પાણીમાંથી મીઠાને ફિલ્ટર કરીને શરીરના કોષોને ઊર્જા આપશે.' આવી દૃઢ સંકલ્પશક્તિ રાખીને આમ કરવાથી એ બન્ને અતિ વિકટ પરિસ્થિતિમાં પણ નિર્ભયપણે જીવી ગયા.

જેમ દૃઢ હકારાત્મક મનોવલણથી વ્યક્તિ જીવન-મરણ જેવી વિકટ પરિસ્થિતિમાંથી પણ બહાર નીકળી શકે છે તેમ જ નકારાત્મક મનોવલણ સ્વસ્થ શરીરમાં કોઈ પણ પ્રકારના ભયંકર ફેરફારો કરી શકે છે. અને ક્યારેક વ્યક્તિના મૃત્યુનું કારણ પણ બની શકે છે.

રશિયામાં એક કેદીને સરકારે ફાંસીની સજા કરી હતી. મનોવૈજ્ઞાનિકો વ્યક્તિના મનોવલણની શરીર પર થતી અસરને પ્રયોગો દ્વારા તપાસવા માગતા હતા. આથી એમણે કેદી પર એક પ્રયોગ કરવા માટે ન્યાયાધીશ પાસેથી મંજૂરી મેળવી. ત્યારબાદ મનોવૈજ્ઞાનિકોએ તે કેદીને મળીને કહ્યું કે, 'કાલે તને જે ફાંસીની સજા થવાની છે, તેમાં તારે તરફડિયા મારી મારીને ન મરવું હોય તો અમે તને માત્ર એક જ ઝેરનું ઈન્જેકશન આપીશું, તેથી તું અમુક ક્ષણમાં જ મૃત્યુ પામીશ. શું તને આ મંજૂર છે? કેદીએ વિચાર્યું કે, 'ફાંસીએ રીબાઈ-રીબાઈને મરવા કરતાં, પીડા વગર મરવું સારું.' એમ વિચારીને તેણે મનોવૈજ્ઞાનિકોને હા કહી.

ત્યારબાદ મનોવૈજ્ઞાનિકોએ કેદીની નજર સામે એક ઘોડાને ઝેરનું ઈન્જેકશન આપ્યું. તેથી ઘોડો થોડી જ ક્ષણોમાં મૃત્યુ પામ્યો. અને તે કેદીને જણાવવામાં આવ્યું કે, આ જ ઝેરનું ઈન્જેકશન તને કાલે આપવામાં આવશે. બીજા દિવસે કેદીને ઈન્જેકશન આપતાં તે એક મિનિટની અંદર જ મૃત્યુ પામ્યો. ત્યાર પછી તેનું પોસ્ટમોર્ટમ કરતાં તેના શરીરમાં ઝેર હોવાના પ્રમાણ મળી આવ્યા !

આ જાણીને મનોવૈજ્ઞાનિકો અવાક થઈ ગયા. એમણે જાહેર કર્યું કે, 'અમે વ્યક્તિના મનોવલણની શરીર પર થતી અસરને તપાસવા માટે આ કેદીને વાસ્તવમાં ઝેરને બદલે પાણી ભરેલું ઈન્જેકશન આપ્યું હતું, પરંતુ એના મનમાં એવું દૃઢ રીતે ઠસી ગયું હતું કે, એને ઝેરનું ઈન્જેકશન આપવામાં આવ્યું છે. તેથી એની વિચારધારાના કારણે એના શરીરમાંથી પાણીનું ઝેર થતાં તે મૃત્યુ પામ્યો ! .'

આમ વ્યક્તિ પોતાની સંકલ્પશક્તિ દ્વારા શરીરમાં અનેક રોગોને આમંત્રણ પણ આપી શકે છે અને તે જ સંકલ્પશક્તિ દ્વારા ગમે તેવા રોગને શરીરમાંથી નાબૂદ પણ કરી શકે છે. તે સંકલ્પશક્તિનું મૂળ મન છે. અને મન જ શરીરનું નિયંત્રણ કરી શકે છે. તેથી માણસની હકારાત્મક સંકલ્પશક્તિ જેટલી તીવ્ર હોય છે, તેટલી જ એની રોગપ્રતિકારક શક્તિ બળવાન થાય છે. ■

# રાતા સમુદ્રમાં લાઈબેરિયાના જહાજ પરના હુમલા બાદ મિડલ ઈસ્ટમાં તંગદિલી

## મિડલ ઈસ્ટમાં જહાજ પર હુમલો અતિ સંવેદનશીલ સમયે કરવામાં આવ્યો છેઃ ઈઝરાયલના યમન પર હવાઈહુમલા અને યમનના જવાબી મિસાઈલ હુમલા

દુબઈ (સંયુક્ત આરબ અમીરાત) : ઈઝરાયલે સોમવારે યમનના હુતી બળવાખોરના કબજામાં રહેલા બંદરો અને સુવિધાઓ પર હવાઈ હુમલા કર્યા હતા અને આના જવાબમાં બળવાખોરોએ ઈઝરાયલને લક્ષ્ય બનાવતા મિસાઈલ હુમલા કર્યા હતા. રવિવારે રાતા સમુદ્રમાં લાઈબેરિયાના ધ્વજ ધરાવતા જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં જહાજને આગ લાગી ગઈ હતી અને જહાજમાં પાણી ઘૂસી જતાં જહાજના ક્રૂએ તેનો ત્યાગ કર્યો હતો. ગ્રીકની માલિકીની બલ્ક કેરિયર મેજિક સીસ પર હુમલાની શંકાની સોઈ તરત જ હુતી પર તકાઈ હતી. સુરક્ષા કંપનીએ કહ્યું હતું કે જહાજ પર પહેલાં નાના હથિયારો અને રોકેટથી ચાલતા ગ્રેનેડ વડે હુમલો કર્યા બાદ બોમ્બ ધરાવતી ડ્રોન બોટ જહાજ સાથે ટકરાઈ હતી. બળવાખોરના મીડિયાએ જહાજ પરના હુમલાની માહિતી આપી હતી, પરંતુ હુતીએ હુમલાની જવાબદારી લીધી નહોતી. હુતી હુમલાની જવાબદારી સ્વીકારે એને કલાકો કે દિવસો લાગી શકે.

જહાજ વિરુદ્ધના હુતીના હુમલાને લીધે અમેરિકા તથા પશ્ચિમના દેશોને ફરી રાતા સમુદ્રમાં સક્રિય થવું પડે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના આદેશથી અગાઉ યમનના બળવાખોર પર ભીષણ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા.

મિડલ ઈસ્ટમાં જહાજ પર હુમલો અતિ સંવેદનશીલ સમયે કરવામાં આવ્યો છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેનો યુદ્ધવિરામ અદ્ધરતાલ છે. બીજી બાજુ અમેરિકાએ ઈરાનના અણુમથકો પર કરેલા હુમલા બાદ ઈરાન અણુમંત્રણા ફરી શરૂ કરવી કે નહીં તેના પર વિચાર કરી રહ્યું છે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ ટ્રમ્પને મળવા વૉશિંગ્ટન ગયા છે.

ઈઝરાયલના લશ્કરે માહિતી આપી હતી કે તેણે હુતીના કબજા હેઠળના બંદરો-હોદેઈદા, રાસ ઈશા અને સલિફ પર તેમ જ રાસ કનાતિબ પાવર પ્લાન્ટ પર હુમલા કર્યા હતા. હુતી આતંકવાદી શાસન આ બંદરોનો ઉપયોગ ઈરાન પાસેથી હથિયારો મેળવવામાં અને ઈઝરાયલ અને તેના સાથીદારો પર હુમલો કરવા માટે કરે છે.

ઈઝરાયલના લશ્કરે વધુમાં જણાવ્યું હતું કે હુતીએ ૨૦૨૩માં મેળવેલા વાહન લઈ જઈ શકે એવા જહાજ ગેલેક્સી લીડર પર પણ હુમલો કર્યો હતો . હુતીએ આ જહાજ પર રડાર સિસ્ટમ લગાડી છે જેથી તે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં કયા જહાજો આવે છે એ જાણીને તેનો આતંકવાદી હેતુ માટે ઉપયોગ કરે.

૨૦૨૩માં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ દરમિયાન રાતા સમુદ્રના કોરિડોરમાં હુતીએ ગેલેક્સી લીડર પર કબજો મેળવ્યો હતો. બહામાસનું ધ્વજ ધરાવતું આ જહાજ ઈઝરાયલના અબજોપતિનું છે. જ્યારે જહાજ પર કબજો જમાવામાં આવ્યો ત્યારે જહાજમાં કોઈ ઈઝરાયલી નહોતા. જહાજનું સંચાલન જપાનની કંપની એનવાયકે લાઈન કરતું હતું.

હુતીએ ઈઝરાયલે હવાઈ હુમલા કર્યા એ વાતને સમર્થન આપ્યું હતું, પરંતુ યમનને કેટલું નુકસાન થયું એની માહિતી આપી નહોતી. તેના લશ્કરી પ્રવકતા બ્રિગેડિયર જનરલ યાહ્યા સારીએ દાવો કર્યો હતો કે અમારા સંરક્ષણદળોએ ઈઝરાયલના હુમલાનો અસરકારક રીતે જવાબ આપ્યો હતો. જોકે તેમણે કોઈ પુરાવા દીધા નહોતા. ઈઝરાયલે જૂનમાં યમનના વિસ્તારો પર હવાઈ હુમલા અને નૌકાદળ વડે હુમલા કર્યા હતા. ઈઝરાયલ અને અમેરિકાએ ભૂતકાળમાં પણ યમનના બંદરો પર હુમલા કર્યા છે. અમેરિકાના એપ્રિલના હુમલામાં ૭૧ લોકોના મરણ થયા હતા. જોકે આ વખતે ઈઝરાયલે એકલે હાથે યમન પર હવાઈહુમલા કર્યા છે. યમનના બળવાખોરો ઈઝરાયલ પર મિસાઈલ હુમલો કરવાનું ચાલુ રાખ્યું છે.

ઈઝરાયલના સંરક્ષણપ્રધાન ઈઝરાયલ કાટ્ઝે કહ્યું હતું કે જે બાબત ઈરાન માટે સત્ય છે એ યમનને માટે પણ હકીકત છે. જે પણ ઈઝરાયલ સામે હાથ ઉગામશે એનો હાથ કાપી નાખવામાં આવશે. હુતીને તેમના કૃત્ય માટે ભારે કિંમત ચુકવવી પડશે. હુતીએ આના જવાબમાં મિસાઈલ હુમલા કર્યા હતા. ઈઝરાયલ લશ્કરે કહ્યું હતું કે અમે મિસાઈલને આતંરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે મિસાઈલ અટકી નહોતી. આ હુમલામાં કોઈ ઘાયલ થવાના તત્કાળ કોઈ અહેવાલ નથી. વેસ્ટ બૅન્ક અને ડેડ સીમાં સાયરન વાગવા માંડી હતી.

યમનના હુતી બળવાખોરો આ વિસ્તારમાં કમર્શિયલ અને મિલિટરી શિપ પર મિસાઈલ અને ડ્રોન હુમલો કરી રહ્યા છે. આ જૂથનું નેતૃત્વ કહે છે કે અમે ગાઝા પટ્ટીમાં ઈઝરાયલના હમાસ પરના હુમલા અટકાવવા આમ કરી રહ્યા છીએ.

નવેમ્બર ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૫ સુધી હુતીએ મિસાઈલ અને ડ્રોન વડે ૧૦૦થી વધારે જહાજને લક્ષ્ય બનાવ્યા હતા. આમાંથી બે જહાજ તો ડૂબી ગયા હતા અને ચાર નાવિકનાં મોત થયાં હતાં. આને લીધે રાતા સાગરના કોરિડોરમાં વેપાર ઘટી ગયો છે. સામાન્ય રીતે એક વર્ષમાં આ કોરિડોરમાં એક ટ્રિલ્યન અમેરિકન ડૉલરનો માલ જાય છે. .

દરમિયાન યમનમાં દાયકાથી ચાલતી હુતી અને સઉદીના ગંઠબંધનના ટેકાવાળી જૂની સરકાર વચ્ચે જંગ હવે મડાગાંઠ જેવી સ્થિતિમાં છે. આ રીજનમાં સોમાલિયાના બળવાખોરો પણ કાર્યરત છે. જોકે આ ચાંચિયાઓ જહાજ લૂંટતા હોય છે કે તેના પર કબજો જમાવીને બાનની રકમ માગતા હોય છે. (એજન્સી)■

# પાકિસ્તાનમાં ભારે વરસાદ અને પૂરને કારણે ૭૨નાં મોત

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનમાં દસ દિવસ સુધી ખાબકેલા ભારે વરસાદ અને પૂરને કારણે ૭૨ લોકોનાં મોત નીપજ્યાં છે. જ્યારે ૧૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ જાણકારી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને સ્થાનિક અધિકારીઓએ આપી હતી. ૨૬ જૂનથી અત્યાર સુધીમાં અનેક પ્રાંતોમાં મૃત્યુ નોંધાયા છે. જેમાં ઉત્તર-પશ્ચિમ પખ્તુનખ્વા, પૂર્વ પંજાબ, દક્ષિણ સિંધ અને દક્ષિણ-પશ્ચિમ બલુચિસ્તાન પ્રાંતનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે સ્થાનિક અધિકારીઓને હાઇ એલર્ટ પર રહેવા વિનંતી કરી છે. તેમજ પ્રવાસીઓને અસરગ્રસ્ત વિસ્તારોમાં જવાનું ટાળવાની સલાહ આપી છે. કારણ કે ભારે વરસાદથી હાઇવે બંધ થઇ શકે છે અને અચાનક પૂરની સ્થિતિ પણ પેદા થઇ શકે છે.

ગયા મહિને જ્યારે એક જ પરિવારના ૧૭ પ્રવાસીઓ ઉત્તર-પશ્ચિમમાં સ્વાત નદીમાં વહી ગયા હતા ત્યારથી જ જ કટોકટી સેવાઓ હાઇ એલર્ટ પર છે. આ ઘટનામાં ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ૧૩ના મૃતદેહ મળી આવ્યા હતા. મકાનની છત પર ફસાયેલા અને મદદ માટે વિનંતી કરતા પરિવારનો વીડિયો ફરતો થતાં આક્રોશ ફેલાયો હતો. બાદમાં કટોકટી ટીમો પર ધીમી પ્રતિક્રિયાનો આરોપ પણ મૂકવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું કે તેઓ ૨૦૨૨ના વિનાશકારી પૂર જેવા ભારે હવામાનના પુનરાવર્તનની શક્યતાને નકારી શકે તેમ નથી. તે સમયે વરસાદને કારણે દેશનો ત્રીજો ભાગ પાણીમાં ગરકાવ થઇ ગયો હતો. તેમજ ૧,૭૩૭ લોકો મૃત્યુ પામ્યાં હતાં. ■

# ઈન્ડોનેશિયાનો માઉન્ટ લેવોટોબી લાકી લાકી જ્વાળામુખી ફરી ફાટ્યો



**જ્વાળામુખીઃ** ઈન્ડોનેશિયાના ઈસ્ટ ફ્લૉરેસમાં સોમવારે જ્વાળામુખી ફાટ્યા બાદ માઉન્ટ લાકી લાકીમાંથી નીકળી રહેલો લાવારસ. (એજન્સી)

જર્કાતાઃ ઇન્ડોનેશિયાનો માઉન્ટ લેવોટોબી લાકી લાકી જ્વાળામુખી સોમવારે ફરી ફાટ્યો હતો. જેના કારણે આકાશમાં ૧૮ કિમીની ઊંચાઇ સુધી રાખના ફુવારા ઉછળ્યા હતા. જેથી નજીકના ગામડાઓ પર રાખના થર જામી ગયા હતા.

ઇન્ડોનેશિયાની ભૂસ્તરશાસ્ત્ર એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું કે તેઓએ જ્વાળામુખી ફાટવા દરમિયાન ઢોળાવ પર સળગતા ગેસના વાદળોનો ધસારો રેકોર્ડ કર્યો છે. દેશની જ્વાળામુખી દેખરેખ એજન્સીએ ૧૮ જૂનના રોજ વિસ્ફોટ બાદ જ્વાળામુખીની ચેતવણીની સ્થિતિને ઉચ્ચતમ સ્તર પર વધારી દીધી હતી. તેમજ વારંવાર વિસ્ફોટો થતાં બહિષ્કૃત ઝોનને બમણાથી વધુ સાત કિમીની ત્રિજ્યામાં વધારી દીધો હતો.

જ્યારે નવેમ્બરમાં માઉન્ટ લેવોટોબી લાકી લાકી જ્વાળામુખી ફાટ્યો હતો ત્યારે નવ લોકોનાં મોત નીપજ્યાં હતાં. તેમજ ડઝનેક ઘાયલ થયા હતા. આ જ્વાળામુખી માર્ચમાં પણ ફાટયો હતો. ૧,૫૮૪ મીટર ઊંચો આ પર્વત ફ્લોરેસ તિમુર જિલ્લામાં સ્થિત માઉન્ટ લેવોટોબી પેરેમ્પુઆન સાથેનો જોડિયો જ્વાળામુખી છે. નોંધનીય છે કે ઇન્ડોનેશિયા ૨૭૦ મિલિયન લોકોની વસ્તી ધરાવતો દ્વીપસમૂહ છે, જ્યાં વારંવાર ભૂકંપીય ગતિવિધિઓ થતી રહે છે. તેમાં ૧૨૦ સક્રિય જ્વાળામુખી છે અને તે 'રિંગ ઓફ ફાયર'ની સાથે સ્થિત છે. પેસિફિક બેસિનને ઘેરી લેતી ભૂકંપીય ફોલ્ટ લાઇનોની એક ઘોડાની નાળના આકારની શૃંખલા છે. ■

# ઈરાકી ગુફામાં મિથેન ગૅસથી વધુ સાત તુર્કી સૈનિકનાં મોત, મૃત્યુઆંક ૧૨ થયો

અંકારા (તુર્કી) : ઉત્તરી ઇરાકમાં ગુફામાં શોધ કામગીરી દરમિયાન મિથેન ગૅસના ઝેરથી વધુ સાત તુર્કી સૈનિકના મોત થયાં છે, તુર્કીના સંરક્ષણ મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે, મૃત્યુઆંક ૧૨ થયો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, સૈનિકો એક પર્વતીય ગુફામાં આતંકવાદીઓ દ્વારા અગાઉ માર્યા ગયેલા સાથી સૈનિકના અવશેષો શોધી રહ્યા હતા, ત્યારે તેમાંથી ૧૯ જણ ગેસના સંપર્કમાં આવ્યા હતા. રવિવારે પાંચ સૈનિક રંગહીન, ગંધહીન, જ્વલનશીલ ગેસથી મૃત્યુ પામ્યા હતા અને સોમવારે વધુ સાત સૈનિકનું મોત નીપજ્યું હતું. સંરક્ષણ પ્રધાન યાસર ગુલેર અને સશસ્ત્ર દળોના કમાન્ડરો "નિરીક્ષણ અને મૂલ્યાંકન" કરવા અને અંતિમ સંસ્કાર સમારોહમાં હાજરી આપવા માટે આ પ્રદેશની મુસાફરી કરી રહ્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ ઘટના "ક્લો-લોક ઓપરેશન પ્રદેશ" માં બની હતી - જે એપ્રિલ ૨૦૨૨માં ઉત્તરી ઇરાકમાં કુર્દિસ્તાન વર્કર્સ પાર્ટી અથવા પીકેકે સામે શરૂ કરાયેલા ઓપરેશનનો ભાગ છે.

ગૅસથી પ્રભાવિત અન્ય સાત સૈનિકની સ્થિતિ અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી.

# પંજાબમાં મિનિ બસ પલટી જતાં નવનાં મોત

હોશિયારપુરઃ પંજાબના દસુયાના સાગરન ગામ નજીક એક મિની બસ પલટી જતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં નવ મુસાફરોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૩૨ ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી. મુકેરિયાંના નાયબ પોલીસ અધિક્ષક કુલવિંદર સિંહ વિર્કના જણાવ્યા અનુસાર બસ લગભગ ૪૦ મુસાફરોને લઇને હાજીપુરથી દસુયા જઇ રહી હતી. દરમિયાન ડ્રાઇવરે વાહન પરનું નિયંત્રણ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો.

પોલીસે જણાવ્યું કે અકસ્માતમાં ઘાયલ મુસાફરોને દસુયાની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે કુલવિંદર સિંહ વિર્કે જણાવ્યું કે અકસ્માતનું કારણ હજુ સુધી શકાયું નથી. તેમ જ અકસ્માતની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે એમ જણાવ્યું હતું. ■

# તાઈવાનમાં વાવાઝોડું દાનાસ ત્રાટક્યું, બેનાં મોત

તાઇપેઇઃ તાઇવાનમાં વાવાઝોડું દાનાસ ત્રાટકતાં સોમવારે સવારે ઘણા ભાગોમાં ભારે પવન સાથે મુશળધાર વરસાદ પડ્યો હતો. જેના કારણે ટાપુના ગીચ વસ્તીવાળા પશ્ચિમ કિનારા પર બે લોકોનાં મૃત્યુ થયાં હતાં. જ્યારે ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

દાનાસના પ્રભાવથી ૫૮૦,૦૦૦થી વધુ ઘરોમાં વીજળી ગુલ થઇ હતી. તેમજ તાઇવાનના દક્ષિણ અને મધ્ય ભાગોમાં શાળાઓ અને ઓફિસો બંધ રહી હતી. આ વાવાઝોડું રવિવારે મોડી રાત્રે પશ્ચિમ કિનારા પર ૧૪૪ કિલોમીટર પ્રતિ કલાક(૮૯ માઇલ પ્રતિ કલાક)ની ઝડપે ત્રાટક્યું હતું. જેના કારણે કેટલાક સ્થળોએ ૬૦ સેન્ટિમીટર(૨૪ ઇંચ)થી વધુ વરસાદ પડ્યો હતો. જેથી ભૂસ્ખલન અને પૂરની સ્થિતિ સર્જાઇ હતી.રાષ્ટ્રીય અગ્નિશામક એજન્સીના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમ શહેર તાઇવાનમાં બે લોકોનાં મોત થયાંના અહેવાલ છે. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કળણ | CURRENCY |
| ચલણ | ABDUCTION |
| ભરણ | MARSH |
| વલણ | MAINTENANCE |
| હરણ | ATTITUDE |

## ઓળખાણ પડી?



અફઘાનિસ્તાનમાં મૂળિયાં ધરાવતા સંગીત વાદ્યની ઓળખાણ પડી? ભારતમાં કાશ્મીરમાં તેમ જ ઈરાન દેશમાં લોકપ્રિય છે.

અ) વીણા  બ) બુલબુલ તરંગ  ક) રૂબાબ  ડ) સારંગી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જો | વા | ૨ લા | ૩ ય | ક | | ૪ અ | ૫ ચા | ન | ૬ ક |
| ગ | | ૭ ગ | દા | | ૮ વા | મ | ન | | વા |
| ૯ સં | ૧૦ વ | ત | | ૧૧ અ | હિ | | ૧૨ ક | ૧૩ મા | લ |
| ૧૪ જો | લ | | ૧૫ અ | ભિ | યા | ન | | ત | |
| ૧૬ ગ | ણ | ૧૭ ના | | ૧૮ મ | ત | | ૧૯ દ | | ૨૦ અ |
| | | ૨૧ લા | ૨૨ ન | ત | | | ૨૩ હ | વ | ડ |
| ૨૪ સ | હા | ય | ક | | ૨૫ મ | દિ | લી | | ધી |
| ૨ | | ૨૬ ક | લ | મ | ક | | ઝ | | પ |
| ૨૭ કા | ૨૮ મો | | ખો | | ૨૯ ત | ળ | | ૩૦ વા | ડ |
| ૩૧ રી | ત | સ | ર | | બ | | ૩૨ સ | મા | ધી |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | | ૭ |
| | | ૮ | ૯ | | ૧૦ | | | | |
| ૧૧ | ૧૨ | | ૧૩ | ૧૪ | | | ૧૫ | ૧૬ | |
| | ૧૭ | ૧૮ | | | | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | ૨૨ | | | ૨૩ | | | ૨૪ | |
| ૨૫ | | | | ૨૬ | | | ૨૭ | | |
| | | | ૨૮ | | | ૨૯ | | | |
| ૩૦ | ૩૧ | | | | ૩૨ | | | | ૩૩ |
| ૩૪ | | | | ૩૫ | | | | ૩૬ | |
| ૩૭ | | | | | | ૩૮ | | | |

**આડી ચાવી**

૧. --- ચૂક એટલે બેધ્યાન (૩)
૩. ચતુરાઇથી (૬)
૮. ડાબું (૨)
૧૦. ઘણા માણસો--- બહાનાં કાઢતા હોય (૩)
૧૧. બીમારી (૨)
૧૩. દાણ, નાકાવેરો (૩)
૧૫. માણસ--- ઉણા ના ઉતરીએ (૩)
૧૭. લાચારી (૪)
૨૦. મોકો (૨)
૨૨. અભિપ્રાય (૨)
૨૩. ઘા, શારીરિક નુકસાન (૨)
૨૪. 'રટવું'નું આજ્ઞાર્થ (૨)
૨૫. એક બદનામ પ્રાણી (૩)
૨૬. --- સપ્તક એટલે ખરજના સૂર (૨)
૨૭. --- મારવા એટલે ખોટાં વખાણ કરવાં (૩)
૨૮. ---વ્યક્તિને સ્વાભિમાન ના પરવડે (૪)
૩૦. ફાટેલી જગા પર સાંધેલો ટુકડો (૩)
૩૨. લોચો (૩)
૩૪. ગલ, કંઠ, ગળું (૨)
૩૬. વિષયી, વિષયાસકત (૨)
૩૭. મૂર્ખ (એક ગાળ) (૫)
૩૮. ચકચકાટ, પ્રકાશ (૪)

**ઊભી ચાવી**

૧. આધાર, ટેકો (૩)
૨. --- પર પુલાવ બનાવો (૨)
૪. ધિક્કાર (૩)
૫. --- મારવી એટલે લાત મારવી (૨)
૬. જમા રહેલી રકમ (૩) (જો. છૂ.)
૭. નાના નાના ટુકડા (૬)
૯. અતૂટ, નક્કર, સઘન (૪)
૧૨. દુઃખ, પીડા (૨)
૧૪. ઊંડો (૨)
૧૬. રૂઢિ, રિવાજો (૫)
૧૮. યમદૂત (૩)
૧૯. દંડ, શિક્ષા, નસિયત (૨)
૨૧. ઉખડેલા કે ફાટેલાની દુરસ્તી (૬)
૨૩. માયા, જાદુગરી ભ્રમની જાળ (૪)
૨૬. હશે, ભલે, છોને (૨)
૨૯. સમાજમાં --- ના ભેદ ખોટા (૪)
૩૧. કફમાં --- નીકળે (૩)
૩૩. મીઠે નહીં તેવું (૩)
૩૫. ડાળી, ઇજ્જત (૨)
૩૬. બાપના બાપનો દીકરો (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સાંભર્યું શૈશવ ને મન મલકાયું' વાક્યમાં 'શૈશવ' શબ્દનો અર્થ જણાવો.

અ) વિદ્યાર્થી  બ) મિત્ર  ક) પ્રેમિકા  ડ) બાળપણ

## માતૃભાષાની મહેક

પાણીથી પાતળું કરવું એટલે શરમાવી હલકું પાડવું. બે ટંક અન્નના પણ સાંસાં હોય એ માટે પાતળું પેટ અને હાલ્લાંનો કાળ કહેવત છે. ટીકા પણ સમજીને જ કરવી જોઈએ એવું સમજાવતી કહેવત છે પાતળા છાણમાં પથરો ન ફેંકવો. એમ કરવાથી છાંટા આપણને જ ઊડે, સરવાળે નુકસાન તો આપણું જ થાય એ ભાવાર્થ છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ NYCTOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) દરિયો  બ) અંધારું  ક) નાલેશી  ડ) વિમાન

## ઈર્શાદ

ચૂકવું છું ક્યારનોય વિરહ રોકડો કરી,
તારું મિલન તો ખૂબ નફાખોર હોય છે.

-- અંકિત ત્રિવેદી

## સુડોકુ-૯૦૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૪ | | | | | |
| ૫ | | ૯ | | | ૭ | ૮ | | |
| ૪ | | | | ૯ | | | | |
| ૯ | | ૨ | | ૮ | | | | ૭ |
| | | ૮ | | ૨ | | ૫ | | |
| ૭ | | | | ૧ | | ૨ | | ૬ |
| | | | | ૭ | | | | ૮ |
| | | ૬ | ૮ | | | ૪ | | ૧ |
| | | | | | ૫ | | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૨ | ૪ | ૬ | ૮ | ૧ | ૯ | ૭ |
| ૧ | ૮ | ૬ | ૨ | ૭ | ૯ | ૩ | ૫ | ૪ |
| ૭ | ૯ | ૪ | ૩ | ૧ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૬ | ૩ | ૮ | ૯ | ૨ | ૪ | ૫ | ૭ | ૧ |
| ૨ | ૭ | ૧ | ૫ | ૩ | ૬ | ૯ | ૪ | ૮ |
| ૫ | ૪ | ૯ | ૧ | ૮ | ૭ | ૬ | ૩ | ૨ |
| ૮ | ૧ | ૭ | ૬ | ૫ | ૩ | ૪ | ૨ | ૯ |
| ૪ | ૨ | ૩ | ૭ | ૯ | ૧ | ૮ | ૬ | ૫ |
| ૯ | ૬ | ૫ | ૮ | ૪ | ૨ | ૭ | ૧ | ૩ |

## માઈન્ડ ગેમ

ભારતનું કયું શહેર 'સ્નેક પાર્ક' - સાપોના ઉદ્યાન માટે મશહૂર છે એ જણાવો. ૧૯૭૨માં એની સ્થાપના કરવામાં આવી હતી.

અ) ચેન્નઈ  બ) વિશાખાપટ્ટનમ  ક) લુધિયાણા  ડ) વારંગલ

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મેઘ | RAIN |
| વીજળી | LIGHTNING |
| વાવાઝોડું | STORM |
| વંટોળ | TORNADO |
| કરા | HAILSTONES |

ઓળખાણ પડી? ક્લે વાયોલિન

ગુજરાત મોરી મોરી રે સાપ

ચતુર આપો જવાબ અર્થ જણાવો દૂત

માઈન્ડ ગેમ નાગપુર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) લજિતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) ભાવના કર્વે (૧૫) જયવંત પદમશી ચિખલ (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) પ્રવીણ વોરા (૧૯) વિણા સંપટ (૨૦) દેવેન્દ્ર સંપટ (૨૧) અંબરીષ ઓઝા (૨૨) અંજુ ટોલિયા (૨૩) મહેશ દોશી (૨૪) અલકા વાણી - સિડની (૨૫) કિશોર બી. સંઘરાજકા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ડાયના સંતોકે (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) પુષ્પા ખોના (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) શરીષ ઉદેશી (૩૨) અરવિંદ કામદાર (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષીબેન દલાલ (૩૭) હિના દલાલ (૩૮) રમેશ દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) ગીતા ઉદેશી (૪૨) પ્રતિમા પમાણી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેશ દોશી

# ઘાટકોપર સ્ટેશન પર કોઈ પણ ઘડીએ થઈ શકે છે મોટી દુર્ઘટના

## સોમવારે સવારે લોકલ-મેટ્રો માટે પ્રચંડ ગીરદી, નાસભાગ ન થઈ એ જ નવાઈ



**ભયંકર અવ્યવસ્થાઃ** સોમવારે ઘાટકોપર સ્ટેશને ભયંકર ભીડ થઈ હતી. (અમય ખરાડે)

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલમાં જબરજસ્ત ભીડનાં દૃશ્યો રોજ જોવા મળે છે. શહેર પોતાની મહત્તમ મર્યાદા સુધી પહોંચી ગયું હોય તેવું લાગે છે. તાજેતરમાં જ ભીડના કારણે લટકી રહેલા ૧૩ મુસાફરો પડી ગયા હતા અને કેટલાકનાં મોત થયા હતા. થોડા વર્ષો પહેલા ચિંચપોકલી સ્ટેશન પર ભીડને કારણે નાસભાગ થતા લોકોએ જીવ ગુમાવ્યા હતા. હવે આવું જ ઘાટકોપર લોકલ અને મેટ્રો સ્ટેશન પર જોવા મળે છે. સોમવાર, ૭ જુલાઈના રોજ સવારે પીક અવર્સ દરમિયાન ઘાટકોપર રેલવે સ્ટેશન અને મેટ્રો સ્ટેશન પર થતી નાસભાગના વીડિયો સામે આવ્યા છે.

વીડિયોમાં જોઈ શકાય છે કે મર્યાદા કરતા વધુ ભીડ એસ્કેલેટરનો ઉપયોગ કરી રહી છે અને મેટ્રોમાં પ્રવેશવાનો માર્ગ શોધી રહી છે; આ નાની ઘટના ઝડપથી જીવલેણ ઘટનાનું

(જુઓ પાનું ૪) ▶▶

## શું કહેવું છે મેટ્રો સત્તાવાળાઓનું ?

ઘાટકોપરમાં મેટ્રો ટ્રિપ રદ થવાને કારણે પ્રવાસીઓની જોરદાર ભીડ થઇ ગઇ હતી. તેમાં વધારાના ૫૦૦ જેટલા પ્રવાસીઓ આવતા વધુ ભીડ જામી હતી. તેથી અનેક પ્રવાસીઓને મેટ્રો પરિસરમાં દાખલ થવા માટે રાહ જોવાનો વારો આવ્યો હતો. અંદાજે ૪૫ મિનિટ સુધી આવી સ્થિતિ કાયમ હતી.

મુંબઈ મેટ્રો-વન ઘાટકોપર અને અંધેરી વચ્ચે પીક અવર્સમાં મિક્સ-લૂપ સર્વિસ શોર્ટ-લૂપ સર્વિસ સેવા

(જુઓ પાનું ૪) ▶▶

# હાર્બર લાઈનમાં ૧૩ કલાક ટ્રેનવ્યવહાર ખોરવાયો

નવી મુંબઈના નેરુલ સ્ટેશન નજીક ટ્રેક રિલેઇંગ ટ્રેન (ટીઆઈટી) પાટા પરથી ઉતરી ગયાના લગભગ ૧૩ કલાક પછી, સોમવારે (૭ જુલાઈ, ૨૦૨૫) સવારે સેન્ટ્રલ રેલવેની હાર્બર લાઇન પર લોકલ ટ્રેન સેવાઓ ફરી શરૂ કરવામાં આવી હતી.

રવિવારે સાંજે ૪.૨૦ વાગ્યે નેરુળ સ્ટેશન નજીક ટીઆઈટી મશીન પાટા પરથી ઊતરી ગયું હતું, જેના કારણે વાશી અને પનવેલ વચ્ચે અપ (દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તરફ) અને ડાઉન (પનવેલ તરફ) લાઇન પર સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. જેના કારણે સાંજના ભારે ટ્રાફિકના સમયે હજારો મુસાફરો ફસાયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે,આખી રાત કામ કર્યા પછી, સીએસએમટીથી પનવેલ તરફની પહેલી લોકલ ટ્રેન સોમવારે સવારે ૫.૦૬ વાગ્યે ફરી શરૂ કરવામાં આવી હતી, જ્યારે પનવેલથી

(જુઓ પાનું ૪) ▶▶

# પર્યુષણમાં કતલખાના બંધ રાખવા આદેશ આપીશું તો ગણેશોત્સવ અને નવરાત્રીમાંય આવી માગણી થવા માંડશેઃ હાઇ કોર્ટ

મુંબઈઃ જૈન સમુદાય દ્વારા પર્યુષણ દરમિયાન નવ દિવસ સુધી કતલખાનું બંધ રાખવાની માગણી કરવામાં આવે છે ત્યારે જો આ પ્રકારનો આદેશ કોર્ટ દ્વારા આપવામાં આવશે તો અન્ય ધર્મના લોકો ગણેશચતુર્થી હોય કે નવરાત્રી જેવા તેમના તહેવારો દરમિયાન આ પ્રકારની માગણી કરી શકે છે, એમ જણાવી બૉમ્બે હાઇ કોર્ટે સોમવારે રાજ્ય સરકારને સવાલ કર્યો હતો કે શું કોર્ટ આ પ્રકારનો આદેશ આપી શકે છે?

ગયા વર્ષે પર્યુષણ દરમિયાન મુંબઈ મહાનગરપાલિકા તથા પુણે અને નાશિક પાલિકા દ્વારા ફક્ત એક દિવસ કતલખાનું બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ આદેશને પડકારતી અરજી એક જૈન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. તેની સુનાવણી વખતે હાઇ કોર્ટે ઉક્ત બાબત નોંધી હતી.

જૈન સમુદાય દ્વારા ૨૧મી ઓગસ્ટથી નવ દિવસ સુધી કતલાખાના બંધ રાખવાની માગણી કરી હતી. ટ્રસ્ટ દ્વારા જૈન ધર્મના અમુક સિદ્ધાંતો જેમ કે અહિંસા અંગે કોર્ટને જણાવ્યું હતું અને

(જુઓ પાનું ૪) ▶▶

# 'રાજ ઠાકરે બિહાર આવો, પટકી પટકીને..'

## આવું વિધાન કરનારા ભાજપના સાંસદને ઉદ્ધવ ઠાકરેએ ઝરખ કહ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભાષાને લઈને રાજકારણ ગરમાઈ રહ્યું છે. ઝારખંડના ગોડ્ડાના ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ મનસેના વડા રાજ ઠાકરેને બિહાર આવવાનો ખુલ્લો પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે જો રાજ ઠાકરેમાં એટલી હિંમત હોય તો તેમણે બિહાર આવીને બતાવવું જોઈએ. તેમને પટકી પટકીને મારવામાં આવશે. ગુવાહાટીમાં એક સમાચાર એજન્સીને આપેલા ઇન્ટરવ્યુમાં નિશિકાંત દુબેએ રાજ ઠાકરે વિશે આવું વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. રાજ ઠાકરેના ભાઈ ઉદ્ધવ ઠાકરેએ આનો જવાબ આપતા કહ્યું હતું કે, છોડો દુબે બીબે... એ તો કોઈ ઝરખ છે જે વિવાદ ઉભો કરી રહ્યો છે?

નિશિકાંત દુબેના નિવેદન પર ઉદ્ધવ ઠાકરેએ

(જુઓ પાનું ૪) ▶▶

## દુબેની ભાજપ દ્વારા જ ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના સાંસ્કૃતિક બાબતોના પ્રધાને સોમવારે ભારપૂર્વક કહ્યું હતું કે મરાઠી માસનું અપમાન કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં અને કોઈને મરાઠી ભાષી લોકોની ક્ષમતા પર સવાલ ઉઠાવવાની આવશ્યકતા નથી.

ભાજપના નેતા અને પ્રધાન આશિષ શેલારે

(જુઓ પાનું ૪) ▶▶

## નિશિકાંત દુબેએ શું કહ્યું હતું?

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું હતું કે, તમે કોની રોટલી ખાઓ છો? ટાટા, બિરલા, રિલાયન્સ પાસે મહારાષ્ટ્રમાં યુનિટ પણ નથી. ટાટાએ બિહારમાં પોતાની પહેલી ફેક્ટરી પણ બનાવી જ્યારે ઝારખંડ તેની સાથે હતું. તમે અમારા પૈસા પર જીવી રહ્યા છો, તમે કયા ટેક્સ ચૂકવો છો? તમારી પાસે કયો ઉદ્યોગ છે, અમારી પાસે બધી ખાણો છે, ઝારખંડ અને છત્તીસગઢ પાસે છે. મધ્યપ્રદેશ પાસે છે, ઓડિશા પાસે છે

(જુઓ પાનું ૪) ▶▶

## મીરા રોડમાં મરાઠી ન બોલવા બદલ દુકાનદારની મારપીટ

# મનસેના સાત કાર્યકરો સામે ચાર્જશીટ

મુંબઈઃ મીરા રોડમાં મરાઠી ન બોલવા બદલ દુકાનદારની મારપીટ કરવામાં આવી હોવાની ઘટના બાદ કાશીમીરા પોલીસે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના સાત કાર્યકરો વિરુદ્ધ આરોપનામું દાખલ કર્યું હતું અને તમામ સામે પ્રતિબંધાત્મક કાર્યવાહીનો પ્રસ્તાવ મૂક્યો છે.

મીરા રોડમાં જોધપુર સ્વીટ્સના માલિક બાબુલાલ ચૌધરી (૪૮)ની ૨૯ જૂને હિન્દીમાં વાતચીત કરવા બદલ મનસેના કાર્યકરો દ્વારા મારપીટ કરવામાં આવી હતી. ચૌધરીની ફરિયાદ બાદ કાશીમીરા પોલીસે સાત અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. તમામને બાદમાં ઓળખી કાઢવામાં આવ્યા હતા અને તેમને

(જુઓ પાનું ૪) ▶▶

# અબુ સાલેમને છોડી મૂકવાની હાઇ કોર્ટની ના

મુંબઈઃ ગેંગસ્ટર અબુ સાલેમને પોર્ટુગલથી ભારતમાં લાવવામાં આવ્યો હતો અને અહીંની જેલમાં હજી તેણે પચીસ વર્ષ પૂરા કર્યા નથી જે ફરજિયાત છે. તેથી તેને કોઇ રાહત ન આપી શકાય એમ બૉમ્બે હાઇ કોર્ટે સોમવારે જણાવ્યું હતું.

જેલમાં સારા વર્તન સાથે પચીસ વર્ષની કેદ પૂર્ણ કરી હોવાનો દાવો કરીને જેલમાંથી મુક્ત કરવાની માગણી કરતી અરજી સાલેમે હાઇ કોર્ટમાં કરી હતી.

સાલેમને પોર્ટુગલથી લાવતી વખતે ભારત સરકાર તરફથી ખાતરી આપવામાં આવી હતી કે કોઇ પણ પ્રકારના કેસમાં

(જુઓ પાનું ૪) ▶▶

# ગે સંબંધનો વીડિયો વાયરલ કરવાની ધમકી સાથે બ્લેકમેઈલિંગઃ સીએનો સુસાઇડ

મુંબઈઃ સાંતાક્રુઝમાં બ્લૅકમેઈલિંગને કારણે ત્રણ કરોડ રૂપિયા ગુમાવ્યા બાદ સતત તાણમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે કથિત આત્મહત્યા કરતાં પોલીસે બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ગે સંબંધના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી બન્ને જણ સીએ પાસેથી નાણાં પડાવતા હતા.

વાકોલા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સાંતાક્રુઝ પૂર્વના યશવંત નગરમાં રહેતા સીએ રાજ લીલા મોરે (૩૨)એ શનિવારની રાતે ઘરમાં જ ઝેર ઘોળ્યું હતું. તેના ઘરમાંથી ત્રણ પાનાંની સુસાઈડ નોટ મળી હતી, જેમાં તેને બ્લૅકમેઈલ કરવા સંબંધી માહિતી વિગતવાર નોંધવામાં આવી હતી.

સુસાઈડ નોટ અનુસાર રાહુલ પરવાની અને સબા કુરેશીએ છેલ્લા ૧૮ મહિનામાં મોરે પાસેથી ત્રણ કરોડ રૂપિયા પડાવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું હતું કે મોરે અને પરવાની એક સોશ્યલ મીડિયા સાઈટ પર મળ્યા હતા. બાદમાં બન્ને વચ્ચે અનેક વાર ગે સંબંધ બંધાયા હતા, જેના વીડિયો પરવાનીએ બનાવ્યા હતા. પછી પરવાનીએ કુરેશી

(જુઓ પાનું ૪) ▶▶

# પાકિસ્તાનની ફરી ૨૬/૧૧ની તૈયારી?: રાયગડ નજીક શંકાસ્પદ બોટ દેખાઈ

## પાકિસ્તાની માછીમારી બોટ હોવાનું અનુમાનઃ રાતભર સર્ચ ઑપરેશન ચાલ્યા છતાં બોટ ન મળીઃ સુરક્ષા વધારાઈ

મુંબઈઃ રાયગડ જિલ્લાના રેવદાંડા નજીક દરિયામાં શંકાસ્પદ બોટ દેખાતાં સાબદી થઈ ગયેલી સુરક્ષા એજન્સીઓએ સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. પાકિસ્તાની માછીમારી બોટ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે, પણ રાતભરની તપાસ છતાં બોટની કોઈ ભાળ ન મળતાં દરિયાકિનારાની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. ૨૬/૧૧ના હુમલામાં દરિયાઈ માર્ગે મુંબઈ આવેલા ૧૦ પાકિસ્તાની આતંકવાદીએ ભારે ખૂનામરકી સર્જ્યા બાદ રાજ્યના દરિયાકિનારાઓની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. રવિવારની રાતે રેવદાંડામાં કોરલાઈ દરિયાકિનારાથી બે નોટિકલ માઈલના

(જુઓ પાનું ૪) ▶▶

# હાજી અલીથી પરેલ વચ્ચે એલિવેટેડ રોડ બંધાશે

મુંબઈઃ ફીનિક્સ મિલ્સ અને કમલા મિલ્સ તરફ જતા સેનાપતિ બાપટ માર્ગને લાલા લજપતરાય રોડના હાજી અલી સાથે જોડવા માટે એક નવા એલિવેટેડ રોડની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. કોસ્ટલ રોડના એન્ટ્રી અને એક્ઝિટ પોઇન્ટ પાસે આ એલિવેટેડ રોડની યોજના વિચારવામાં આવી છે. જો યોજના અનુસાર બધું પાર પડશે તો પરેલ, દાદર, માટુંગા અને માહિમના ભીડભાડવાળા વિસ્તારોમાં મુસાફરી કરતા લોકો ટૂંક સમયમાં જ મિનિટોમાં હાજી અલી જંકશન નજીકના કોસ્ટલ રોડ પર પહોંચી જશે.

# હાઈ કોર્ટના એડિશનલ જજ તરીકે ગૌતમ આંખડે શપથ લીધા



મુંબઈઃ બૉમ્બે હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા ચોથી જુલાઇ, ૨૦૨૫ના ગૌતમ આંખડને હાઇ કોર્ટના એડિશનલ જજ તરીકેના શપથ અપાવ્યા હતા. કોર્પોરેટ અને કમર્શિયલ કાયદાના નિષ્ણાત વકીલ ગણાતા આંખડ અગાઉ હાઇ કોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં સક્રિય હતા.

મુંબઈની સરકારી લો કોલેજમાં એક વિદ્યાર્થી તરીકે જસ્ટિસ આંખડેનો નોંધપાત્ર રેકર્ડ છે અને તેમણે ઘણા ગોલ્ડ મેડલ પણ જીત્યા હતા. બૉમ્બે હાઇ કોર્ટના તેઓ સૌથી નાની વયના જજ છે. મુંબઈ યુનિવર્સિટીથી એલએલ.બી. અને એલએલ.એમ.ની પરીક્ષા પાસ કર્યા બાદ તેઓએ પ્રથમ પ્રયાસમાં જ બૉમ્બે ઇન્કોર્પોરેટેડ લો સોસાયટીની સોલિસિટર એક્ઝામ પાસ કરી હતી. વરિષ્ઠ વકીલ બનવા પહેલા તેઓએ જાણીતા વરિષ્ઠ વકીલ દરિયસ ખંબાતા સાથે કામ કર્યું છે. ■

# પુણેમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને તોડવાનો પ્રયાસઃ એકની ધરપકડ

પુણેઃ પુણે રેલવે સ્ટેશન પર સ્થિત મહાત્મા ગાંધીની પ્રતિમાને તોડવાનો પ્રયાસ કરવા બદલ ૩૫ વર્ષના શખસની ધરપકડ કરવામાં આવી હતી, જે માનસિક રીતે અક્ષમ હોવાનું પોલીસને લાગી રહ્યું છે રવિવારે રાતે આ ઘટના બન્યા બાદ સ્થાનિકોએ એ શખસને પકડી પાડ્યો હતો અને પોલીસને હવાલે કરી હતી, જેની બાદમાં ધરપકડ કરાઇ હતી.

કૉંગ્રેસના કાર્યકરોએ સોમવારે પ્રતિમા નજીક વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આરોપી સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

આરોપીની ઓળખ સૂરજ શુકલા તરીકે થઇ હોઇ તે ઉત્તર પ્રદેશના વારાણસીનો રહેવાસી છે, એમ ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૨) મિલિંદ મોહિતેએ જણાવ્યું હતું. માનસિક રીતે અક્ષમ લાગતા આરોપી પાસેની બેગમાં ધાર્મિક પુસ્તકો હતાં. તેણે તીક્ષ્ણ હથિયારથી પ્રતિમાને તોડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે લોકોને તેને પકડી પાડ્યો હતો બાદમાં પોલીસને હવાલે કરી દેવાયો હતો, એમ મોહિતાએ કહ્યું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રતિમાને નુકસાન થયું નથી, પણ પ્રતિમા જેના પર ઊભી કરાઇ છે, તેની નાની લાદીને નુકસાન થયું હતું.

આરોપી પુણેના વિશ્રાંતવાડી વિસ્તારનો રહેવાસી છે અને રૂદ્રાક્ષ વેચે છે. તેણે સતારાના વાઇથી તીક્ષ્ણ હથિયાર ખરીદ્યું હતું.(પીટીઆઇ) ■

# મહારાષ્ટ્રમાં ૧૧ મહિનામાં ૧૨,૦૦૦ બાળકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં એપ્રિલ ૨૦૨૪થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીના ૧૧ મહિનામાં ૧૨,૦૦૦થી વધુ બાળકોનાં મોત થયા હોવાનું રાજ્યના જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન પ્રકાશ આબિટકરે વિધાનપરિષદમાં માહિતી આપી હતી.

સત્તાધારી અને વિપક્ષના વિધાનપરિષદના ૧૦ સભ્યોએ એપ્રિલ ૨૦૨૪થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં ૧૨,૪૩૮

(જુઓ પાનું ૪) ▶▶

# કુણાલ કામરા સામે વિશેષાધિકાર ભંગની કાર્યવાહી ટૂંક સમયમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને લક્ષ્ય બનાવતા પેરોડી ગીત બદલ સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા સામે વિશેષાધિકાર ભંગની કાર્યવાહી ટૂંક સમયમાં શરૂ થશે, એમ એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

માર્ચ મહિનામાં બજેટ સત્ર દરમિયાન રાજ્ય વિધાન પરિષદમાં ભાજપના સભ્ય પ્રવીણ દરેકરે કામરા અને શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સુષ્મા અંધારે વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ રજૂ કરી

(જુઓ પાનું ૪) ▶▶

# જળાશયોમાં ૨૪૮ દિવસનું પાણી જમા

## કેચમેન્ટ એરિયામાં ધોધમાર વરસાદઃ મિડલ વૈતરણા બંધના ત્રણ દરવાજા ખુલ્લા મુકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડનારાં સાતેય જળાશયોમાં ૨૪૮ દિવસ ચાલે એટલું પાણી જમા થઈ ગયું છે. સોમવારે સવારના જળાશયોમાં ૯,૮૨,૪૧૩ મિલ્યન લિટર જમા થઈ ગયું હતું, જે જળાશયોની સંગ્રહ કરવાની કુલ ક્ષમતા ૬૭.૮૮ ટકા છે. કેચમેન્ટ એરિયામાં છેલ્લા ત્રણેક દિવસથી મુશળધાર વરસાદ પડી રહ્યો હોવાથી સાતેય જળાશયોમાં મહત્ત્વના ગણાતા મિડલ વૈતરણા તેની સંપૂર્ણ ક્ષમતાના ૯૦ ટકા સુધી પહોંચી ગયું છે. તકેદારીના પગલારૂપે સોમવાર બંધના ત્રણ દરવાજા ખોલીને વધારાનું પાણી મોડક સાગરમાં છોડવાનું ચાલુ કરવામાં આવ્યું છે.

આ વર્ષે શરૂઆતના અને તીવ્ર ચોમાસાએ જળાશયોનાં પાણીનાં જથ્થામાં ઝડપથી વધારો કર્યો છે, જે છેલ્લા થોડા વર્ષોમાં જોવા મળતા સામાન્ય વલણ કરતા વધુ છે. પાણીપુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે જુલાઈ મહિનામાં ધોધમાર વરસાદ બાદ મહિના અંતમાં જળાશયો ભરવાનું શરૂ થાય છે પણ આ વર્ષે વરસાદની અલગ જ પેટર્ન રહી છે, જેને કારણે મોડક સાગર (લોઅર વૈતરણા), મિડલ વૈતરણા જેવા મહત્ત્વનાં જળાશયો છેલ્લા થોડા વર્ષોની સરખામણીમાં આ વર્ષે જલદી ભરાઈ ગયાં છે. સાત જુલાઈના મોડક સાગરમાં ૮૭ ટકા, અપર વૈતરણામાં ૭૩ ટકા, તાનસામાં ૭૨.૯૦ ટકા, ભાતસામાં ૫૭.૫૭ ટકા, વિહારમાં ૪૭ ટકા અને તુલસીમાં ૪૫ ટકા પાણી જમા થઈ ગયું છે. ■

# એપીએમસી માર્કેટ નજીક ટ્રક ટર્મિનલમાં ભીષણ આગ

થાણેઃ નવી મુંબઈમાં એપીએમસી માર્કેટ નજીક એક ટ્રક ટર્મિનલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે સ્થળ પર બે વિસ્ફોટ થયા હતા અને ઓછામાં ઓછા આઠ વાહનોને નુકસાન થયું હતુ, જેમાંથી કેટલાક કન્સાઇનમેન્ટથી ભરેલા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. રવિવારે મોડી રાત્રે નવી મુંબઈના તુર્ભે વિસ્તારમાં બનેલી આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી, એમ તેમણે જણાવ્યું હતું.



રવિવારે રાત્રે લગભગ ૧૧.૧૫ વાગ્યે તુર્ભે ટ્રક ટર્મિનલમાં આગ લાગી હતી. ચેતવણી મળતાની સાથે જ, સ્થાનિક ફાયર ફાઇટિંગ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આસપાસ ગેસ સિલિન્ડરો હોવાને કારણે બે વિસ્ફોટ થયા હતા, જેના કારણે પરિસ્થિતિ વધુ જોખમી બની હતી. એમ વાશી ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર યુ.બી. અકરેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આગને કાબુમાં લેવા માટે કુલ આઠ ફાયર એન્જિન - વાશીના છ અને એમઆઇડીસી (મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ) ફાયર બ્રિગેડના બે - તહેનાત કરવામાં આવ્યા હતા.

# ટોસ જીતીને ફીલ્ડિંગ લેવાનો અમારો નિર્ણય ખોટો સાબિત થયોઃ મેકલમ

## ઈંગ્લેન્ડના હેડ-કોચે કહ્યું, ‘પીચમાં અમે ધાર્યો એવો બદલાવ નહોતો આવ્યો’





એજબેસ્ટનઃ ભારતે રવિવારે ઇંગ્લેન્ડ સામે ૩૩૬ રનના વિક્રમજનક માર્જિનથી વિજય મેળવવાની સાથે એજબેસ્ટનમાં બ્રિટિશરોને પહેલી વખત ધૂળ ચાટતા કર્યા એને પગલે ખુદ ઇંગ્લિશ ટીમના હેડ-કોચ બ્રેન્ડન મેકલમે ટોસ જીતીને ફીલ્ડિંગ લેવાની પોતાની ટીમના નિર્ણયની ભૂલ સ્વીકારી હતી અને કહ્યું હતું કે ‘મેચ જેમ આગળ વધશે એમ પીચ બેટિંગ માટે સારી થતી જશે એવું અમે ધાર્યું હતું, પણ એવું નહોતું બન્યું.

### વિક્રમજનક ૩૩૬ રનના માર્જિનથી જીત

બીજી જુલાઈએ બેન સ્ટોકસે ટોસ જીતીને ફીલ્ડિંગ લીધી હતી. ભારતે બેટિંગ મળ્યા પછી કેપ્ટન શુભમન ગિલના ૨૬૯ રન, રવીન્દ્ર જાડેજાના ૮૯ રન, યશસ્વી જયસ્વાલના ૮૭ રન અને વોશિંગ્ટન સુંદરના ૪૨ રનની મદદથી ૫૮૭ રન કર્યા હતા. વિકેટકીપર જેમી સ્મિથના અણનમ ૧૮૪ રન તેમ જ હેરી બ્રુકના ૧૫૪ રન છતાં ઇંગ્લેન્ડ ૪૦૭ રન કરી શક્યું હતું. મોહમ્મદ સિરાજે છ અને આકાશ દીપે ચાર વિકેટ લીધી હતી. ભારતે બીજા દાવમાં ગિલના ૧૬૧ રન, રાહુલના ૫૫ રન, પંતના ૬૫ રન અને જાડેજાના અણનમ ૬૯ રનની મદદથી છ વિકેટે ૪૨૭ રન કર્યા હતા અને દાવ ડિકલેર કરીને બ્રિટિશરોને ૬૦૮ રનનો અત્યંત મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો. બેન સ્ટોક્સની ટીમ બીજી ઇનિંગ્સમાં ૨૭૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ભારતનો ૩૩૬ રનથી વિજય થયો હતો. આ મેચમાં ભારતની ફીલ્ડિંગ પણ ઉચ્ચ કક્ષાની હતી. વિદેશી ધરતી પર ભારતની આ સૌથી મોટા માર્જિનવાળી જીત છે. ભારતે છ વર્ષ પહેલાંનો પોતાનો રેકોર્ડ (૨૦૧૯માં વેસ્ટ ઇન્ડિઝમાં ૩૧૮ રનથી વિજય) તોડ્યો છે.

ભારતે એજબેસ્ટનમાં ટેસ્ટ રમવાનું શરૂ કર્યા બાદ ૫૮ વર્ષમાં પહેલી વખત ટેસ્ટ-વિજય મેળવ્યો છે. ન્યૂ ઝિલેન્ડના મહાન ક્રિકેટર અને ઇંગ્લેન્ડના મુખ્ય કોચ મેકલમે કહ્યું, ‘રમત જેમ જેમ આગળ વધી એમ પીચ અમે ધાર્યું હતું એ રીતે સારી બેટિંગ માટે અનુરૂપ નહોતી થઈ. જોકે ભારત પ્રથમ દાવમાં ૫૮૦-પ્લસ કરી જશે એવું પણ અમે નહોતું ધાર્યું. બસ, ત્યારથી જ અમે આ ટેસ્ટમાં ભારતથી પાછળ રહ્યા હતા.’

### આકાશે પીચનો સારો ફાયદો ઉઠાવ્યોઃ મેકલમ

મેકલમે એ પણ કબૂલ્યું હતું કે, ‘પ્રથમ દાવમાં જેમી સ્મિથ અને હેરી બ્રુક વચ્ચે ૩૦૩ રનની જે શાનદાર ભાગીદારી થઈ એને લીધે અમે મેચમાં થોડું સંતુલન લાવી શક્યા હતા. બસ, એટલું જ અમારા માટે સારું થયું હતું. મેચમાં છેવટના ભાગમાં એજબેસ્ટનની પીચ ભારતની પીચ જેવી થઈ ગઈ હતી. પીચમાં તિરાડો પડી ગઈ હતી, બોલમાં અનિશ્ચિત ઉછાળ મળતા હતા અને સીમ બોલરને વધુ પડતી મૂવમેન્ટ મળતી હતી જેનો આકાશ દીપે સારો ફાયદો ઉઠાવ્યો હતો.’

### ગુરુવારથી ત્રીજી ટેસ્ટ, બુમરાહના કમબેકથી બ્રિટિશરો સાવધાન

પાંચ મેચની સિરીઝ ૧-૧ની બરાબરીમાં છે. ગુરુવાર, ૧૦મી જુલાઈએ લોર્ડ્સમાં ત્રીજી ટેસ્ટ શરૂ થશે અને એમાં જસપ્રીત બુમરાહ કમબેક કરશે. મેકલમે કહ્યું કે ‘ત્રીજી ટેસ્ટમાં બુમરાહ પાછો રમવા આવશે એટલે અમારી ટીમે વધુ સારી યોજના સાથે મેદાન પર ઊતરવું જોઈશે. એજબેસ્ટનની આખી ટેસ્ટમાં અમે શરૂઆતથી બીજા નંબર પર જ રહ્યા. શુભમન ગિલે આ પીચ પર સર્વોત્તમ સ્તરનો પર્ફોર્મન્સ બતાવ્યો અને અમારા જ ખેલાડીઓ જોઈએ એવું ન રમી શક્યા. ખરેખર, ભારતીય ટીમ આ મેચ જીતવાને લાયક જ હતી.’ ■

# કુલદીપને પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરવાની ઈચ્છા, પરંતુ સપાટ પીચો પર મજબૂત બેટિંગ જરૂરીઃ ગિલ



બર્મિંગમઃ ભારતીય કેપ્ટન શુભમન ગિલનું કહેવું છે કે કુલદીપ યાદવ જેવા વિકેટ લેનારા સ્પિનરને પ્લેઇંગ ઇલેવનમાં રાખવું હંમેશાં આકર્ષક હોય છે, પરંતુ લીડ્સમાં નીચલા ક્રમના બે ખેલાડી સસ્તામાં આઉટ થયા પછી નીચલા ક્રમની બેટિંગ મજબૂત કરવા માટે ઇંગ્લેન્ડ સામેની એજબેસ્ટન ટેસ્ટમાં વોશિંગ્ટન સુંદરને પસંદ કરવામાં આવ્યો હતો. વોશિંગ્ટનને પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરવાનો વિવાદાસ્પદ નિર્ણય અસરકારક સાબિત થયો, કારણ કે ઓલરાઉન્ડરે બેટિંગ અને બોલિંગ બંનેમાં યોગદાન આપ્યું હતું.

ભારત લોર્ડ્સ ટેસ્ટમાં સમાન રણનીતિ સાથે જશે. પાંચ મેચની શ્રેણીની બીજી ટેસ્ટમાં જીત સાથે વાપસી કર્યા પછી ગિલે કહ્યું હતું કે, ‘‘જ્યારે તમારી પાસે કુલદીપ જેવો બોલર હોય છે, ત્યારે તે ખૂબ જ આકર્ષક હોય છે. હું વોશિંગ્ટનને એટલા માટે રમાડવા માગતો હતો કારણ કે તેની હાજરી આપણી બેટિંગને મજબૂત બનાવતી હતી. મને લાગે છે કે મારી અને વોશિંગ્ટન વચ્ચેની ભાગીદારી ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ હતી. જો આ ભાગીદારી ન થઈ હોત તો અમારી લીડ ૭૦-૮૦-૯૦ રનની હોત, જે માનસિક રીતે ૧૮૦ રનની લીડથી ઘણી અલગ છે.’’

ગિલે કહ્યું હતું કે જ્યારે ઇંગ્લેન્ડમાં વપરાતો ‘ડ્યુક’ બોલ થોડો જૂનો અને નરમ થઈ જાય છે, ત્યારે સ્પિનરો પાસે મેચને નિયંત્રિત કરવાની વધુ તક હોય છે. ભારતીય કેપ્ટને કહ્યું હતું કે, ‘‘જેમ અમે અપેક્ષા રાખી હતી કે પાંચમા દિવસે પણ બોલને પિચ પરથી વધુ ટર્ન મળી રહ્યો ન હતો, જ્યારે બોલ ‘રફ’ પર પડી રહ્યો હતો ત્યારે તે ઉછળી રહ્યો હતો.

ઇંગ્લેન્ડના એક પત્રકારે ગિલને કહ્યું હતું કે એજબેસ્ટનમાં આ ભારતની પહેલી જીત છે. ૩૩૬ રનની જીત પછી તેની લાગણીઓ વિશે પૂછવામાં આવતા તેણે કહ્યું હતું કે તેનું ધ્યાન શ્રેણી જીતવા પર છે. મેં ટેસ્ટ મેચ પહેલા પણ કહ્યું હતું કે હું ખરેખર આંકડા કે ઇતિહાસમાં માનતો નથી. છેલ્લા ૫૦-૬૦ વર્ષોમાં અમે અહીં અલગ અલગ પરિસ્થિતિઓ અને અલગ અલગ ટીમો સાથે ફક્ત સાત મેચ રમી છે.

મારું માનવું છે કે આ શ્રેષ્ઠ ભારતીય ટીમ છે, જેમાં ઇંગ્લેન્ડ આવીને તેમને હરાવવાની અને અહીંથી શ્રેણી જીતવાની ક્ષમતા છે. અમારી પાસે યોગ્ય લય છે. જો આપણે લડતા રહીશું, તો મને લાગે છે કે આ યાદગાર શ્રેણીઓમાંની એક હશે. ■

# ‘મારી બહેન કેન્સરથી પીડિત છે, આ પ્રદર્શન તેને સમર્પિત’: જીત બાદ ભાવુક થયો આકાશ દીપ





બર્મિંગહામઃ ઇંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં જીત બાદ ભારતનો ઝડપી બોલર આકાશ દીપ ભાવુક થઇ ગયો હતો. આકાશદીપે બીજી ટેસ્ટમાં પોતાનું શાનદાર પ્રદર્શન તેની કેન્સરગ્રસ્ત બહેનને સમર્પિત કરતાં કહ્યું હતું કે, ‘જ્યારે પણ હું બોલ હાથમાં લેતો ત્યારે તેના વિચારો મારા મનમાં આવતા હતા.’ નોંધનીય છે કે ભારતે ઇંગ્લેન્ડ સામે ચાલી રહેલી પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની બીજી મેચ ૩૩૬ રનથી જીતી લીધી હતી. આ સાથે શ્રેણી હવે ૧-૧ થી બરાબર થઈ ગઈ છે.

આકાશ દીપે કહ્યું હતું કે, ‘‘મેં આ વિશે કોઈ સાથે વાત કરી નથી પરંતુ બે મહિના પહેલા મારી બહેનને કેન્સર હોવાનું નિદાન થયું હતું. તે મારા પ્રદર્શનથી ખૂબ ખુશ થતી અને તેના ચહેરા પર સ્મિત આવતું હતું.’’ જિયો હોટસ્ટાર પર ચેતેશ્વર પૂજારા સાથે વાત કરતી વખતે પોતાની લાગણીઓને કાબૂમાં રાખતા તેણે કહ્યું હતું કે, જ્યારે પણ હું બોલ હાથમાં લેતો ત્યારે તેના વિચારો અને તસવીરો મારા મનમાં આવતી હતી. આ પ્રદર્શન તેને સમર્પિત છે. હું તેને કહેવા માગુ છું કે, ‘બહેન, અમે બધા તમારી સાથે છીએ.’ મેચ વિશે વાત કરતાં તે ખુશ હતો કે તેણે બનાવેલી યોજનાઓ કામ કરી ગઈ હતી.

તે લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમવા વિશે વિચારવા માગતો નથી જ્યાં આગામી ટેસ્ટ ૧૦ થી ૧૪ જૂલાઈ દરમિયાન રમાશે કારણ કે તે હમણાં તેના મેચવિનિંગ પ્રદર્શનનો આનંદ માણવા માગે છે. તેણે કહ્યું હતું કે, મેં લોર્ડ્સ માટેની મારી રણનીતિ વિશે વિચાર્યું નથી. પરંતુ તે અહીંની રણનીતિથી બહુ અલગ નહીં હોય. કેટલાક દિવસો એવા હશે જ્યારે તે કામ કરશે અને કેટલાક દિવસો એવા હશે જ્યારે તે કામ કરશે નહીં. અમારું કામ તેને વળગી રહેવાનું અને અમારી પ્રક્રિયા પર વિશ્વાસ રાખવાનું છે. ■

# સંજોગ ગુપ્તા બન્યા આઈસીસીના સાતમા સીઈઓઃ જય શાહે કરી પ્રશંસા



દુબઈઃ ભારતીય મીડિયા દિગ્ગજ સંજોગ ગુપ્તાને સોમવારે જય શાહના નેતૃત્વ હેઠળની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ ઓસ્ટ્રેલિયાના જ્યોફ એલાર્ડિસનું સ્થાન લેશે, જેમણે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા અંગત કારણોસર આ વર્ષની શરૂઆતમાં પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. જિયોસ્ટારમાં સીઇઓ તરીકે કાર્યરત રહેલા સંજોગ ગુપ્તા તાત્કાલિક અસરથી તેમની નવી ભૂમિકા સંભાળશે. તેઓ આઇસીસીના સાતમા સીઇઓ બન્યા હતા.

ક્રિકેટની સર્વોચ્ચ સંસ્થાએ જણાવ્યું હતું કે તેમને આ પદ માટે ૨૫ દેશોમાંથી ૨૫૦૦થી વધુ અરજીઓ મળી હતી, જેમાંથી ૧૨ ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. આઇસીસીએ કહ્યું હતું કે ‘‘ઉમેદવારોમાં રમતના સંચાલક મંડળોના અધિકારીઓ તેમજ કોર્પોરેટ જગતના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.’’ આ નામો નોમિનેશન કમિટીને મોકલવામાં આવ્યા હતા, જેમાં આઇસીસીના ઉપપ્રમુખ ઇમરાન ખ્વાજા, ઇંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) ના પ્રમુખ રિચાર્ડ થોમ્પસન, શ્રીલંકા ક્રિકેટના પ્રમુખ શમ્મી સિલ્વા અને ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ દેવજીત સૈકિયાનો સમાવેશ થાય છે.

તેમણે આ પદ માટે ગુપ્તાની ભલામણ કરી હતી, જેને આઇસીસીના ચેરમેન જય શાહ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આઇસીસીએ કહ્યું હતું કે ‘‘ભારત અને વૈશ્વિક સ્તરે રમત પ્રસારણના પરિવર્તન પાછળ સંજોગ ગુપ્તા એક પ્રેરક બળ રહ્યા છે.’’ આઇસીસીએ તેના નિવેદનમાં પ્રો કબડ્ડી લીગ અને ઇન્ડિયન સુપર લીગ (ફૂટબોલ) જેવી અન્ય લીગની સ્થાપના અને વિસ્તરણ અને પ્રીમિયર લીગ અને વિમ્બલ્ડન જેવી વૈશ્વિક સ્પર્ધાઓને પ્રોત્સાહન આપવામાં ગુપ્તાની ભૂમિકાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

શાહે કહ્યું કે રમતગમતની રણનીતિ અને બિઝનેસનો ગુપ્તાનો અનુભવ આઈસીસી માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ગુપ્તા એલાર્ડિસનું સ્થાન લેશે, જેમણે ચાર વર્ષના કાર્યકાળ પછી આ વર્ષે જાન્યુઆરીમાં રાજીનામું આપ્યું હતું. ગુપ્તાએ પત્રકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને ૨૦૧૦માં સ્ટાર ઇન્ડિયા (હવે જિયોસ્ટાર)માં જોડાયા હતા.

૨૦૨૦માં તેમને ડિઝની અને સ્ટાર ઇન્ડિયામાં સ્પોર્ટ્સ હેડ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. નવેમ્બર ૨૦૨૪માં વાયાકોમ૧૮ અને ડિઝની સ્ટારના વિલીનીકરણ પછી ગુપ્તાને જિયોસ્ટાર સ્પોર્ટ્સના સીઈઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. અગાઉ આઇસીસીનું સીઇઓ પદ ઓસ્ટ્રેલિયાના ડેવિડ રિચર્ડ્સ, માલ્કમ સ્પીડ અને એલાર્ડિસ, દક્ષિણ આફ્રિકાના ડેવિડ રિચર્ડસન અને હારૂન લોર્ગટ અને ભારતમાં જન્મેલા મનુ સાહની સંભાળી ચૂક્યા છે. ■

# એશિયન ચેમ્પિયનશિપ માટેની ભારતીય શૂટિંગ ટીમમાં મનુ ભાકર સામેલ



નવી દિલ્હીઃ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનાર મનુ ભાકર કઝાકિસ્તાનના શ્યામકેન્ટમાં ૧૬ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન યોજાનારી ૧૬મી એશિયન ચેમ્પિયનશિપ માટે જાહેર કરાયેલી ૩૫ સભ્યોની ભારતીય ટીમમાં એકમાત્ર શૂટર છે, જે બે વ્યક્તિગત ઇવેન્ટમાં ભાગ લેશે.

નેશનલ રાઇફલ એસોસિયેશન ઓફ ઇન્ડિયા (એનઆરએઆઇ) દ્વારા જાહેર કરાયેલી અન્ય ટીમો સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં અહીં યોજાનારી આઇએસએસએફ જુનિયર વર્લ્ડ કપ અને જુનિયર એશિયન ચેમ્પિયનશિપ માટે છે, જે સિનિયર સ્પર્ધા સાથે યોજાશે.

એનઆરએઆઇએ ચીનના નિંગબોમાં યોજાનારી આઇએસએસએફ વર્લ્ડ કપ (રાઇફલ/પિસ્તોલ) માટે સિનિયર ટીમની પણ જાહેરાત કરી છે. આ સ્પર્ધા ૭ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. આ મુખ્ય એશિયન સ્પર્ધા માટે સિનિયર ટીમમાં ૩૫ સભ્યો છે, જે ત્રણ મિશ્ર ટીમો સહિત ૧૫ ઇવેન્ટમાં ભાગ લેશે. ભાકર મહિલા ૧૦ મીટર એર પિસ્તોલ અને મહિલા ૨૫ મીટર પિસ્તોલ ઇવેન્ટમાં ભાગ લેશે.

સિનિયર ટીમમાં વાપસી કરી રહેલા મુખ્ય ખેલાડીઓમાં પુરુષોની એર રાઇફલના ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન રુદ્રાક્ષ પાટીલ અને ઓલિમ્પિયન અંજુમ મૌદગિલ (મહિલા ૫૦ મીટર રાઇફલ ૩ પોઝિશન), ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમર (પુરુષોની ૫૦ મીટર રાઇફલ ૩ પોઝિશન), સૌરભ ચૌધરી (પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ) અને કેનન ચેનાઈ (પુરુષોની ટ્રેપ)નો સમાવેશ થાય છે. ઈશા સિંહ (૨૫ મીટર પિસ્તોલ), મેહુલી ઘોષ (એર રાઇફલ) અને કિરણ અંકુશ જાધવ (એર રાઇફલ) બંને સિનિયર ટીમમાં છે.

ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા સ્વપ્નિલ કુસાલે અને ભૂતપૂર્વ એશિયન ગેમ્સ ચેમ્પિયન અને ઓલિમ્પિયન રાહી સરનોબતને નિંગબો જતી ટીમમાં સ્થાન મળ્યું છે. એનઆરએઆઇ દ્વારા જાહેર કરાયેલ બે ૩૬ સભ્યોની જુનિયર ટીમમાં ઓલિમ્પિયન રાયઝા ઢિલ્લોન એકમાત્ર ફેરફાર છે. માનસી રઘુવંશીના સ્થાને તેણીને દિલ્હી વર્લ્ડ કપ જુનિયર મહિલા સ્કીટ ટીમમાં સામેલ કરવામાં આવી છે. ■

# ઑસ્ટ્રેલિયાએ વેસ્ટ ઇન્ડિઝ સામેની ફ્રેન્ક વોરેલ ટ્રોફી ફરી જાળવી રાખી

સેન્ટ જ્યોજીર્સઃ ઑસ્ટ્રેલિયાએ અહીં રવિવારે યજમાન વેસ્ટ ઇન્ડિઝને બીજી ટેસ્ટમાં ૧૩૩ રનથી હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવવાની સાથે ફ્રેન્ક વોરેલ ટ્રોફી જાળવી રાખી હતી. કાંગારુઓએ ૩૦ વર્ષથી (૧૯૯૫થી) આ ટ્રોફી જાળવી છે.

વેસ્ટ ઇન્ડિઝની ટીમ ચોથા દિવસે ૨૭૭ રનના લક્ષ્યાંક સામે ૧૪૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. રોસ્ટન ચેઝના સુકાનમાં કેરિબિયન ટીમમાં એકેય હાફ સેન્ચુરી નહોતી અને આ ટીમ સ્ટાર્કની ત્રણ તથા લાયનની ત્રણ અને હેઝલવૂડની બે વિકેટને લીધે ૧૫૦ રન પણ નહોતી કરી શકી. પ્રથમ દાવમાં ઑસ્ટ્રેલિયાએ ૨૮૬ રન અને વેસ્ટ ઇન્ડિઝે ૨૫૩ રન કર્યા હતા. ઑસ્ટ્રેલિયા બીજી ઇનિંગ્સમાં શમાર જોસેફની ચાર વિકેટ છતાં સ્ટીવ સ્મિથના ૭૧ રનની મદદથી ૨૪૩ રન કરીને વેસ્ટ ઇન્ડિઝને ૨૭૭ રનનો પડકારરૂપ ટાર્ગેટ આપવામાં સફળ થયું હતું.

મેન ઑફ ધ મેચ વિકેટકીપર ઍલેક્સ કેરીએ પહેલા દાવમાં ૬૩ અને બીજા દાવમાં ૩૦ રન કરવા ઉપરાંત સ્ટમ્પ્સની પાછળથી કુલ ચાર શિકાર પણ કર્યા હતા.

ઑસ્ટ્રેલિયાએ પ્રથમ ટેસ્ટ ૧૫૯ રનથી જીતી લીધી હતી. ■

# લોર્ડ્સમાં બુમરાહનો સામનો કરવા સારી તૈયારીની જરૂર પડશેઃ મેકલમ



બર્મિંગહામઃ ઇંગ્લેન્ડના મુખ્ય કોચ બ્રેન્ડન મેક્કુલમે જણાવ્યું હતું કે તેમની ટીમ બીજી ટેસ્ટ મેચમાં પાંચેય દિવસ ભારતથી પાછળ હતી અને લોર્ડ્સ ખાતે યોજાનારી ત્રીજી ટેસ્ટ મેચમાં જસપ્રીત બુમરાહના પડકારનો સામનો કરવા માટે તેમને સારી રીતે તૈયાર રહેવાની જરૂર છે. બુમરાહ વર્કલોડ મેનેજમેન્ટ હેઠળ બીજી ટેસ્ટ મેચમાં તેને આરામ આપવામાં આવ્યો હતો જેમાં ભારતે ૩૩૬ રનથી જીત મેળવીને પાંચ મેચની શ્રેણી બરાબર કરી હતી. ત્યારબાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે પુષ્ટી કરી હતી કે ઝડપી બોલર બુમરાહ આગામી મેચમાં વાપસી કરશે. ક્રિકઈન્ફો સાથેની વાતચીતમાં મેક્કુલમે કહ્યું હતું કે, આગામી મેચમાં બુમરાહ પરત ફરશે તેવી દરેક શક્યતા છે, તેથી આપણે સારી રીતે તૈયાર રહેવાની જરૂર છે. મને લાગે છે કે ત્યાંની પીચ અહીં કરતાં અલગ હશે, જે અમારા માટે સારી વાત છે.

તેણે કહ્યું હતું કે, ‘‘બીજી ટેસ્ટમાં અમે પાંચેય દિવસ ભારતથી પાછળ હતા. ભારતે શાનદાર પ્રદર્શન કર્યું. શુભમન ગિલ એક મહાન બેટ્સમેન છે અને તેણે આ પીચ પર શાનદાર પ્રદર્શન કર્યું. અમે જે રીતે રમવા માગતા હતા તે રીતે રમ્યા નહીં અને તેઓ જીતના સંપૂર્ણ હકદાર હતા.

ન્યૂ ઝિલેન્ડના ભૂતપૂર્વ કેપ્ટને સ્વીકાર્યું હતું કે ટોસ જીત્યા પછી ઈંગ્લેન્ડે ભારતને બેટિંગ માટે મોકલવાનો ખોટો નિર્ણય લીધો હતો અને એકંદરે પીચનો પણ ખોટો અંદાજ લગાવ્યો હતો. મને લાગે છે કે જેમ જેમ મેચ આગળ વધતી ગઈ તેમ અમે તે ટોસ પર વિચાર કર્યો અને કહ્યું કે શું અમે કોઈ તક ગુમાવી દીધી હતી. અમને અપેક્ષા નહોતી કે પીચ આટલી સારી રમશે અને તેથી કદાચ અમે થોડો ખોટો નિર્ણય લીધો હશે ■

# પૃથ્વી શોએ છોડ્યો મુંબઈનો સાથઃ ૨૦૨૫-૨૬ સત્ર અગાઉ મહારાષ્ટ્રની ટીમમાં જોડાયો



મુંબઈઃ ભારતીય બેટ્સમેન અને મુંબઈના ભૂતપૂર્વ ખેલાડી પૃથ્વી શો આગામી સ્થાનિક સિઝન માટે સોમવારે મહારાષ્ટ્ર ટીમમાં જોડાયો છે. મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશને આ જાહેરાત કરી હતી. પૃથ્વી શોએ ગયા મહિને મુંબઈ ક્રિકેટ એસોસિયેશન પાસેથી બીજા રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) માંગ્યું હતું, જેને તેની ગવર્નિંગ કમિટીએ મંજૂરી આપી હતી.

ખરાબ ફિટનેસ અને શિસ્તભંગના મુદ્દાઓને કારણે પૃથ્વીને મુંબઈની રેડ બોલ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. તેણે મુંબઈ માટે તેની છેલ્લી મેચ મધ્ય પ્રદેશ સામે સૈયદ મુશ્તાક અલી ટી-૨૦ ટ્રોફીની ફાઇનલમાં રમી હતી. મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશને અહીં જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘આંતરરાષ્ટ્રીય ક્રિકેટર અને ભારતીય ટીમના ટોચના ક્રમના આક્રમક બેટ્સમેન પૃથ્વી શોએ સત્તાવાર રીતે મુંબઈ ક્રિકેટ એસોસિયેશનથી અલગ થઈ ગયો છે અને આગામી સ્થાનિક સિઝનમાં મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરશે.’’

તેમણે કહ્યું હતું કે, ‘‘આ વ્યૂહાત્મક પરિવર્તનને ભારતીય ઘરેલુ ક્રિકેટમાં એક મહત્ત્વપૂર્ણ વિકાસ તરીકે જોવામાં આવી રહ્યું છે, જે મહારાષ્ટ્ર ટીમને વધુ મજબૂત બનાવશે. શોએ ત્રણેય ફોર્મેટ ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને ઇન્ડિયન પ્રીમિયર લીગ અને ઘરેલુ ક્રિકેટમાં પોતાની આક્રમક બેટિંગ અને મેચ જીતવાની ક્ષમતાથી સતત પ્રભાવિત કર્યા છે.’’

પૃથ્વી શોએ કહ્યું હતું કે આ પગલું તેમને એક ક્રિકેટર તરીકે આગળ વધવામાં મદદ કરશે. મને લાગે છે કે મારી કારકિર્દીના આ તબક્કે મહારાષ્ટ્ર ટીમમાં જોડાવાથી મને એક ક્રિકેટર તરીકે વિકાસ કરવામાં મદદ મળશે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં મુંબઈ ક્રિકેટ એસોસિયેશન તરફથી મને મળેલી તક અને સમર્થન માટે હું આભારી રહીશ.

મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ રોહિત પવારે કહ્યું હતું કે, ‘‘તેના ટીમમાં સામેલ થવાથી ઋતુરાજ ગાયકવાડ, અંકિત બાવને, રાહુલ ત્રિપાઠી, મુકેશ ચૌધરી અને રજનીશ ગુરબાની જેવા અનુભવી ખેલાડીઓ સાથે પહેલેથી જ પ્રતિભાશાળી ટીમ વધુ મજબૂત બનશે. પૃથ્વીનો આંતરરાષ્ટ્રીય અને આઇપીએલ અનુભવ ખાસ કરીને ટીમના યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપવા માટે અમૂલ્ય રહેશે.’’ ■

# ટ્રમ્પની ટેરિફ ડેડલાઇન માથે આવતા દિશાવિહિન બની બજાર અથડાઇ ગયું, રોકાણકારોની નજર ટ્રેડ ડીલ પર!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાની નવમી જુલાઇની ટેરિફ ડેડલાઇન નજીક આવવા સાથે એશિયાઇ બજારોમાંથી પણ નબળા સંકેત મળવાથી રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખરડાઇ જતાં બજાર સોમવારે સપ્તાહના પહેલા દિવસે અથડાઇ ગયું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીને કારણે પણ બજારનું માનસ ડહોળાયું હતું. રોકાણકારોની નજર હવે અમેરિકાની ટ્રેડ ડીલ પર મંડાયેલી છે.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૮૩,૫૧૬.૮૨ પોઇન્ટ અને ૮૩,૨૬૨.૨૩ પોઇન્ટની વચ્ચે અથડાઇને અંતે માત્ર ૯.૬૧ પોઇન્ટ અથવા તો ૦.૦૧ ટકાના સુધારા સાથે ૮૩,૪૪૨.૫૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી માંડ ૦.૩૦ પોઇન્ટ અથવા તો ૦.૦૦૧૨ ટકાના નજીવા સુધારા સાથે ૨૫,૪૬૧.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં હિંદુસ્તાન યુનિલીવર, કોટક મહિન્દ્રા બેન્ક, ટ્રેન્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એશિયન પેઇન્ટ, અને આઇટીસીનો સમાવેશ સૌથી વધુ વધનારા શેરોમાં થયો હતો. જ્યારે ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ, ટેક મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, મારુતિ સુઝુકી અને એટર્નલનો સૌથી વધુ ઘટનારા શેરોમાં સમાવેશ હતો. ઓપેકે ક્રૂડ ઓઇલના ઉત્પાદનમાં વધારો કર્યો હોવાથી ઓએનજીસી, ઇન્ડિયન ઓઇલ સહિતની કંપનીઓના શેરમાં પાચેક ટકા જેવો ઘટાડો જોવા મળ્યો હતો.

સ્માર્ટવર્કસ કોવર્કિંગ સ્પેસીસ લિમિટેડ રૂ. ૫૮૩ કરોડના આઇપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. આ મેઇનબોર્ડ ઇશ્યુ માટે પ્રાઇસ બેન્ડ રૂ. ૩૮૭-૪૦૭ પ્રતિ શેર છે. એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડિગ નવમી જુલાઇએ ખૂલશે, ભરણું ૧૪મી તારીખે બંધ થશે. ભંડોળમાંના રૂ. ૨૨૬ કરોડનો ઉપયોગ નવા સેન્ટરના ફિટ આઉટ્સ તથા નવા સેન્ટરની સિક્યોરિટી ડિપોઝિટ માટે થશે. રૂ. ૧૧૪ કરોડ કરજ ચૂકવણી માટે અને બાકીના કોર્પોરેટ હેતુસર થશે. શેર બીએસઇ અને એનએસઇ પર લિસ્ટેડ થશે.

ટ્રમ્પે ભારત સહિત એકાદ ડઝન દેશ પર લાદેલી ઊંચી ટેરિફનો અમલ નવમી જુલાઇ સુધી મોકૂફ રાખવામાં આવ્યો હતો અને તે ડેડ લાઇન નજીક આવી રહી હોવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહ્યો છે અને લોકો મોટા લેણથી દૂર રહેવાનું પસંદ કરી રહ્યા છે. આ ઉપરાંત રશિયા અને યક્રેનનું યુદ્ધ હજુ ચાલુ હોવાથી જીઓ-પોલિટિકલ ટેન્શન હજુ ઝળુંબી રહ્યું છે.

પ્રાઇમરી માર્કેટમાં આ સપ્તાહે આવનારા જાહેર ભરણાંઓમાં એન્થેમ બાયોસાયન્સ, સ્માર્ટવર્કસ કોવર્કિંગ, સ્પુનવેબ નોનવોવન, એસ્ટન ફાર્માસ્યુટિકલ્સ, ગ્લેન ઇન્ડસ્ટ્રીઝ આઇપીઓ, સીએફએફ ફલુઇડ કંટ્રોલ અને એનએસડીએલના આઇપીઓનો સમાવેશ છે.

સેકટરલ ધોરણે એફએમસીજી ઇન્ડેક્સ ૧.૬ ટકા, ઓઇલ અને ગેસ ઇન્ડેક્સ ૦.૪ ટકા વધ્યો હતો, જ્યારે મીડિયા ઇન્ડેક્સ એક ટકા, આઇટી અને મેટલ ઇન્ડેક્સ ૦.૭ ટકા ગબડ્યા હતા. નિફ્ટીમાં ટેક મહિન્દ્રા, ભારત ઇલેક્ટ્રોનિક્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઓએનજીસી, એટરનલ ટોપ લુઝર સ્ટોક્સની યાદીમાં રહ્યા હતા, જ્યારે એચયુએલ, ટાટા કન્ઝયુમર, નેસ્લે ઇન્ડિયા, જિયો ફાઇનાન્શિયલ અને આઇશર મોટર્સ ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં હતા.

સ્ટોક સ્પેસિફિક એક્શનમાં, પહેલા ક્વાર્ટરના પરિણામ બાદ નાયકાના શેરમાં સુધારો જોવા મળ્યો, પૂર્વાંકારા અને હઝૂર મલ્ટી પ્રોજેક્ટ્સના શેરમાં કરંટ જોવા મળ્યો હતો ગોદાવરી બાયોરિફાઇનરીના શેર સ્પેનમાં કેન્સર વિરોધી પરમાણુ માટે યુરોપિયન પેટન્ટ માન્ય હોવા છતાં ગબડ્યા હતા. કોર્પોરેટ પરિણામની પણ બજારમાં માનસ પર સારી અસર જોવા મળે છે

ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇક્વિપમેન્ટ ક્ષેત્રની અગ્રણી કંપની પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડને રાજસ્થાનના ઉદયપુર એર ટર્મિનલ પ્રોજેક્ટ માટે ન્યાતિ એન્જિનિયરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ તરફથી તેનો પાંચમો મહત્વપૂર્ણ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે, જેની કિંમત રૂ. ૨.૫૯ કરોડ છે. નવા ઓર્ડરમાં ઉદયપુર એર ટર્મિનલ પર ઇએલવી રેસવે અને કેબલ ટ્રે વર્કની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગનો સમાવેશ થાય છે.

ટીસીએસના પ્રથમ ત્રિમાસિક નાણાકીય પરિણામ સાથે કોર્પોરેટ કમાણીની મોસમ શરૂ થશે. આઇટી સેકટરની ટોચની અગ્રણી ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) આ અઠવાડિયે તેમના નાણાકીય વર્ષ ૨૦૨૬વના પ્રથમ ત્રિમાસિક નાણાકીય પરિણામો જાહેર કરશે. વિશ્લેષકો માને છે કે પરિણામો વ્યાપક કમાણીની મોસમ માટે સૂર નક્કી કરશે અને તેની બજાર પર સીધી, તાત્કાલિક અસર જોવા મળશે. હાલના મૂલ્યાંકનને યોગ્ય ઠેરવવા માટે




બજારો કમાણીમાં રિકવરીના સંકેતો શોધશે અને તે પ્રમાણે પ્રત્યાઘાત જોવા મળશે.

એ જ સાથે રોકાણકારો નવમી જુલાઈના રોજ એમેરિકાની ફેડરલ ઓપન માર્કેટ કમિટીની મિનિટ્સ રિલીઝ થવાની પ્રતીક્ષામાં છે.બ્રેન્ટ ક્રૂડ ઓઇલમાં હિલચાલ અને રૂપિયા-ડોલર વિનિમય દર જેવી વૈશ્વિક ઘટનાઓ પર પણ નજર રખાશે, જે એફઆઇઆઇ પ્રવૃત્તિ અને વ્યાપક બજાર વલણોને અસર કરી શકે છે. યુએસ-ભારત વેપાર વાટાઘાટોના વૈશ્વિક ધોરણે પણ અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તેની ગ્લોબલ ઇક્વિટી માર્કેટ પર જોરદાર અસર થવાની છે. આ સમયમર્યાદા વૈશ્વિક સ્તરે વેપાર ગતિશીલતા અને રોકાણકારોના સેન્ટિમેન્ટને ફરીથી આકાર આપી શકે છે.

બજારના સાધનોના મતે આ સપ્તાહે કોન્સોલિડેશન મોડ ચાલુ રહેવાની શક્યતા છે. ગયા અઠવાડિયે બેન્ચમાર્કમાં ઘટાડો થયો હોવા છતાં સેન્સેક્સ માત્ર ૬૨૬.૦૧ પોઈન્ટ (૦.૭૪ ટકા) ઘટ્યો અને નિફ્ટી માત્ર ૧૭૬.૮ પોઈન્ટ (૦.૬૮ ટકા) ઘટ્યો હતો. નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે આ અઠવાડિયે બજાર કોન્સોલિડેશનના તબક્કામાં રહેશે. રોકાણકારો સંપૂર્ણ કમાણીની સીઝન પહેલા બિઝનેસ અપડેટ્સની રાહ જોઈ રહ્યા હોવાથી શેરલક્ષી કામકાજ છવાયેલું રહેશે.

પ્રાઇમરી માર્કેટમાં હાલના સક્રિય આઇપીઓમાં ટ્રાવેલ ફૂડ સર્વિસિસ, વ્હાઇટ ફોર્સ, મેટા ઇન્ફોટેક, સ્માર્ટન પાવર સિસ્ટમ્સ, કેમકાર્ટ ઇન્ડિયા અને ક્રાયોજેનિક ઓજીએસના આઇપીઓનો સમાવેશ છે. આજે બંધ થનારા આઇપીઓમાં વ્હાઇટ ફોર્સ અને ક્રાયોજેનિક ઓઇએસના જાહેર ભરણાનો સમાવેશ છે.

સોમવારે સપ્તાહના પહેલા દિવસે ખૂલેલા જાહેર ભરણામાં ટ્રાવેલ ફૂડ સર્વિસીસ લિમિટેડ, સ્માર્ટન પાવર સિસ્ટમ્સ લિમિટેડ અને કેમકાર્ટનો સમાવેશ છે. જ્યારે આઠમી જુલાઇએ ગ્લેન ઇન્ડસ્ટ્રીઝ તેમ જ નવમી જુલાઇએ એસ્ટોન ફાર્માસ્યુટિક્લ્સ લિમિટેડ અને સીએફએફ ફલુઇડ કંટ્રોલ મૂડીબજારમાં પ્રવેશ કરશે. એ જ રીતે, ૧૪ જુલાઇએ સ્પનવેબ નોનવોવન લિમિટેડ આઇપીઓ લાવશે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડનો આઇપીઓ પણ આવી રહ્યો છે.

સોમવારે સપ્તાહના પહેલા દિવસે ખૂલેલા જાહેર ભરણામાં ટ્રાવેલ ફૂડ સર્વિસીસ લિમિટેડ, સ્માર્ટન પાવર સિસ્ટમ્સ લિમિટેડ અને કેમકાર્ટનો સમાવેશ છે. જ્યારે આઠમી જુલાઇએ ગ્લેન ઇન્ડસ્ટ્રીઝ તેમ જ નવમી જુલાઇએ એસ્ટોન ફાર્માસ્યુટિક્લ્સ લિમિટેડ અને સીએફએફ ફલુઇડ કંટ્રોલ મૂડીબજારમાં પ્રવેશ કરશે. એ જ રીતે, ૧૪ જુલાઇએ સ્પનવેબ નોનવોવન લિમિટેડ આઇપીઓ લાવશે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડનો આઇપીઓ પણ આવી રહ્યો છે.

દરમિયાન, અમેરિકાની જેન સ્ટ્રીટ સામે સેબીની કાર્યવાહીને પગલે ડેરિવેટીવ્ઝ માર્કેટના વોલ્યુમમાં ધરખમ ઘટાડાની શકયતા જોતાં બજારના અભ્યાસુઓએ ટ્રેડરોને સાવચેત રહેવાની ચેતવણી આપી છે. તેમના મતે સેબીના પગલાં લાંબાગાળે રોકાણકારોના વિશ્વાસ અને બજાર નિરિક્ષણ બાબતે સકારાત્મક ચિત્ર ઊભું કરે છે, પરંતુ ટૂંકાગાળામાં મોટા ખેલાડીઓની એક્ઝિટનો આંચકો અનુભવવો પડશે.

અમેરિકાની ગ્લોબલ ટ્રેડિંગ જાયન્ટ જેન સ્ટ્રીટ પર મેનીપ્યુલેશન થકી જંગી ગેરકાયદે લાભ ખાટવા બદલ મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા પ્રતિબંધાત્મક પગલાં ભરવામાં આવતા ભારતના શેરબજારોમાં ડેરિવેટીવ્ઝ માર્કેટમાં ટ્રેડિંગ વોલ્યુમમાં મોટો ઘટાડો થવાની શકયતા બતાવાઈ રહી છે.

બજારના નિરિક્ષકો માને છે કે, સેબીના એક્શન બાદ જેન સ્ટ્રીટ દ્વારા તેની મુંબઈમાં કામગીરી બંધ કરી દેવાયા સાથે અડધા અબજ ડોલર એટલે રૂ. ૪૮૪૪ કરોડ જેટલી સંપતિ જપ્ત કરી લેવામાં આવ્યાના અહેવાલ વચ્ચે દેશમાં ઘણા ફોરેન બ્રોકિંગ હાઉસો અને ટ્રેડિંગ કંપનીઓના બિઝનેસ અટકવાની અને એના કારણે ડેરિવેટીવ્ઝમાં ટ્રેડિંગ ટર્નઓવરમાં મોટો ઘટાડો થઈ શકે છે.

શેરબજારમાં નિરસ અને સુસ્ત વાતાવરણ વચ્ચે સેક્ટરલ ઈન્ડેક્સમાં એફએમસીજી અને યુટિલિટીઝ સૌથી અધિક વધ્યા હતા અને ટેલિકોમ્યુનિકેશન અને ફોકસ્ડ આઈટી સર્વાધિક ઘટ્યા, માર્કેટ કેપમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો હતો.

સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૩,૪૩૨.૮૯ના બંધથી ૯.૬૧ પોઈન્ટ્સ (૦.૦૧ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૩,૩૯૮.૦૮ ખૂલીને ઊંચામાં ૮૩,૫૧૬.૮૨ અને નીચામાં ૮૩,૨૬૨.૨૩ સુધી જઈને અંતે ૮૩,૪૪૨.૫૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૧.૨૩ લાખ કરોડથી રૂ.૦.૨૨ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૧.૦૧ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ એફએમસીજી ૧.૫ ટકા, યુટિલિટીઝ ૦.૭૧ ટકા, પાવર અને ઓઈલ એન્ડ ગેસ ૦.૩૧ ટકા, એનર્જી ૦.૨૮ ટકા, સર્વિસીસ ૦.૧૬ ટકા અને રિયલ્ટી ૦.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ટેલિકોમ્યુનિકેશન ૧.૨૪ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૭૪ ટકા, કોમોડિટીઝ ૦.૬૬ ટકા, આઈટી ૦.૬૫ ટકા મેટલ ૦.૬ ટકા,. ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૪૬ ટકા, કેપિટલ ગુડ્સ અને ટેક ૦.૪૪ ટકા અને કંઝ્યુમર ડિસ્કેશનરી ૦.૨૪ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સની ૧૨ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૮ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૬૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૭૦૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૩૬૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૯૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૫૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૬ સ્ટોક્સને ઉપલી જ્યારે ૯ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૩ ટકા ઘટ્યો હતો.

સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૮ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૦૯ ટકા વધ્યો હતો .

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે હિંદુસ્તાન યુનિલિવર ૩.૦૧ ટકા, કોટક બેન્ક ૧.૦૭ ટકા, ટ્રેન્ટ ૦.૯૪ ટકા, રિલાયન્સ ૦.૯૦ ટકા, આઈટીસી ૦.૮૭ ટકા, એશિયન પેઈન્ટ ૦.૭૭ ટકા, ભારતી એરટેલ ૦.૭૫ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૭૧ ટકા વધ્યા હતા, જ્યારે ભારત ઈલેક્ટ્રોનિક્સ ૨.૪૬ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૨૮ ટકા, મારુતિ ૧.૦૭ ટકા, ઈટર્નલ ૧ ટકા, ઈન્ફોસિસ ૦.૯૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૮૬ ટકા, સ્ટેટ બેન્ક ૦.૬૦ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૫૩ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૪૬.૦૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૭૪૦ સોદામાં ૮૭૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૯,૪૬,૪૯૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૭૭,૯૧,૪૦૯.૭૬ કરોડનું રહ્યું હતું.

# ડૉલર અને ક્રૂડતેલ મજબૂત થતાં રૂપિયામાં ૫૪ પૈસાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઉછાળો આવ્યો હોવાના નિર્દેશો ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના અહેવાલ અને આજે બજાર સાંકડી વધઘટે અથડાઈ ગયા હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૫૪ પૈસાના કડાકા સાથે ૮૫.૯૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૪૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૫૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૫.૫૧ અને નીચામાં ૮૬.૦૩ સુધી ગબડ્યા બાદ અંતે આગલા બંધ સામે ૫૪ પૈસાના ગાબડાં સાથે ૮૫.૯૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે સાઉદી અરેબિયાએ ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ઉત્પાદનમાં વધારો થવાના અંદાજ છતાં એશિયન ડિલિવરીઓ માટે તેલના ભાવમાં વધારો કર્યો હોવાથી તેલ કંપનીઓની અને આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સનાં એક્ઝિક્યુટીવ ડિરેકટર અને ટ્રેઝરી હેડ અનિલકુમાર ભણસાલીએ જણાવતાં ઉમેર્યું હતું કે ટ્રમ્પની ટૅરિફની નવમી જુલાઈની મુદત નજીક આવી રહી છે અને હજુ ભારત સાથે ડીલ થવાના કોઈ અણસાર નથી અને અમેરિકા ભારતથી થતી નિકાસ સામે ટૅરિફ લાદે તેવી ભીતિ સપાટી પર હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો.

વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બ્રિક્સ રાષ્ટ્રોની નીતિ અમેરિકા વિરુદ્ધની હોવાનું જણાવી બ્રિક્સ રાષ્ટ્રોથી થતી આયાત સામે વધારાની ૧૦ ટકા ડ્યૂટી લાદવાની ધમકી આપી હોવાથી રૂપિયો વધુ તૂટ્યો હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૪ ટકા વધીને ૯૭.૪૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૨૬ ટકા વધીને બેરલદીઠ ૬૮.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ સાધારણ ૯.૬૧ પૉઈન્ટ વધીને અને નિફ્ટી આગલા બંધની જ સપાટીએ બંધ રહ્યો હતો. તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૬૦.૧૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ હતા.

# અમેરિકાની ટ્રેડ ડીલની પ્રગતિના અહેવાલે વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૪૨૫ની અને ચાંદીમાં ₹ ૧૦૪૯ની પીછેહઠ

## બ્રિક્સ દેશો પર ૧૦ ટકા અતિરિક્ત ટૅરિફ લાદવા ટ્રમ્પની ધમકી

મુંબઈઃ વિશ્વના ઘણાંખરા વેપારી ભાગીદાર દેશો સાથે ટ્રેડ ડીલમાં પ્રગતિ થઈ રહી હોવાનું અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવવાની સાથે પહેલી ઑગસ્ટથી ટૅરિફનો અમલ શરૂ થવાની જાહેરાત કરી હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ નબળી પડતાં હાજર અને વાયદાના ભાવ ૦.૯ ટકા અને ચાંદીના ભાવ ૧.૯ ટકા જેટલા ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. વધુમાં ટ્રમ્પે બ્રિક્સ રાષ્ટ્રોની નીતિ અમેરિકાની વિરુદ્ધની હોવાથી તેમણે બ્રિક્સ રાષ્ટ્રો પર વધુ ૧૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી પણ આપી હતી. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૪થી ૪૨૫નો ઘટાડો આવ્યો હતો અને શુદ્ધ સોનાના ભાવે રૂ. ૯૭,૦૦૦ની સપાટી ગુમાવી હતી. તેમ જ ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૧૦૪૯નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજાર પાછળ સોનાના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦



ગ્રામદીઠ રૂ. ૪૨૫ ઘટીને રૂ. ૯૬,૨૦૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૨૫ ઘટીને રૂ. ૯૬,૫૯૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૯ પૈસા ગબડ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થતાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતા ભાવ કિલોદીઠ રૂ. ૧૦૪૯ના ઘટાડા સાથે રૂ. ૧,૦૬,૫૩૧ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે વૈશ્વિક સ્તરે સોનામાં સલામતી માટેની માગ નબળી પડતાં હાજર અને વાયદામાં ઔંસદીઠ ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકાના ઘટાડા સાથે અનુક્રમે ૩૩૦૩.૯૩ ડૉલર અને ૩૩૧૩.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૯ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૬.૨૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આગામી થોડા દિવસોમાં ઘણાં વેપાર કરારને અંતિમ ઓપ આપવામાં આવશે અન્ય દેશો પરનાં ટૅરિફની જાહેરાત આગામી નવમી જુલાઈના રોજ કરવામાં આવશે. તેમ જ ઊંચા ટૅરિફનો અમલ આગામી પહેલી ઑગસ્ટથી થશે, એવી જાહેરાત અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કરી હતી. નોંધનીય બાબત એ છે કે અગાઉ એપ્રિલ મહિનામાં અમેરિકા ખાતે આયાત કરતાં ઘણાં દેશો પર ૧૦ ટકા બેઝિક ટૅરિફની અને ૫૦ ટકા અતિરિક્ત ટૅરિફની જાહેરાત કરી હતી, પરંતુ ત્યાર બાદ ૧૦ ટકા ટૅરિફ જાળવી રાખીને અતિરિક્ત ટૅરિફનો અમલ નવમી જુલાઈ સુધી મુલતવી રાખ્યો હતો. જોકે, હવે વધુ ત્રણ સપ્તાહની મુદત વધારવામાં આવી છે. આમ એકંદરે ટૂંકા સમયગાળાની મુદત વધારવામાં આવતા આજે સોનામાં નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાનું ઓએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા માટે સોનામાં ઔંસદીઠ ૩૩૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે અને જો ભાવ આ સપાટી કુદાવશે તો ત્યાર બાદ ૩૩૬૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી રહેશે. એકંદરે ટૅરિફલક્ષી ફુગાવો વધવાની ભીતિ સપાટી પર હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ધીમી ગતિએ કાપ મૂકશે અને વર્ષ દરમિયાન માત્ર બે જ વખત વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી ધારણા બજાર વર્તુળો મુકી રહ્યા છે.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧થી ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૩૯થી ૩૭૮૦માં થયાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીના અભાવ રહ્યો હતો, પરંતુ એકંદરે રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવકો સામે સ્ટોકિસ્ટોની લેવાલી પાંખી રહી હતી. તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

આમ એકંદરે મર્યાદિત માગ વચ્ચે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૧૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નરસ વેપાર વચ્ચે સોયા રિફાઈન્ડમાં ₹ ૧૦નો ઘટાડો, મથકો પાછળ સરસવમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ આઠ રિંગિટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલમાં સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ સરસવના ભાવ રૂ. ૧૦ વધી આવ્યા હતા અને અન્ય દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૫૫ અને રૂ. ૧૧૭૫.



એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૫૫ અને રૂ. ૧૩૧૦, બુંગેના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૫૧, રૂ. ૧૧૭૫ અને રૂ. ૧૩૦૦ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના પાતાળગંગાથી ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૧૮૦, રૂ. ૧૧૯૫ અને રૂ. ૧૩૭૦ ક્વૉટ થઈ રહ્ય હદતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની પાંચ હજાર ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રાજકોટની મંડીમાં મગફળીની ૧૨૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૬૦માં થયાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



રાજકોટમાં મેઘરાજા મહેરબાન થયા છે, શહેરમાં પણ છેલ્લા કેટલાક દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. સોમવારે વરસાદનું આગમન થતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.. (પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં ૨૪ કલાકમાં ત્રણ જણાનો ભોગ લેવાયો: નાગોરમાં પાણીમાં ડૂબી જવાથી બે સગી બહેનોના મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર રાજ્ય સહિત કચ્છમાં છવાયેલા અષાઢી માહોલ વચ્ચે થઇ રહેલા વરસાદ અને હવામાન ખાતાની ભારે વરસાદની આગાહી વચ્ચે ડેમમાં આવેલાં નવાં પાણીએ તેમજ ખાડામાં ભરાયેલાં વરસાદી નીરે બે સગી બહેનો અને એક યુવક મળી, કુલ ત્રણ જણાના ડૂબી જવાથી અરેરાટીભર્યા મોત નીપજ્યાં હતા.

આમ, છેલ્લા ૨૪ કલાકના વરસાદમાં નવાં વરસાદી પાણીએ ત્રણ વ્યક્તિઓનો ભોગ લીધો હતો.

ભુજની નજીક આવેલા નાગોર ગામમાં વરસાદી પાણી ભરેલા ઊંડા ખાડામાં ડૂબી જતાં બે સગી બહેનોનાં મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. સોમવારે બપોરે સાડા બારથી એક વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નાગોર ફાટક નજીકના પનવેલ પાર્કની પાછળ વાડી વિસ્તારમાં આ કરુણાંતિકા બનવા પામી હતી જેમાં ૧૮ વર્ષીય હમીદાબાઈ. અબ્દુલ્લા સમા અને ૧૬ વર્ષીય નાની બહેન અફસાના સમા પંપ પર પાણી ભરવા ગઈ હતી. તે સમયે ખાડામાં બંને તેમાં નાહવા પડી હતી, પરંતુ ધારણા કરતાં ખાડો વધારે ઊંડો હોઈ આ બંને બહેનો તેમાં ગરક થઇ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં મૃત્યુ પામેલી બહેનોના પિતા અબ્દુલ્લા સાલે સમાઈ બે કલાકની જહેમત બાદ મૃતદેહોને બહાર કાઢીને ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં ફરજ પર હાજર તબીબે બંને બહેનોને મૃત ઘોષિત કરી હતી. આ ઉપરાંત ભુજના રુદ્રાણી ડેમમાં પણ એક અજ્ઞાત યુવકનું ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હોવાના પ્રાથમિક અહેવાલો સામે આવ્યા છે ત્યારે આ અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. ■



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

# રાજકોટમાં વરસાદની સાથે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યનાં ઘણાં શહેરોમાં વરસાદની સાથે રોગચાળો વકર્યો છે. રાજકોટમાં વરસાદ વચ્ચે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીએ માહિતી આપતા કહ્યું કે ગત સપ્તાહમાં શહેરમાં શરદી-ઉધરસના ૬૯૯, તાવના ૯૩૮ કેસ નોંધાયા હતા. જ્યારે ઝાડા ઉલ્ટીના ૨૯૧, ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો હતો. ટાઈફોડના બે અને કમળાના ચાર કેસ નોંધાયા હતા.

આ ઉપરાંત શરદી-ઉધરસ, તાવ, ઝાડા-ઊલટીના કેસમાં વધારો થયો હતો. શહેરમાં શરદી-ઉધરસના ૬૯૯, તાવના ૯૩૮ કેસ નોંધાયા હતા. જ્યારે ઝાડા ઊલટીના ૨૯૧, ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો હતો. ટાઈફોડના બે અને કમળાના ચાર કેસ નોંધાયા હતા. શહેરમાં ગત સપ્તાહની સરખામણીએ રોગચાળામાં વધારો થયો હતો.

શહેરમાં રોગચાળો વકરતાં રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વરસાદને લઈને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી અને લોકોને પીવાનું પાણી ઉકાળીને પીવા માટે સલાહ આપવામાં આવી હતી. ઉપરાંત આસપાસમાં સ્વચ્છતા રાખવા માટે કહેવામાં આવ્યું હતું. ■



(પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કંડલામાં હોંગકોંગના માલવાહક જહાજમાં જોરદાર બ્લાસ્ટ: ૨૧ ક્રૂ સભ્યોનો આબાદ બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ કાંઠાના મહાબંદર કંડલા ખાતે મિથેનોલ કેમિકલ ખાલી કરીને પરત જઈ રહેલાં માલવાહક જહાજમાં તુણા ઓટીબી પાસે અચાનક બ્લાસ્ટ થયા બાદ આગ લાગી હતી અને આ વિશાળ જહાજ એક તરફ નમી જતાં પોર્ટ પ્રશાશનમાં ભારે દોડધામ થઇ પડી હતી. સદ્‌ભાગ્યે આ બનાવમાં જાનહાનિ ટળી જતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો. કંડલા બંદરની વ્યસ્ત જેટી નં.૨ ઉપર રવિવારે હોંગકોંગનું એમ.ટી. ફુલદા નામનું માલવાહક જહાજ લંગારાયું હતું. મિથેનોલ ખાલી કરીને આ જહાજ ઓમાનના સોહાર પોર્ટ તરફ રવાના થયું હતું, આ દરમ્યાન ઢળતી બપોરના અરસામાં તુણા ઓ.ટી.બી. પાસે જ્યારે તે પહોંચ્યું ત્યારે આ જહાજની આગળના ભાગમાં એટલે કે સંભવિત બોઇલર રૂમમાં જોરદાર વિસ્ફોટ થયા બાદ તે એક બાજુ નમી ગયું હતું. એસોએસ મળતાં એક્શન મોડમાં આવી ગયેલી મેરીટાઈમ રિસપોન્સ કો-ઓર્ડિનેશન સેન્ટર તથા કોસ્ટગાર્ડ સહિતની ટુકડીઓએ હાથ ધરેલા દિલધડક રેસ્ક્યૂ ઓપરેશનમાં સળગતા જહાજમાં ફસાઈ ગયેલા ૨૧ જેટલા ક્રૂ સભ્યોને સલામત રીતે ઉગારી લીધા હતા. ■



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

# ટૂરિઝમ સર્કિટના ભાગરૂપે કચ્છના છેવાડાના લખપત તાલુકાને પ્રવાસન હબ બનાવવાની ગતિવિધિ તેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: લખપત અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ અને અપૂરતી માળખાકીય સગવડના કારણે પ્રવાસીઓ જોઈએ એટલા આવતા નથી. આ સમસ્યાના નિવારણ માટે અહીં આવેલા ઐતિહાસિક ધાર્મિક સ્થાનકો, લખપતના ઐતિહાસિક કિલ્લાના રિસ્ટોરેશન દ્વારા આ સમગ્ર તાલુકાને ટૂરિઝમ હબ બનાવવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છના કલેક્ટર આનંદ પટેલે તાજેતરમાં સરહદી લખપત તાલુકાની બે દિવસની મુલાકાત લીધી હતી. તેઓએ માતાના મઢ યાત્રાધામના રૂપરાઈ તળાવ, ચાચરાકુંડ સહિતના ૩૨.૭૧ કરોડના તાજેતરમાં સંપન્ન થયેલા વિકાસ કામોનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત પ્રસિદ્ધ તીર્થધામ નારાયણ સરોવર, કોટેશ્વર મંદિરની પણ મુલાકાત લીધી હતી. યાત્રાધામ ખાતે કલેક્ટરે પ્રવાસન અને યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારી સાથે વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજીને જરૂરી સૂચના આપી હતી. તેમણે રાત્રિ રોકાણ પણ કર્યું હતું. પ્રવાસન-યાત્રાધામ વિભાગના અધિકારીઓ સાથે આનંદ પટેલ ગુનેરી ગુફા, સિયોતની પ્રાચીન બૌદ્ધ ગુફા, લખપતના કિલ્લાનું નિરીક્ષણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા જિલ્લામાં નવ સ્થળોએ ૭૬.૭૫ કરોડના વિકાસ કામો પૂર્ણતા ભણી છે અને અમુક કામોનું ઓપનીંગ પણ થઈ ગયું છે તે પૈકી લખપતમાં ૫ કરોડના ૧૨ કામો પૂર્ણ છે. જેવા કે કિલ્લાના ઐતિહાસિક મુખ્ય દ્વારનું કામ, ડેવલોપમેન્ટ ઓફ એપ્રોચ રોડ, ઐતિહાસિક મોન્યુમેન્ટ્સના વિકાસનું કામ, હેરિટેજ વોક-વે, ટૂરિસ્ટ ઈન્ફોર્મેશન સેન્ટર, રિપેરિંગ ઓફ ફોર્ટ પોલ ઓફ લખપત તથા ડેવલોપમેન્ટ ઓફ ટૂરિસ્ટ, સર્કિટ રોડ ભુજ ગેટથી ગુરુદ્વારા અને એપ્રોચ ફોર્ટ પ્લાઝા પબ્લિક ગ્રીનઝોન બસ સ્ટેશન, ગ્રામ હાટ સહિતના કામો આવરી લેવાયા છે. ■

# રાજકોટમાં ૪થી ૫ ટકાના વળતરના નામે કરોડોનું ફૂલેકું ફેરવી સંચાલક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં ૪ થી ૫ ટકાના માસિક વળતરની લાલચ આપીને કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવીને સંચાલકો ફરાર થયા હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. આ મોટાભાગે પોન્ઝી સ્કીમના કૌભાંડો હોય છે, જેમાં નવા રોકાણકારોના પૈસા જૂના રોકાણકારોને વળતર તરીકે આપીને લોકોને વિશ્વાસમાં લેવામાં આવે છે, અને પછી મોટા પાયે છેતરપિંડી આચરીને સંચાલકો રફુચક્કર થઈ જાય છે. આવો જ વધુ એક કિસ્સો સામે આવ્યો હતો.

મળતી વિગત પ્રમાણે, રાજકોટ રિસેટ વેલ કંપનીએ કરોડોનું ફૂલેકું ફેરવ્યું હોવાનું સામે આવવા પામ્યું હતું. મહિને ૪ થી ૫ ટકાના વળતરના નામે કરોડોનું રોકાણ કરી લોકો સાથે છેંતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું હતું.. રાજ્યમાં ૫ થી ૭ હજાર લોકોએ રોકાણ કર્યાની આશંકા છે. વર્ષ ૨૦૧૭ થી ઓનલાઈન એપ્લિકેશનથી રોકાણ થતું હતું. રાજકોટ સહિત દેશ રાજ્યભરના રોકાણકારો ભોગ બન્યા હતા. રાજકોટમાં ભોગ બનનાર મેટોડા પોલીસ મથકે પહોંચ્યા હતા. સંજય માંગરોલિયા નામનો મુખ્ય વ્યક્તિ અને ભરત મચ્છોયા નામનો એજન્ટ હાલ ફરાર છે. ભોગ બનનાર લોકો મેટોડા પોલીસ મથકે ફરિયાદ કરવા માટે પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, શરૂઆતમાં, કૌભાંડીઓ નાના રોકાણકારોને વિશ્વાસ જીતી શકાય તે માટે નિયમિતપણે વળતર ચૂકવે છે. આથી લોકો વધુ પૈસા રોકે છે અને પોતાના મિત્રો કે સંબંધીઓને પણ રોકાણ કરવા પ્રોત્સાહિત કરે છે. જ્યારે નવા રોકાણકારો આવવાના બંધ થઈ જાય છે અથવા પૂરતા પૈસા એકઠા થઈ જાય છે, ત્યારે સંચાલકો અચાનક ગાયબ થઈ જાય છે અને રોકાણકારોના પૈસા ડૂબી જાય છે. ■



# રાપરના નામચીન બુટલેગરની પાસા તળે અટક, અમદાવાદની સાબરમતી જેલમાં ધકેલાયો

ભુજ : સરહદી જિલ્લા કચ્છના વાગડ પંથકના લિસ્ટેડ બૂટલેગરની પોલીસે પાસા તળે ધરપકડ કરીને તેને અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલના હવાલે કર્યો હતો.

જિલ્લા કલેક્ટર દ્વારા પૂર્વ કચ્છના નવ લિસ્ટેડ અપરાધીઓ વિરુદ્ધ પાસાના હુકમ જારી કરવામાં આવ્યા બાદ પૂર્વ કચ્છની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ રાપરના તકિયાવાસના મહેન્દ્રસિંહ ઉર્ફે નિકુલસિંહ બહાદૂરસિંહ વાઘેલાની પાસાની દરખાસ્ત જિલ્લા કલેક્ટરે મંજૂર કરતાં પોલીસે મહેન્દ્રસિંહની અટક કરી હતી. આ શખ્સ વિરુદ્ધ રાપર પોલીસ મથકે શરાબ સંબંધી ચાર જેટલા ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# જામનગર પાલિકામાં વિપક્ષે મેયરની ઓફિસે ભ્રષ્ટાચારનો હાર લગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારના મુદ્દે વિરોધ પક્ષ કોંગ્રેસે નવતર રીતે વિરોધ પ્રદર્શન કરીને ભારે હંગામો મચાવ્યો હતો. ગેરહાજર મેયરની કચેરીના દરવાજે આવેદનપત્ર અને ગંદકીના ફોટા ચોંટાડી તેના પર નકલી ચલણી નોટોનું તોરણ લગાવી વિરોધ કર્યો હતો. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને રૂબરૂ નકલી નોટો આપીને જો પ્રજાના કામ પૈસાથી થતા હોય, તો અમે પણ ભ્રષ્ટાચારના રૂપિયા આપવા તૈયાર છીએ તેવી ટકોર કરી હતી.

જામનગર શહેરમાં રસ્તાના કામો અને અન્ય વિકાસ કાર્યોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો ઘણા સમયથી થઈ રહ્યા હતા. આ મુદ્દાઓને લઈને કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાની હેઠળ કોંગ્રેસના કોર્પોરેટરો અને કાર્યકરોએ મહાનગરપાલિકાની કચેરીમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. મેયર ગેરહાજર હોવાથી વિરોધ પક્ષે તેમની કચેરીના દ્વારને નિશાન બનાવ્યું હતું. મેયરની ચેમ્બરના દરવાજે આવેદનપત્ર ચોંટાડવામાં આવ્યું હતું, જેમાં ભ્રષ્ટાચારને કારણે શહેરની કથળી ગયેલી હાલતનો ઉલ્લેખ હતો. આ સાથે, એક પ્રતિકાત્મક સંદેશ આપતા, ડુપ્લીકેટ રૂ. ૨,૦૦૦ની ચલણી નોટોનું તોરણ મેયરની ચેમ્બરના દ્વાર પર લગાવવામાં આવ્યું હતું, અને એમ દર્શાવવામાં આવ્યું હતું કે જો પૈસાના જોરે કામ થતા હોય તો વિરોધ પક્ષ પણ ભ્રષ્ટાચાર રૂપી નોટો આપવા તૈયાર છે, જેથી જામનગર શહેરને ગુલાબી બનાવી શકાય. આ ઉપરાંત, ખરાબ રસ્તાઓ અને ગંદકીના ફોટા પણ મેયર ચેમ્બરના દરવાજા પર ચોંટાડી વાસ્તવિકતા દર્શાવવામાં આવી હતી.

હાજર ચેરમેનને આવેદનપત્રની એક નકલ આપવામાં આવી હતી અને સાથે જ ડુપ્લીકેટ રૂ. ૨,૦૦૦ની ચલણી નોટો ટેબલ પર પાથરી હતી. આ પ્રતિકાત્મક રીતે તેઓએ જણાવ્યું કે, જામનગરને ગંદકીના સામ્રાજ્યમાંથી મુક્ત કરાવી આપવા અમે પણ ભ્રષ્ટાચારની રકમ આપવા તૈયાર છીએ. કોંગ્રેસના આ નવતર અને આક્રમક વિરોધ પ્રદર્શને મહાનગરપાલિકાના વર્તુળોમાં ભારે હલચલ મચાવી દીધી હતી. ■



રાજકોટના નૂરાનીપરાંમાં વેપારીઓ સાથે લુખ્ખાગીરી કરનાર ફીઓઝ અને નાસિરના ગેરકાયદે મકાન પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું..(પ્રવિણ સેદાણી, રાજકોટ)

# વિસાવદરની હારબાદ ભાજપે આપના નેતા ઉપર ખોટા કેસ કરવાનું શરૂ કર્યું: ઈસુદાન ગઢવી

અમદાવાદ: આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ મહામંત્રી સાગર રબારી, સૌરાષ્ટ્રના પ્રદેશ સંગઠન મંત્રી અજિત લોખીલ અને શહેર પ્રમુખ દિનેશ જોષી દ્વારા રાજકોટમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈસુદાન ગઢવીએ કહ્યું કે, ભાજપે વિસાવદરની ચૂંટણીમાં તમામ મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો, મુખ્યમંત્રી, વોર્ડ, પ્રમુખ, તાલુકા, જિલ્લાના સભ્યો સહિત તમામ લોકોને મેદાને ઉતાર્યા હતા તેમ છતાં પણ આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલીયાને પ્રજાએ પ્રચંડ બહુમતીથી જીત આપી હતી.

આમ આદમી પાર્ટીની જીત થયા બાદ ભાજપે પાર્ટીના નેતા ઉપર ખોટા કેસો કરવાનું શરૂ કર્યું છે. આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સંકલનની મિટિંગમાં ગયા હતા ત્યાં તેમણે મનરેગામાં થયેલા ૨૦૦૦ કરોડથી વધુના કૌભાંડ સહિત બીજા અને કૌભાંડ ઉપર સવાલો ઉઠાવ્યા હતા. ભાજપના લોકોએ અને કેટલાક એવા લોકોએ પણ જે મિટિંગમાં અપેક્ષિત પણ ન હતા તે લોકોએ ધારાસભ્ય ચૈતર વસાવા સાથે હાથાપાઈ કરી. ત્યારબાદ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા પોતે ફરિયાદ લખીને પોલીસ સ્ટેશને આપવા પહોંચ્યા હતા. જ્યાં ફરિયાદ લેવાની જગ્યાએ પોલીસ ભાજપના ઈશારા પર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા પર જ ખોટી ફરિયાદ દાખલ કરીને તેમની ધરપકડ કરી હતી.

પોલીસ બંધારણનું અને પોતે લીધેલી શપથનું પાલન કરી રહી નથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ખુલ્લેઆમ લોકતંત્રની હત્યા થઈ રહી છે. ભાજપે આ કામ કર્યું છે તેનું મુખ્ય કારણ છે કે ભાજપ આદિવાસી સમાજ વિરોધી માનસિકતા ધરાવે છે. ભાજપ ઇચ્છતું નથી કે આદિવાસી સમાજનો કોઈપણ યુવાન આદિવાસી સમાજનો અવાજ બને. ■

# અમરેલીમાં ચાર માસના દીપડાના બચ્ચાનો મૃતદેહ મળતાં ચકચાર

અમદાવાદ: અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓના રોડ અકસ્માતની વધુ એક ઘટના બની હતી. ખાંભા-ડેડાણ રોડ પર વનવિભાગને પેટ્રોલિંગ દરમિયાન ૩થી ૪ માસના દીપડાના બચ્ચાનો મૃતદેહ મળી આવ્યો હતો. વનવિભાગની ટીમે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે આંબરડી સફારી પાર્કમાં ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, અજાણ્યા વાહનની હડફેટે આવવાથી દીપડાના બચ્ચાને ગંભીર ઈજાઓ થઈ હતી. વનવિભાગ હાલ ડેડાણ આસપાસના વિસ્તારમાં વાહન ચાલકની શોધખોળ શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં આ પ્રકારની આ પહેલી ઘટના નથી. અગાઉ પણ ડેડાણ નજીક એક દીપડાનું વાહન અકસ્માતમાં મોત થયું હતું. સિંહ અને દીપડાની વધતી સંખ્યાને કારણે આ પ્રાણીઓ વારંવાર રોડ ક્રોસ કરતા જોવા મળે છે. ■